नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नमः

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नमः

આગમીય

# કલ્પ(બારસા)સૂત્ર

ગુજરાતી અનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિદીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]



'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ–૪૬

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# કલ્પ(બારસા)સૂત્ર

## ગુજરાતી અનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી– ૨૦૭૬, ચૈત્ર સુદ–૬

**અનુવાદક અને સંપાદક**

**આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી**

[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડૉ૦ દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397

Web address:- (1) www.jainelibrary.org, (2) Deepratnasagar.in

–: ટાઈપ સેટિંગ :–

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

–: પ્રિન્ટર્સ :–

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ૪૫ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | | --- | --------------- | ----- |
| | | | | | | |
| | | | | | | |

# કલ્પ(બારસા)સૂત્ર

## ગુજરાતી અનુવાદ

ક્યાં શું જોશો ?


| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | વ્યાખ્યાન- ૧ | ૦૦૬ | ૬ | વ્યાખ્યાન- ૬ | ૦૪૮ |
| ૨ | વ્યાખ્યાન- ૨ | ૦૧૩ | ૭ | વ્યાખ્યાન- ૭ | ૦૫૬ |
| ૩ | વ્યાખ્યાન- ૩ | ૦૨૨ | ૮ | વ્યાખ્યાન- ૮ | ૦૭૧ |
| ૪ | વ્યાખ્યાન- ૪ | ૦૩૩ | ૯ | વ્યાખ્યાન- ૯ | ૦૮૦ |
| ૫ | વ્યાખ્યાન- ૫ | ૦૪૦ | | | |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય-સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | **मूल आगम साहित्य:-** | 147 | 5 | **आगम अनुक्रम साहित्य:-** | **09** |
| | **-1- आगमसुत्ताणि-मूलं** print | [49] | | -1- આગમ વિષયાનુક્રમ- (મૂળ) | **02** |
| | **-2- आगमसुत्ताणि-मूलं** Net | [45] | | -2- **आगम विषयानुक्रम (सटीकं)** | **04** |
| | **-3- आगममञ्जूषा (मूल प्रत)** | [53] | | -3- **आगम सूत्र-गाथा अनुक्रम** | **03** |
| 2 | **आगम अनुवाद साहित्य:-** | 165 | 6 | **आगम अन्य साहित्य:-** | 10 |
| | **-1-** આગમસૂત્ર ગુજરાતી અનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | **06** |
| | -2- **आगमसूत्र हिन्दी अनुवाद** Net | [47] | | -2- **आगम संबंधी साहित्य** | **02** |
| | -3- AagamSootra English Trans. | [11] | | **-3- ऋषिभाषित सूत्राणि** | **01** |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી અનુવાદ | [48] | | **-4- आगमिय सूक्तावली** | **01** |
| | **-5- आगमसूत्र हिन्दी अनुवाद** print | [12] | | **आगम साहित्य- कुल पुस्तक** | **518** |
| 3 | **आगम विवेचन साहित्य:-** | **171** | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | -1- **आगमसूत्र सटीकं** | [46] | 1 | તત્વાભ્યાસ સાહિત્ય- | **13** |
| | -2- **आगम मूलं एवं वृत्ति -1** | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય- | **06** |
| | -3- **आगम मूलं एवं वृत्ति -2** | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય- | **05** |
| | -4- **आगम चूर्णि साहित्य** | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય- | **04** |
| | -5- **सवृत्तिक आगमसूत्राणि**-1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય- | **09** |
| | -6- **सवृत्तिक आगमसूत्राणि**-2 | [08] | 6 | વિધિ સાહિત્ય- | **04** |
| | -7- **सचूर्णिक आगमसुत्ताणि** | [08] | 7 | આરાધના સાહિત્ય | **03** |
| 4 | **आगम कोष साहित्य:-** | **16** | 8 | પરિચય સાહિત્ય- | **04** |
| | -1- **आगम सद्दकोसो** | [04] | 9 | પૂજન સાહિત્ય- | **02** |
| | -2- **आगम कहाकोसो** | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | **25** |
| | -3- **आगम-सागर-कोष:** | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય- | 05 |
| | -4- **आगमशब्दादिसंग्रह** (प्रा-सं-गु) | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | **05** |
| | **-5- आगम बृहत् नाम कोष:** | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ પુસ્તક | 85 |
| | | | | | |

**1-**આગમ સાહિત્ય (કુલ પુસ્તક) **518**

2–આગમેતર સાહિત્ય (કુલ પુસ્તક) **085**

દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય **603**

# કલ્પ(બારસા)સૂત્ર
## ગુજરાતી અનુવાદ

# પર્યુષણ મહાપર્વ (દિવસ-૪) વ્યાખ્યાન-૧

**पुरिम–चरिमाण कप्पो मंगलं वद्धमाण तित्थम्मि ।**
**इह परिकहिआ जिण-गण-हराइ थेरावली चरित्तं ।।**

**નમો અરિહંતાણં**
**નમો સિદ્ધાણં**
**નમો આયરિયાણં**
**નમો ઉવજ્ઝાયાણં**
**નમો લોએ સવ્વસાહૂણં**
**એસો પંચ નમુક્કારો**
**સવ્વ પાવપ્પણાસણો**
**મંગલાણં ચ સવ્વેસિં**
**પઢમં હવઈ મંગલં**

[સૂત્ર–૧]

તે કાળે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના જીવનની પાંચ ઘટના હસ્તોત્તર (ઉત્તર ફાલ્ગુની) નક્ષત્રમાં થઈ.

૧. હસ્તોત્તર નક્ષત્રમાં ભગવાન સ્વર્ગથી ચ્યવીને ગર્ભમાં આવ્યા.

૨. હસ્તોત્તર નક્ષત્રમાં ભગવાનને એક ગર્ભથી બીજા ગર્ભમાં સંહરણ કરવામાં આવ્યા.

૩. હસ્તોત્તર નક્ષત્રમાં ભગવાન જન્મ્યા.

૪. હસ્તોત્તર નક્ષત્રમાં ભગવાને મુંડિત થઈને, ગૃહત્યાગ કરીને અનગારત્વનો (દીક્ષાનો) સ્વીકાર કર્યો.

૫. હસ્તોત્તર નક્ષત્રમાં ભગવાનને અનંત, અનુત્તર, અવ્યાબાધ, નિરાવરણ, સમગ્ર અને પરિપૂર્ણ શ્રેષ્ઠ કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થયું તથા

૬. સ્વાતિ નક્ષત્રમાં ભગવાન પરિનિર્વાણને પ્રાપ્ત થયા.

[સૂત્ર–૨]

તે કાળે, તે સમયે શ્રમણ ભગવાન મહાવીર ગ્રીષ્મકાળના ચોથા મહિને અને આઠમા પક્ષે અર્થાત્ અષાઢ સુદ–૬ ના દિવસે મહાવિજય પુષ્પોત્તર પ્રવર પુંડરીક નામના મહાવિમાનમાંથી કે જ્યાં વીસ સાગરોપમની ઉત્કૃષ્ટ આયુ સ્થિતિ છે ત્યાંથી પોતાના આયુષ્ય, ભવ અને સ્થિતિનો ક્ષય થતા ચ્યવીને

આ જંબૂદ્વીપના દક્ષિણાર્ધ ભરતમાં, આ અવસર્પિણી કાળમાં કે જ્યારે સુષમસુષમ, સુષમ, સુષમદુષમ નામના આરા પસાર થઈ ચૂક્યા હતા અને દુષમ–સુષમ નામનો ચોથો આરો પણ ઘણો ખરો પસાર થઈ ગયો હતો, અર્થાત્ એક ક્રોડાક્રોડ સાગરોપમમાં બેંતાલીસ હજાર વર્ષ ઓછા પ્રમાણવાળા દુષમ–સુષમ નામના આરાનો ઘણો ભાગ વીતી ગયો હતો, માત્ર પંચોતેર વર્ષને સાડા આઠ માસ શેષ રહ્યા હતા.

ત્યારે પૂર્વે ઇક્ષ્વાકુ કુળમાં જન્મ ગ્રહણ કરેલા અને કાશ્યપ ગોત્રીય એકવીસ તીર્થંકર થઈ ગયા હતા અને હરિવંશ કુળમાં જન્મ પામેલા ગૌતમ ગોત્રવાળા બે તીર્થંકર પણ થઈ ચૂક્યા એટલે કે આ રીતે ત્રેવીસ તીર્થંકર થઈ ગયા પછી 'શ્રમણ ભગવાન મહાવીર અંતિમ તીર્થંકર થશે'

આ રીતે પૂર્વ તીર્થંકરો દ્વારા નિર્દિષ્ટ ભગવાન મહાવીર બ્રાહ્મણકુંડ ગ્રામ નામના નગરમાં કોડાલ ગોત્રીય ઋષભદત્ત નામના બ્રાહ્મણ, તેની પત્ની જાલંધરગોત્રીયા દેવાનંદા બ્રાહ્મણી તેની કુક્ષિમાં અર્ધરાત્રિના સમયે, હસ્તોત્તરા (ઉત્તરાફાલ્ગુની) નક્ષત્ર સાથે ચંદ્રમાનો યોગ હતો ત્યારે દેવસંબંધી આહાર, ભવ અને શરીરનો ત્યાગ કરીને ગર્ભરૂપે ઉત્પન્ન થયા.

[સૂત્ર–૩]

શ્રમણ ભગવાન મહાવીર ત્રણ જ્ઞાન (મતિ, શ્રુત અને અવધિ)થી યુક્ત હતા. હું દેવભવમાંથી ચ્યવીશ' એમ તેઓ જાણતા હતા. વર્તમાનમાં ચ્યુવુ છું તેમ જાણતા ન હતા. પરંતુ 'દેવભવથી ચ્યવી ગયો છું.' એમ જાણતા હતા.

[સૂત્ર–૪]

જે રાત્રે શ્રમણ ભગવાન મહાવીર જાલંધર ગોત્રીયા દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં ગર્ભરૂપે અવતર્યા, તે રાત્રે દેવાનંદા બ્રાહ્મણી તેની શય્યામાં અર્ધનિદ્રાવસ્થામાં હતી. તે સમયે તેણે ઉદાર, કલ્યાણકારી, શિવ, ધન્ય અને મંગળરૂપ તથા શોભાયુક્ત ચૌદ સ્વપ્નો જોયા અને જોઈને જાગી.

[સૂત્ર–૫]

તે ચૌદ મહાસ્વપ્નોના નામ આ પ્રમાણે છે –

(૧) હાથી, (૨) વૃષભ, (૩) સિંહ, (૪) અભિષેક કરાતા લક્ષ્મી દેવી, (૫) ફૂલની માળા, (૬) ચંદ્ર, (૭) સૂર્ય, (૮) ધજા, (૯) કુંભ, (૧૦) પદ્મ સરોવર, (૧૧) સાગર, (૧૨) દેવ વિમાન અથવા ભવન, (૧૩) રત્નરાશિ, (૧૪) ધૂમાડા વગરનો અગ્નિ.

[સૂત્ર–૬]

તે સમયે દેવાનંદા બ્રાહ્મણી આવા પ્રકારના ઉદાર, કલ્યાણ, શિવ, ધન્ય, મંગળ અને શ્રીયુક્ત ચૌદ મહા–સ્વપ્નોને જોઈને જાગૃત થઈ, હર્ષિત અને સંતુષ્ટ થઈ અને તેણીનું મન આનંદિત અને પ્રીતિવાળુ થયું. પરમ સુંદર મનવાળી થઈ. તેનું હૃદય હર્ષથી પ્રફુલ્લિત થઈ ગયું. જેમ કદમ્બનું ફૂલ મેઘની ધારાઓથી ખીલી ઊઠે છે, તેના કાંટા ઊભાથઈજાય છે તે જ રીતે દેવાનંદાના રોમેરોમ ઊભા થઈ ગયા.

સ્વપ્નનું સ્મરણ કરે છે, સ્વપ્નાઓનું સ્મરણ કરીને તે પોતાની શય્યામાંથી ઊઠી અને ત્વરા વિનાની, ચપલતા વિનાની, ભય વિનાની, રાજહંસ જેવી ગતિએ ચાલતી, જ્યાં ઋષભદત્ત બ્રાહ્મણ છે ત્યાં આવે છે.

ત્યાં આવીને ઋષભદત્ત બ્રાહ્મણનો 'જય થાઓ, વિજય થાઓ' એવા શબ્દો વડે વધાવે છે પછી ભદ્રાસને બેસીને જરા શાંત અને સ્વસ્થ થઈને બંને હાથ જોડી મસ્તકે અંજલી જોડી આ પ્રમાણે બોલી, '

હે દેવાનુપ્રિય ! હું આજે અર્ધનિદ્રિત અવસ્થામાં શય્યામાં સૂતી હતી ત્યારે આવા પ્રકારના ઉદાર અને શોભાયુક્ત ચૌદ મહાસ્વપ્નો જોઈને હું જાગી ગઈ. તે સ્વપ્નો આ પ્રમાણે છે – હાથીથી લઈ નિર્ધૂમ અગ્નિ સુધી. હે દેવાનુપ્રિય! તેવા ઉદાત્ત યાવત્ ચૌદ મહા સ્વપ્નોનું વિશેષ કલ્યાણકારી શું ફળ મને મળશે તે કહો."

[સૂત્ર–૭]

ત્યારપછી તે ઋષભદત્ત બ્રાહ્મણ દેવાનંદા બ્રાહ્મણીની પાસેથી આ વાત સાંભળીને

અને હ્રદયમાં ધારણ કરીને હર્ષિત તથા સંતુષ્ટ થયા અને અત્યંત આહ્લાદ ભાવને પામ્યા.

જેવી રીતે મેઘધારાથી સીંચાયેલ કદમ્બ પુષ્પ ખીલી ઊઠે છે તેવી જ રીતે તેને રોમાંચ ઉત્પન્ન થયો, તે સ્વપ્નોનું અવધારણ કરી તેના ફળના અનુસંધાનમાં વિચાર કરવા લાગ્યા. વિચારીને પોતાના સ્વાભાવિક વિચક્ષણ મનનયુક્ત બુદ્ધિવિજ્ઞાનથી તે સ્વપ્નોના અર્થ અવધારણ કરે છે. અર્થ નિશ્ચય કરીને દેવાનંદા બ્રાહ્મણીને આ પ્રમાણે કહે છે.

[સૂત્ર–૮]

હે દેવાનુપ્રિયા ! ખરેખર જ ઉદાર (વિશિષ્ટ) સ્વપ્ના જોયા છે. કલ્યાણકારી, શિવરૂપ, ધન્ય અને મંગલ રૂપ સ્વપ્ન જોયેલ છે, તમે આરોગ્યવર્ધક, દીર્ઘાયુ આપનાર, કલ્યાણ કરનાર, મંગળ કરનાર એવા સ્વપ્ના જોયા છે.

હે દેવાનુપ્રિયા ! આ સ્વપ્નોનું વિશેષ ફળ એ છે કે તમને અર્થલાભ, ભોગલાભ, પુત્રલાભ અને સુખલાભ થશે.

હે દેવાનુપ્રિયા ! અવશ્યમેવ તમે નવ માસ સાડાસાત રાત્રિ દિવસ પસાર થતા જ પુત્રરત્નને જન્મ આપશો,

તે પુત્ર હાથપગથી ઘણો જ સુકોમળ, પાંચે ઈન્દ્રિયોથી પરિપૂર્ણ શરીરવાળો હશે. શુભ લક્ષણો, શુભ ચિહ્નો અને શ્રેષ્ઠ ગુણવાળો થશે, માન, ઉન્માન અને પ્રમાણથી યુક્ત, સર્વાંગ સુંદર ચંદ્રની જેમ સૌમ્ય, કાંત, પ્રિય દેવકુમાર સદૃશ થશે.

[સૂત્ર–૯]

તે બાળક બાળભાવથી ઉન્મુક્ત થતા, તે સઘળા વિજ્ઞાનની પરિણતિવાળો થતા યૌવનવયને પ્રાપ્ત કરશે ત્યારે

તે સાંગોપાંગ તથા રહસ્યયુક્ત ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ તથા અથર્વવેદનું તેમજ પાંચમો (વેદ) ઈતિહાસ તથા છઠ્ઠા નિઘંટુ (શબ્દકોષ)નો જ્ઞાતા થશે.

ચારે વેદોના વિસ્મૃત વિષયને સ્મરણ કરનાર, ચારેય વેદોના રહસ્યોનો પારગામી તથા ચારે વેદોનો ધારક થશે. છ અંગનો જ્ઞાતા, ષષ્ટિતંત્રમાં વિશારદ, સાંખ્ય, ગણિત, શિક્ષાકલ્પ, વ્યાકરણ, છંદ, વ્યુત્પત્તિ શાસ્ત્ર, જ્યોતિષ્ચક્ર અને અનેક બ્રાહ્મણ સંબંધી અને પરિવ્રાજક શાસ્ત્રોમાં નિષ્ણાત થશે.

[સૂત્ર–૧૦]

આ કારણથી હે દેવાનુપ્રિયા ! તમે ઉદાર સ્વપ્ન જોયા છે યાવત્ આરોગ્યવર્ધક, સંતોષ પ્રદાતા, મંગળ અને કલ્યાણકારક સ્વપ્નો તમે જોયેલા છે.

[સૂત્ર-૧૧]

ત્યારપછી તે દેવાનંદા બ્રાહ્મણી ઋષભદત્ત બ્રાહ્મણ પાસેથી સ્વપ્નાના ફળ સાંભળીને અને સમજીને ખૂબ હર્ષિત થઈ, હૃષ્ટતુષ્ટ બનીને બે હાથ ભેગા કરી દશ આંગળીને જોડીને, મસ્તકે આવર્ત કરીને તથા મસ્તકે અંજલિ કરીને ઋષભદત્ત બ્રાહ્મણને આ પ્રમાણે કહે છે –

[સૂત્ર-૧૨]

હે દેવાનુપ્રિય ! આપે જે સ્વપ્નોનો અર્થ પ્રતિપાદન કરેલ છે તે સર્વથા સત્ય છે. અવિતથ્ય (સાચો) છે, અસંદિગ્ધ છે, ઈચ્છિત (ઈચ્છવા યોગ્ય) છે, પ્રતીચ્છિત છે. ઈચ્છિત અને પ્રતિચ્છિત છે.

હે દેવાનુપ્રિય ! તે અર્થ સત્ય છે કે જે આપ કહો છો, તે સ્વપ્નોના ફળને સારી રીતે સ્વીકારે છે, સ્વીકારીને પછી દેવાનંદા ઋષભદત્ત બ્રાહ્મણની સાથે માનવ સંબંધી શ્રેષ્ઠ સુખોનો ઉપભોગ કરતી વિચરવા લાગી.

[સૂત્ર-૧૩]

તે કાળે તે સમયે શક્ર, દેવેન્દ્ર, દેવરાજ, વજ્રપાણી પુરંદર શતક્રતુ, સહસ્રાક્ષ, મધવાન, પાકશાસન, દક્ષિણાર્ધ લોકાધિપતિ, બત્રીસ લાખ વિમાનોનો સ્વામી, ઐરાવત નામના હાથી ઉપર બેસનાર સુરેન્દ્ર રજરહિત શ્રેષ્ઠ ઉત્તમ વસ્ત્રોને ધારણ કરનાર, માળા અને મુગટથી સુશોભિત શરીરવાળા અને જેના કોમળ કપાળ નવા જ ઘડાયેલા સુંદર ચંચળ ચિત્ર-વિચિત્ર અને ચલાયમાન સ્વર્ણમય કુંડલ યુગલની પ્રભાથી પ્રદીપ્ત છે, જે વિરાટ ઋદ્ધિ અને દ્યુતિને ધારણ કરનાર છે, મહાબળવાન અને મહાયશસ્વી છે, જેના ગળામાં લટકતી એવી સુંદર વનમાળા છે, જે સૌધર્મ દેવલોક ના સૌધર્માવતંસક વિમાનની સુધર્માસભામાં શક્ર નામના સિંહાસન પર બેઠા છે.

[સૂત્ર-૧૪]

તે ઈન્દ્ર બત્રીસ લાખ વિમાનોનું, ચોર્યાસી હજાર સામાનિક (ઈન્દ્રતુલ્ય ઋદ્ધિવાળા) દેવોનું, તેંત્રીશ ત્રાયસ્ત્રિંશક દેવ (મંત્રીતુલ્ય એવા ત્રાયસ્ત્રિંશક દેવોને ઈન્દ્રના પૂજ્ય સ્થાનીય દેવ પણ કહેવામાં આવે છે.) (સોમ, યમ, વરૂણ, કુબેર) ચાર લોકપાળના પરિવાર સહિત આઠ અગ્રમહિષીઓનું (પદ્મા, શિવા, શચી, અંજુ, અમલા, અપ્સરા, નવમિકા, રોહિણી) (બાહ્ય, મધ્યમ અને આભ્યંતર) ત્રણ પરીષદોનું સાત સૈન્ય (ગંધર્વ નાટ, અશ્વ, ગજ, રથ, સુભટ-પાયદળ અને વૃષભ) સાત સેનાપતિઓ, ત્રણ લાખ છત્રીસ હજાર અંગરક્ષક દેવો અને સૌધર્મ દેવલોકમાં રહેલા અન્ય અનેક દેવ-દેવીઓનું આધિપત્ય કરતા રહેતા હતા.

તે બધાના અગ્રેસર હતા. સ્વામીની માફક તે પ્રજાનું પાલનપોષણ કરતા હતા અને ગુરુ સમાન મહાઆદરપાત્ર હતા. બધા દેવોની ઉપર પોતે નિયુક્ત કરેલા દેવોએ આપેલા આદેશને પ્રદર્શિત કરનારા હતા. તે નિરંતર ઉચ્ચ પ્રકારનું સંગીત, મધુર વીણા, કરતાલ, અન્ય વાજિંત્ર, મેઘ ગંભીર રવ (અવાજ) કરનારા, મૃદંગ, શ્રેષ્ઠ ધ્વનિ ઉત્પન્ન કરનારા પડઘમ, આ બધા દિવ્ય ભોગોપભોગ ભોગવતો આનંદથી રહે છે.

[સૂત્ર–૧૫]

તે ઈન્દ્ર પોતાના વિપુલ અવધિજ્ઞાનથી સંપૂર્ણ જંબૂદ્વીપને જોતો જોતો રહેલો છે.

તે સમયે તે શ્રમણ ભગવાન મહાવીરને જંબૂદ્વીપની અંદર ભારતવર્ષના દક્ષિણાર્ધ ભરતના બ્રાહ્મણકુંડ–નગરમાં કોડાલ ગોત્રીય, ઋષભદત્ત બ્રાહ્મણની ભાર્યા જાલંધર ગોત્રીયા દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં ગર્ભરૂપે ઉત્પન્ન થયેલા જુએ છે.

જોઈને તેનું હૃદય હૃષ્ટ, તુષ્ટ, આનંદિત, પરમાનંદિત અને પ્રીતિવાળું બની જાય છે. પરમ સૌમનસ્યિક બને છે, હર્ષથી તેનું હૃદય પ્રફુલ્લિત થઈ જાય છે. મેઘધારાથી સિંચિત કદમ્બ વૃક્ષના સુગંધયુક્ત વિકસિત કુસુમોની માફક રોમાંચિત બની જાય છે. ખીલેલા ઉત્તમ કમળની જેમ નેત્ર તથા મુખ ખીલી ઊઠે છે. શ્રેષ્ઠ કડા, પહોંચી, કેયુર (બાજુબંધ) મુગટ કુંડળ, તથા હારથી સુશોભિત વક્ષઃસ્થળવાળા, લાંબા, લટકતા વારંવાર ડોલતા એવા આભૂષણો ધારણ કરેલા એવા સુરેન્દ્ર સંભ્રમ સહિત ત્વરાથી અને ચપળતાથી સિંહાસનથી ઊઠીને ઊભા થયા. ઊભા થઈને પાદપીઠથી નીચે ઊતર્યા.

નીચે ઊતરીને ઉત્તમ વૈડૂર્ય વરિષ્ઠ, રિષ્ટ, અંજન વિગેરે રત્નોથી યુક્ત, જાણે કુશળ કારીગરોથી નિર્મિત હોય એવા ચમક–દમકવાળા મણિ અને મોતીઓથી મંડિત, પાદુકા ઉતારી. ઉતારીને દુપટ્ટાથી ઉત્તરાસંગ કરે છે, કરીને અંજલિથી બીડાયેલા અગ્ર હાથવાળા તે ઈન્દ્ર તીર્થંકર સન્મુખ સાત–આઠ કદમ ચાલે છે, ચાલીને ડાબો ઘૂંટણ જમીન ઉપર સ્થાપે છે, સ્થાપીને જમણો પગ ભૂમિ ઉપર સીધો રાખીને ત્રણ વાર મસ્તકને પૃથ્વી ઉપર લગાડી કંઈક નમે છે, નમીને કડા અને ત્રુટિતથી યુક્ત ભૂજાને સંકોચે છે. બંને ભૂજાઓને સંકોચીને બે હાથ જોડીને દસેય નખ જોડાયેલા રહે એ રીતે ભેગા કરીને મસ્તકે આવર્ત કરીને માથે અંજલિ જોડીને તેઓ આ પ્રમાણે બોલ્યા –

[સૂત્ર–૧૬/૧]

અરિહંત ભગવાનને નમસ્કાર થાઓ. (અરિહંત ભગવાન કેવા છે ?) ધર્મની આદિ કરનારા, ધર્મ–તીર્થની સ્થાપના કરનારા, પોતે પોતાની જ મેળે સમ્યક્ બોધને પામનારા,

પુરુષોમાં શ્રેષ્ઠ, પુરુષોમાં સિંહ સમાન, પુરુષોમાં શ્રેષ્ઠ શ્વેત કમળ સમાન, પુરુષોમાં શ્રેષ્ઠ ગંધહસ્તી સમાન, લોકમાં ઉત્તમ, લોકના નાથ, લોકના હિતકર્તા, લોકમાં દીપક સમાન, લોકમાં ઉદ્યોત કરનારા, અભયદાન આપનારા, જ્ઞાનરૂપી નેત્ર દેનારા, મોક્ષમાર્ગના ઉપદેશક, શરણ આપનારા, સંયમ જીવન આપનારા, સમ્યક્ત્વ રૂપી બોધ દેનારા, ધર્મના ઉપદેશક, ધર્મના નેતા, ધર્મરથના સારથી છે.

**पुरिम–चरिमाण कप्पो मंगलं वद्धमाण तित्थम्मि ।**
**इह परिकहिआ जिण-गण-हराइ थेरावली चरित्तं ।।**

* * *

# પર્યુષણ મહાપર્વ (દિવસ-૪) વ્યાખ્યાન-૨

**पुरिम–चरिमाण कप्पो मंगलं वद्धमाण तित्थम्मि ।**
**इह परिकहिआ जिण-गण-हराइ थेरावली चरित्तं ।।**

[સૂત્ર–૧૬/૨]

ચાર ગતિનો અંત કરનાર એવા શ્રેષ્ઠ ધર્મના ચક્રવર્તી છે.

ભવસાગરમાં દ્વીપ સમાન, રક્ષણ કરનાર, શરણરૂપ, આશ્રયરૂપ અને આધારરૂપ છે. અખંડ અનુપમ એવા શ્રેષ્ઠ જ્ઞાન–દર્શનના ધારણ કરનારા, પ્રમાદથી રહિત, સ્વયં રાગદ્વેષને જીતનારા, બીજાને જીતાડનારા, પોતે સંસાર સાગરથી તરી જનારા અને બીજાને તારનારા છે. પોતે બોધને પામેલા અને બીજાને બોધ આપનારા છે. પોતે કર્મથી મુક્ત છે અને બીજાને કર્મથી મુક્ત કરાવનાર છે. સર્વજ્ઞ, સર્વદર્શી છે તથા શિવરૂપ (મંગળમય), અચળ–સ્થિર, અરજ–રોગરહિત, અનંત –અંતરહિત, અક્ષય–ક્ષયરહિત, અવ્યબાધ–બાધા પીડા રહિત, અપુનરાવૃત્તિ–જ્યાંથી ફરી પાછા ફરવું નથી એવા સિદ્ધ–ગતિ નામના સ્થાનને જેઓ પામી ગયા છે એવા ભયને જીતનારા, રાગદ્વેષને જીતનારા એવા ભગવાનને મારા નમસ્કાર થાઓ.

નમસ્કાર થાઓ શ્રમણ ભગવાન મહાવીરને કે જેઓ ધર્મની આદિ કરનારા છે, ચરમ તીર્થંકર છે. પૂર્વ તીર્થંકરોએ બતાવેલા અને અપુનરાવૃત્તિ–સિદ્ધિ–ગતિને પામવાની અભિલાષાવાળા છે. અહીં (સ્વર્ગમાં) રહેલો હું ત્યાં (દેવાનંદાના) ગર્ભમાં રહેલા ભગવાનને વંદન કરું છું. ત્યાં રહેલા ભગવાન અહીં રહેલા મને જુઓ આ પ્રમાણે ભાવના ભાવીને દેવરાજ દેવેન્દ્ર શ્રમણ ભગવાન મહાવીરને વંદન અને નમન કરે છે. વંદન તથા નમસ્કાર કરીને પોતાના શ્રેષ્ઠ સિંહાસન ઉપર પૂર્વ દિશા તરફ મુખ કરીને બેસે છે.

[સૂત્ર–૧૭]

તે પછી તે શક્ર, દેવેન્દ્ર દેવરાજને આવા પ્રકારનો અધ્યવસાય ચિંતન તથા અભિલાષારૂપે મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે આવું પહેલાં ક્યારેય થયું નથી, વર્તમાનમાં થતું નથી તેમ ભવિષ્યમાં થશે નહીં કે અરિહંતો, (તીર્થંકરો) ચક્રવર્તીઓ, બળદેવો, વાસુદેવો, અંત્યકુળમાં, પ્રાંતકુળમાં, અધમકુળમાં, તુચ્છકુળમાં, દરિદ્રકુળમાં, કૃપણ–કુળમાં, ભિક્ષુક–કુળમાં અથવા બ્રાહ્મણકુળમાં જન્મ્યા હોય, જન્મતા હોય અથવા જન્મે.

આ પ્રમાણે ખરેખર અરિહંતો, ચક્રવર્તીઓ, બળદેવો, વાસુદેવો, ઉગ્રકુળમાં, ભોગકુળમાં, રાજન્યકુળમાં, ઇક્ષ્વાકુ કુળમાં, ક્ષત્રિયકુળમાં, હરિવંશકુળમાં, તથા તેવા પ્રકારના બીજા પણ ઉત્તમ જાતિ અને કુળવાળા વંશોમાં જન્મ્યા હતા, જન્મે છે અને જન્મશે.

[સૂત્ર–૧૮]

પરંતુ લોકમાં આવા પ્રકારે આશ્ચર્યકારી બનાવો પણ અનંત અવસર્પિણી ઉત્સર્પિણી વીતી ગયા પછી થાય છે. જ્યારે અરિહંત ભગવાન, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ તેવા પ્રકારના નામગોત્ર કર્મ ક્ષીણ ન થવાથી (સ્થિતિક્ષયના અભાવે) રસ વિપાક વડે કર્મ નહિ ભોગવવાને લીધે, કર્મોની નિર્જરા ન થવાથી તેમજ તેવા કર્મના ઉદયથી...

તેઓ અંત કુળમાં, પ્રાંત કુળમાં, તુચ્છ કુળમાં, દરિદ્ર કુળમાં, કૃપણ કુળમાં, ભિક્ષુક કુળમાં અતીતકાળમાં આવ્યા છે, વર્તમાનમાં આવે છે અને ભવિષ્યકાળમાં આવશે. કુક્ષિમાં ગર્ભરૂપે ભૂતકાળમાં ઉત્પન્ન થયા છે, વર્તમાનમાં થાય છે અને ભવિષ્યમાં પણ થશે. પરંતુ ભૂતકાળમાં પણ ત્યાં તેમણે જન્મ લીધો નથી, વર્તમાનમાં લેતા નથી તેમ ભવિષ્યમાં પણ જન્મ લેશે નહીં.

[સૂત્ર–૧૯]

શક્રેન્દ્ર વિચાર કરે છે તે શ્રમણ ભગવાન મહાવીર જંબૂદ્વીપ નામના દ્વીપમાં, ભરત ક્ષેત્રમાં બ્રાહ્મણકુંડ ગ્રામ નામના નગરમાં કોડાલગોત્રીય ઋષભદત્ત બ્રાહ્મણની પત્ની જાલંધર ગોત્રીયા દેવાનંદા બ્રાહ્મણીના ઉદરમાં ગર્ભરૂપે આવ્યા છે.

[સૂત્ર–૨૦]

ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળના દેવેન્દ્ર દેવરાજ શક્રેન્દ્રનો એવો જીતાચાર છે કે અરિહંત ભગવાનને, તેવા પ્રકારના અંતકુળ, પ્રાંતકુળ, તુચ્છકુળ, દરિદ્રકુળ, ભિક્ષુકકુળ, કૃપણકુળમાં આવ્યા હોય તો તેમને ત્યાંથી ઉપાડીને ઉગ્રકુળ, ભોગકુળ, રાજન્યકુળ, જ્ઞાતકુળ, ક્ષત્રિયકુળ, હરિવંશકુળ અને તે જાતના બીજા પણ વિશુદ્ધ જાતિ કુળ વંશોમાં સમ્યક્પણે (સંહરિત) લાવીને મૂકવા.

તેથી મારા માટે આ શ્રેયસ્કર છે કે ચરમ તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીરને કે જે પૂર્વ તીર્થંકરો દ્વારા નિર્દિષ્ટ છે, બ્રાહ્મણકુંડ ગ્રામ નગરથી–કોડાલ ગોત્રીય ઋષભદત્ત બ્રાહ્મણના પત્ની જાલંધર ગોત્રીયા દેવાનંદા બ્રાહ્મણીના ઉદરમાંથી ક્ષત્રિયકુંડ ગ્રામ નગરના જ્ઞાતવંશીય ક્ષત્રિયોમાંના કાશ્યપ–ગોત્રીય સિદ્ધાર્થક્ષત્રિયની ભાર્યા વાશિષ્ઠ ગોત્રીય ત્રિશલાક્ષત્રિયાણિના ઉદરમાં ગર્ભરૂપ પરિવર્તન કરવું અને જે ત્રિશલા ક્ષત્રિયાણિનો ગર્ભ છે તેને તે દેવાનંદા

બ્રાહ્મણીના ઉદરમાં ગર્ભરૂપે સ્થાપિત કરવો.

શક્રેન્દ્રએ આ વિચાર કર્યો અને વિચાર કરીને પાયદળ સેનાના અધિપતિ હરિણૈગમેષી દેવને બોલાવે છે. બોલાવીને તેને આ પ્રમાણે આદેશ કરે છે.

[સૂત્ર–૨૧]

હે દેવાનુપ્રિય ! નિશ્ચયથી આ પ્રમાણે ભૂતકાળમાં બન્યુ નથી, વર્તમાનમાં એવું બનતું નથી અને ભવિષ્યમાં એવું બનશે નહીં કે અરિહંતો, ચક્રવર્તીઓ, બળદેવો, વાસુદેવો, અંતકુળ, પ્રાંતકુળ, કૃપણકુળ, દરિદ્રકુળ, તુચ્છકુળ, ભિક્ષુક કુળ વગેરેમાં ભૂતકાળે આવ્યા હોય, વર્તમાને આવતા હોય અથવા ભવિષ્યમાં આવે.

નિશ્ચયથી અરિહંતો, ચક્રવર્તીઓ, બળદેવો, વાસુદેવો, ઉગ્રકુળમાં, ભોગકુળમાં, રાજન્યકુળમાં, જ્ઞાતકુળમાં, ક્ષત્રિયકુળમાં, ઇક્ષ્વાકુ કુળમાં, હરિવંશકુળમાં તથા એવા પ્રકારના વિશુદ્ધ કુળ વંશોમાં અતીતકાળમાં આવ્યા હતા, વર્તમાનમાં આવે છે અને ભવિષ્યમાં આવશે.

[સૂત્ર–૨૨]

પરંતુ આવો પણ ભાવ થયો છે કે જે લોકોમાં આશ્ચર્યભૂત છે. આવી ઘટના અનંત અવસર્પિણી, ઉત્સર્પિણી પસાર થતા ક્વચિત બને છે. જ્યારે નામગોત્ર કર્મ ક્ષીણ થતું નથી, તેનું પૂર્ણ વેદન થતું નથી, પૂર્ણ રીતે નિર્જરતુ નથી ત્યારે તે ઉદયમાં આવે છે તે વખતે અરિહંતો, ચક્રવર્તીઓ, બળદેવો, વાસુદેવો, અંત કુળમાં, પ્રાંત કુળમાં, ભિક્ષુક કુળમાં, ભૂતકાળમાં આવ્યા હતા, વર્તમાનમાં આવે છે અને ભવિષ્યમાં આવશે.

પરંતુ તેઓએ ત્યાં ભૂતકાળમાં જન્મ લીધો નથી, વર્તમાનાં લેતા નથી અને ભવિષ્યમાં જન્મ લેશે નહીં.

[સૂત્ર–૨૩]

પરંતુ આ શ્રમણ ભગવાન મહાવીર જંબૂદ્વીપ નામના દ્વીપના ભરતક્ષેત્રના બ્રાહ્મણકુંડ ગ્રામ નામના નગરમાં કોડાલગોત્રીય ઋષભદત્ત બ્રાહ્મણની પત્ની જાલંધર ગોત્રીયા દેવાનંદા બ્રાહ્મણીના ઉદરમાં ગર્ભપણે ઉત્પન્ન થયેલ છે.

[સૂત્ર–૨૪]

એટલે અતીતકાળના, વર્તમાનકાળના, ભવિષ્યકાળના દેવેન્દ્ર દેવરાજ શક્રેન્દ્રોનું આ કર્તવ્ય (કુળપરંપરા–કુળાચાર) છે કે તે અરિહંત ભગવંતને તેવા પ્રકારના અંતકુળ, પ્રાંતકુળ, તુચ્છકુળ, કૃપણકુળ, દરિદ્રકુળ, ભિક્ષુકકુળ અથવા તો બ્રાહ્મણ કુળોમાંથી ઉપાડી તેવા ઉગ્રકુળોમાં, ભોગકુળોમાં, રાજન્યકુળોમાં, જ્ઞાતૃવંશના કુળોમાં, ક્ષત્રિયવંશના કુળોમાં, ઇક્ષ્વાકુ

વંશના કુળોમાં, હરિવંશ અથવા તેવા પ્રકારના અન્ય પણ વિશુદ્ધ જાતિકુળ વાળા વંશોમાં સંહરણ કરી આપે છે.

[સૂત્ર–૨૫]

તેથી (હરિણૈગમેષીને આદેશ આપતા કહે છે કે –) હે દેવાનુપ્રિય ! તું જા અને શ્રમણ ભગવાન મહાવીરને બ્રાહ્મણકુંડ ગ્રામ નગરથી કોડાલગોત્રીય ઋષભદત્ત બ્રાહ્મણની પત્ની જાલંધર ગોત્રીયા દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાંથી ક્ષત્રિયકુંડ ગ્રામ નગરના જ્ઞાતવંશીય ક્ષત્રિયોના કાશ્યપ ગોત્રીય સિદ્ધાર્થ ક્ષત્રિયની વાશિષ્ઠ ગોત્રીયા ત્રિશલા ક્ષત્રિયાણિની કુક્ષિમાં ગર્ભરૂપે સંહરિત કર અને સંહરિત કરીને ફરી પાછી મારી આજ્ઞા મને અર્પિત કર અર્થાત્ મને સૂચિત કર.

[સૂત્ર–૨૬]

ત્યારબાદ પદાતિ સેનાના સેનાપતિ હરિણૈગમેષી દેવ દેવેન્દ્ર દેવરાજ શક્રેન્દ્રની આ આજ્ઞા સાંભળીને પ્રસન્ન થયા યાવત્ હર્ષિત હૃદયથી બન્ને હાથ ભેગા કરી અંજલિબદ્ધ થઈને 'દેવની જેવી આજ્ઞા' આ પ્રમાણે તે આજ્ઞા–વચનનો વિનયપૂર્વક સ્વીકાર કરે છે.

સ્વીકાર કરીને દેવેન્દ્ર દેવરાજ શક્રેન્દ્રની પાસેથી નીકળે છે, નીકળીને ઉત્તરપૂર્વ દિશા તરફ અર્થાત્ ઈશાન ખૂણામાં જાય છે. ત્યાં જઈને વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થાય છે. થઈને સંખ્યાત યોજન વિસ્તૃત લાંબા દંડાના આકારના પુદ્‌ગલોને બહાર કાઢે છે.

જેવા રત્નના, વજ્રના, વૈડૂર્યના, લોહીતાક્ષના, મસાર–ગલ્લના, હંસગર્ભના પુલકના, સૌગન્ધિકના જ્યોતિરસના અંજનના, અંજનપુલકના, રજતના, જાતરૂપના, સુભગના, અંકના, સ્ફટિકના અને અરિષ્ટ વગેરે બધી જાતના રત્નોના જેવા સ્થૂળ પુદ્‌ગલો કાઢે છે અને તેના બદલે સૂક્ષ્મ અને સારરૂપ પુદ્‌ગલોને ગ્રહણ કરે છે.

[સૂત્ર–૨૭]

આ રીતે તે (હરિણૈગમેષી) ફરીને બીજી વાર પણ વૈક્રિય સમુદ્‌ઘાત કરે છે. પોતાના મૂળ શરીરથી જૂદું બીજું ઉત્તરવૈક્રિય શરીર બનાવે છે. બનાવીને ઉત્કૃષ્ટ, ત્વરાયુક્ત, ચપળ, અત્યંત તીવ્ર ગતિવાળી, પ્રચંડ વેગવાળી, શીઘ્ર, દિવ્ય દેવગતિથી ચાલે છે. ચાલીને તિરછા અસંખ્ય દ્વીપસમુદ્રોના મધ્યમાં થઈને જ્યાં જંબૂદ્વીપ છે, જ્યાં ભરતક્ષેત્ર–ભારત વર્ષ છે, જ્યાં બ્રાહ્મણકુંડ ગ્રામ નગર છે, જ્યાં ઋષભદત્ત બ્રાહ્મણનું ઘર છે, જ્યાં દેવાનંદા બ્રાહ્મણી છે ત્યાં આવે છે.

ત્યાં આવીને ગર્ભમાં રહેલા શ્રમણ ભગવાન મહાવીરને જોતા જ પ્રણામ કરે છે. પ્રણામ

કરીને દેવાનંદા બ્રાહ્મણીને અને બધા પરિજનોને અવસ્વાપિની નિદ્રા આપે છે. અવસ્વાપિની નિદ્રા આપીને અશુભ પુદ્‌ગલોને દૂર કરે છે. દૂર કરીને શુભ પુદ્‌ગલોને સ્થાપિત કરીને...

હે ભગવન્ ! આપની આજ્ઞા હોજો' એમ કહીને શ્રમણ ભગવાન મહાવીરને જરા પણ કષ્ટ ન થાય એ રીતે બંને હાથનું સંપૂટ બનાવીને ગ્રહણ કરે છે. ગ્રહણ કરીને જ્યાં ક્ષત્રિયકુંડ ગ્રામ નગર છે, જ્યાં સિદ્ધાર્થ ક્ષત્રિયનું ઘર છે, જ્યાં ત્રિશલા ક્ષત્રિયાણી છે ત્યાં આવે છે.

ત્યાં આવીને ત્રિશલા ક્ષત્રિયાણીને તથા તેના પરિવારને અવસ્વાપિની નિદ્રા આપે છે. અવસ્વાપિની નિદ્રામાં સૂવડાવીને અશુભ અને અસ્વચ્છ પુદ્‌ગલોને દૂર કરે છે અને શુભ પુદ્‌ગલોને પ્રક્ષિપ્ત કરે છે. શુભ પુદ્‌ગલોને પ્રક્ષિપ્ત કરીને શ્રમણ ભગવાન મહાવીરને સુખપૂર્વક બાધારહિત ત્રિશલા ક્ષત્રિયાણીની કુક્ષિમાં (ઉદરમાં) ગર્ભરૂપે સ્થાપિત કરે છે અને જે ત્રિશલા ક્ષત્રિયાણીની કુક્ષિમાં (ઉદરમાં) ગર્ભ હતો તેને સંહરીને જાલંધરગોત્રીયા દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં સ્થાપિત કરે છે. સ્થાપિત કરીને જે દિશાએથી તે આવ્યો હતો તે દિશામાં ફરી ચાલ્યો જાય છે.

[સૂત્ર–૨૮]

જ્યારે તે પાછો જાય છે ત્યારે તે ઉત્કૃષ્ટ, ત્વરિત (શીઘ્રતાયુક્ત), ચપળ (સ્ફૂર્તિયુક્ત), વેગયુક્ત, ઉપર તરફ જનારી શીઘ્ર દિવ્ય દેવગતિથી તિરછા અસંખ્યાત દ્વીપ સમુદ્રોની વચ્ચોવચ્ચ થઈને અને હજાર–હજાર યોજનમાં વિરાટ પગલા ભરતો ઉપર ચડે છે, ઉપર ચડીને જે તરફ સૌધર્મ નામનો કલ્પ છે, સૌધર્માવતંસક વિમાન છે તેમાં શક્ર નામના સિંહાસન ઉપર દેવેન્દ્ર દેવરાજ શક્રેન્દ્ર બેઠા છે ત્યાં આવે છે.

આવીને દેવેન્દ્ર દેવરાજ શક્રને તેની આજ્ઞા શીઘ્ર પાછી સમર્પિત કરે છે અર્થાત્ આજ્ઞાનુસાર કાર્ય કરી દીધાની સૂચના આપે છે.

[સૂત્ર–૨૯]

તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાનથી યુક્ત હતા. મને સંહરણ કરવામાં આવશે તે જાણતા હતા. સંહરણ થતુ હતુ તે જાણતા ન હતા પણ સંહરણ થઈ ગયું તે જાણતા હતા.

[સૂત્ર–૩૦]

તે કાળે તે સમયે જ્યારે વર્ષાઋતુ ચાલતી હતી અને વર્ષાઋતુનો તે ત્રીજો માસ અને પાંચમો પક્ષ ચાલતો હતો અર્થાત્ આસો વદ–૧૩ ને દિવસે ભગવાન સ્વર્ગથી ચ્યુત થયા અને દેવાનંદા બ્રાહ્મણીના ગર્ભમાં આવ્યા ને બ્યાંસી રાત્રિ દિવસ પસાર થઈ ગયા હતા અને

ત્ર્યાસીમો દિવસ ચાલી રહ્યો હતો ત્યારે તેરસને દિવસે મધ્યરાત્રિના સમયે, ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનો યોગ થતા પોતાના હિતની કાંક્ષાવાળા હરિણૈગમેષી દેવે શક્રની આજ્ઞાથી માહણકુંડ ગ્રામ નગરમાંથી કોડાલગોત્રીય ઋષભદત્ત બ્રાહ્મણની ભાર્યા જાલંધર ગોત્રીયા દેવાનંદા બ્રાહ્મણીના ઉદરમાંથી ક્ષત્રિયકુંડ ગ્રામ નગરના જ્ઞાતૃવંશીય, કાશ્યપગોત્રીય સિદ્ધાર્થ ક્ષત્રિયની ભાર્યા વાસિષ્ઠ ગોત્રીયા ત્રિશલા ક્ષત્રિયાણીના ઉદરમાં પોતાના દિવ્ય પ્રભાવથી ભગવંતને સુખપૂર્વક સંહર્યા–સ્થાપિત કર્યા.

[સૂત્ર–૩૧]

શ્રમણ ભગવાન મહાવીર (તે સમયે) ત્રણ જ્ઞાનથી યુક્ત હતા. મારું અહીંથી સંહરણ થશે તે જાણતા હતા. સંહરણ થઈ રહેલ છે' તે જાણતા ન હતા, સંહરણ થઈ ગયું છે તે જાણતા હતા.

[સૂત્ર–૩૨]

જે રાત્રે શ્રમણ ભગવાન મહાવીરને જાલંધર ગોત્રીયા દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાંથી વાશિષ્ઠ ગોત્રીયા ત્રિશલા ક્ષત્રિયાણીની કુક્ષિમાં ગર્ભરૂપે સંહરાયા તે રાત્રે તે દેવાનંદા બ્રાહ્મણી તેની શય્યામાં અર્ધ નિદ્રાવસ્થામાં હતી.

તે સમયે તેણે એવું સ્વપ્ન જોયું કે મારા ઉદર, કલ્યાણકારી, શિવરૂપ, ધન્ય, મંગળરૂપ શ્રીયુક્ત ચૌદ મહાસ્વપ્ના ત્રિશલા ક્ષત્રિયાણીએ હરી લીધા છે. એવું જોઈને તેણી જાગી. તે ચૌદ મહાસ્વપ્ન છે–હાથી, વૃષભ વગેરે.

[સૂત્ર–૩૩]

જે રાતે શ્રમણ ભગવાન મહાવીરને જાલંધર ગોત્રીયા દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાંથી વાસિષ્ઠ ગોત્રીયા ત્રિશલા ક્ષત્રિયાણીની કુક્ષિમાં ગર્ભરૂપે સંહરાયા, તે રાત્રિએ તે ત્રિશલા ક્ષત્રિયાણી જે ભવ્ય ભવનમાં નિદ્રા લઈ રહેલ હતી તે વાસગૃહનો અંદરનો ભાગ ચિત્રોથી સુશોભિત હતો. બહારનો ભાગ ચૂનાથી ધોળાયેલ હતો. ઘસીને ચીકણો, સુંવાળો તથા ચમકદાર બનાવેલ હતો. ઉપર છતમાં વિવિધ પ્રકારના ચિત્રો ચીતરેલા હતા. મણિ–રત્નોની ઝગઝગાટ કરતી જ્યોતિથી ત્યાંનો અંધકાર નષ્ટ થઈ ગયો હતો. નીચે ફર્શનો ભાગ સમતલ અને સુરચિત હતો. તેના ઉપર પાંચ રંગના સરસ–સુગંધિત ફૂલો જ્યાં–ત્યાં વીખરાયેલા પડ્યા હતા.

તે વાસગૃહ, કાલાગુરુ, ઉત્તમ કુંદરુ, લોબાન વગેરે વિવિધ જાતના ધૂપથી મહેકી રહેલ હતો. અન્ય પણ સુગંધિત પદાર્થોની સુગંધિથી તે સુગંધિત હતો. ગંધ દ્રવ્યની ગોળીની માફક

તે સુગંધિત હતો. એવા શ્રેષ્ઠ વાસગૃહમાં તે એવી જાતના પલંગ ઉપર સૂતેલ હતી કે જેના ઉપર પ્રમાણયુક્ત ઉપધાન (તકીયા) હતા. માથા અને પગ બન્ને બાજુ ઉપધાન રાખેલ હતા.

તે શય્યા બન્ને બાજુથી ઉન્નત અને મધ્યમા નીચી હતી. ગંગા નદીના તટની રેતી સમાન તે મુલાયમ અને કોમળ હતી. સ્વચ્છ અળસીના વસ્ત્રથી વીંટળાયેલ હતી અને ધૂળ ન પડે તે રીતે આચ્છાદિત હતી. તેના ઉપર લાલ વસ્ત્રની મચ્છરદાની નાખેલી હતી. તે મૃગચર્મ, કિંમતી ઊંચા રૂ, બૂર નામની વનસ્પતિ, માખણ, આકડાનું રૂ વગેરે કોમળ વસ્તુઓની માફક મુલાયમ હતી. તથા શય્યા સજાવવાની કળા અનુસાર તેને સજાવવામાં આવી હતી, તેની આજુબાજુ સુગંધિત પુષ્પ અને સુગંધિત ચૂર્ણ વીખરાયેલ હતા.

તે શય્યા ઉપર અર્ધ નિદ્રાવસ્થામાં સૂતેલી (ત્રિશલા ક્ષત્રિયાણીએ) પાછલી રાત્રિએ આવા પ્રકારના ઉત્તમ ચૌદ મહાસ્વપ્નો જોયા અને જોઈને જાગી.

[સૂત્ર–૩૪]

તે ચૌદ મહાસ્વપ્નો આ પ્રમાણે છે –

(૧) ગજ, (૨) વૃષભ, (૩) સિંહ, (૪) અભિષેક કરાતા લક્ષ્મીજી, (૫) પુષ્પમાળા, (૬) ચંદ્ર, (૭) સૂર્ય, (૮) ધ્વજા, (૯) કુંભ, (૧૦) પદ્મ સરોવર, (૧૧) સમુદ્ર, (૧૨) વિમાન–ભવન, (૧૩) રત્નરાશિ, (૧૪) ધૂમાડા વગરનો અગ્નિ.

[સૂત્ર–૩૫]

તે ત્રિશલા ક્ષત્રિયાણી સર્વપ્રથમ સ્વપ્નમાં હાથીને જુએ છે. તે હાથી ચાર દાંતવાળો અને ઊંચો હતો તથા તે વરસી ગયેલા મેઘની જેમ શ્વેત, હારના સમૂહની માફક ઉજ્જવળ, ક્ષીર સમુદ્રની માફક ધવલ, ચન્દ્ર કિરણોની માફક ચમકદાર, પાણીના ટીપાની માફક નિર્મળ અને ચાંદીના પર્વતની જેમ સફેદ હતો.

તેના ગંડસ્થલમાંથી મદ ઝરી રહેલ હતું જેની સુગંધ લેવા માટે ભ્રમરો ગુંજારવ કરી રહેલ હતા. તે હાથી શક્રેન્દ્ર ના હાથી ઐરાવતની માફક ઉન્નત હતો. તે અત્યંત શુભ તથા શુભ લક્ષણોથી યુક્ત હતો. તેનો છાતીનો ભાગ વિશાળ હતો. એવા હાથીને ત્રિશલા પ્રથમ સ્વપ્નમાં જુએ છે.

[સૂત્ર–૩૬]

તે પછી ત્રિશલાદેવી બીજા સ્વપ્નમાં વૃષભને જુએ છે. તે વૃષભ શ્વેત કમળની પાંખડીઓના સમૂહથી પણ અધિક રૂપની પ્રભાવાળો હતો. કાંતિપૂંજની દિવ્ય પ્રભાથી સર્વત્ર પ્રદીપ્ત હતો. તેની વિરાટ કાંધ અત્યંત ઉભરાયેલ અને મનોહર હતી. તેના રોમ સૂક્ષ્મ અને

અતિ સુંદર હતા. તેમજ સુકોમળ હતા. તેના અંગ સ્થિર, સુગઠિત, માંસલ અને પુષ્ટ હતા. તેના શીંગડા વર્તુળાકાર, સુંદર, ઘી જેવા ચીકણા અને તીક્ષ્ણ હતા. તેના દાંત અક્રૂર (હિંસક નહીં એવા) ઉપદ્રવ રહિત એકસરખી કાંતિવાળા, પ્રમાણસર તથા શ્વેત હતા. તે વૃષભ અગણિત ગુણોરૂપી મંગલોના ધામ સમાન હતો. (બીજું સ્વપ્ન).

[સૂત્ર–૩૭]

ત્યારપછી ત્રિશલા ક્ષત્રિયાણી ત્રીજા સ્વપ્નમાં સિંહને જુએ છે. તે સિંહ હાર–સમૂહ, ક્ષીરસાગર, ચંદ્રકિરણો, જળ–કણ અને રજત પર્વત સમાન અત્યંત ઉજ્જ્વળ હતો, રમણીય હતો, દર્શનીય હતો, સ્થિર અને દૃઢ પંજાવાળો હતો. તેની દાઢો ગોળ, અતિ પુષ્ટ, અંતર રહિત, શ્રેષ્ઠ અને તીક્ષ્ણ હતી કે જેનાથી તેનું મોઢું સુશોભિત દેખાતુ હતુ. તેના બંને હોઠ સ્વચ્છ, ઉત્તમ કમળની જેમ કોમળ, પ્રમાણસર અને સુંદર હતા. તેના તાળવા રક્ત કમળની જેમ લાલ અને સુકોમળ હતા. તેની જીભ લપલપાયમાન થઈ રહી હતી.

તેના બંને નેત્ર સુવર્ણકારના પાત્રમા રાખેલા તપેલા ગોળ સ્વર્ણ સમાન ચમકદાર વીજળીની માફક ચમકતા હતા, તેની વિશાળ જાંધો અત્યંત પુષ્ટ અને ઉત્તમ હતી. તેની કાંધ પરિપૂર્ણ અને નિર્મળ હતી. તેની દીર્ઘ કેશવાળી કોમળ, સૂક્ષ્મ, ઉજ્જ્વલ, શ્રેષ્ઠ લક્ષણયુક્ત અને વિસ્તૃત હતી. ઉન્નત પૂંછડુ કુંડળના આકારે અને શોભાયુક્ત હતું. તેના નખ ઘણા તીક્ષ્ણ હતા. તેની આકૃતિ ઘણી સૌમ્ય હતી અને નવીન પાલવની માફક ફેલાયેલ મનોહર જીભ હતી. એવા સિંહને આકાશમાંથી લીલાપૂર્વક નીચે ઊતરતો અને પોતાના મુખમાં પ્રવેશ કરતો જુએ છે. (ત્રીજું સ્વપ્ન)

[સૂત્ર–૩૮]

ત્યારપછી પૂર્ણ ચંદ્ર સમાન મુખવાળી ત્રિશલા ક્ષત્રિયાણીચોથા સ્વપ્નમાં લક્ષ્મીદેવીને જુએ છે. તે લક્ષ્મી અત્યંત ઉન્નત હીમવાન પર્વત ઉપર ઉત્પન્ન થયેલ શ્રેષ્ઠ કમળના આસન ઉપર સંસ્થિત હતી. પ્રશસ્ત રૂપવતી હતી, તેણીના ચરણયુગલ સારી રીતે સ્થાપન કરેલા સુવર્ણમય કાચબાની જેમ ઉન્નત હતા. તેણીના અંગૂઠા ઉભરાયેલા અને પુષ્ટ હતા. તેણીના નખ રંગથી રંગાયેલ ન હોવા છતાં પણ રંજિત લાગતા હતા તથા માંસયુક્ત ઉભરાયેલા, પાતળા ત્રાંબાની માફક લાલ અને સ્નિગ્ધ હતા.

તેણીના હાથ અને પગ કમળદળ સમાન કોમળ હતા. તેની આંગળીઓ પણ સુકોમળ અને શ્રેષ્ઠ હતી, પીંડલીઓ –જાંઘ કુરુવૃન્દના આવર્ત સમાન અનુક્રમે ગોળ હતી. તેણીના બન્ને ઘૂંટણ શરીર પુષ્ટ હોવાના લીધે બહાર દેખાય નહીં તેવા હતા. તેણીની જાંઘ ઉત્તમ

હાથીની સૂંઢની માફક પરિપુષ્ટ હતી. તેણીની કેડનો ભાગ મનોહર અને સુવિસ્તૃત કનકમય કંદોરાથી યુક્ત હતો. તેની રોમરાજિ શ્રેષ્ઠ અંજન, ભ્રમર અને મેઘસમૂહ સમાન શ્યામ વર્ણવાળી તથા સરસ, સીધી, ક્રમબદ્ધ, અત્યંત પાતળી, મનોહર પુષ્પાદિની જેમ મૃદુ અને રમણીય હતી. નાભિમંડળના કારણે તેની જાંઘ સરસ, સુંદર અને વિશાળ હતી.

તેણીની કમર મુઠીમાં આવી જાય એટલી પાતળી અને સુંદર ત્રિવલીથી યુક્ત હતી. તેણીના અંગોપાંગ અનેકવિધ મણિઓ, રત્નો, સુવર્ણ તથા વિમલ લાલ સુવર્ણના આભૂષણોથી સુશોભિત હતા. તેણીના સ્તનયુગલ સોનાના કળશની માફક ગોળ અને કઠણ હતા, તથા વક્ષઃસ્થળ મોતીઓના હારથી અને કુંદ પુષ્પમાળાથી દેદીપ્યમાન હતા. તેના ગળામાં નેત્રોને પ્રિય લાગે એવી જાતના હાર હતા કે જેમાં મોતીઓના ઝૂમખા લટકી રહેલ હતા. સુવર્ણમાળા તેમજ મણિસૂત્ર પણ બિરાજી રહેલ હતા. તેણીના બન્ને કાનોમાં ચમકદાર કુંડલ પહેરેલ હતા અને તે ખભા સુધી લટકતા હતા. મુખથી અત્યંત શોભાગુણને લીધે તે અતીવ સુશોભિત હતી.

તેણીના બન્ને હાથમાં દેદીપ્યમાન કમળ હતા. જેમાંથી મકરંદ ટપકી રહેલ હતું. આનંદને ખાતર વીંજવામાં આવતા પંખાથી સુશોભિત હતી. તેણીના કેશ–પાશ પૃથક્ પૃથક્ અને ગુચ્છા વગરના તથા કાળા, સઘન, સારી રીતે ચીકણા અને કમર સુધી લંબાયેલ હતા. તેણીનો નિવાસ પદ્મદ્રહના કમળ ઉપર હતો. તેનો અભિષેક હિમવંત પર્વતના શિખર ઉપર રહેલા દિગ્ગજોની વિશાળ અને પુષ્ટ સૂંઢમાંથી નીકળતી જળધારાથી થતો હતો એવી ભગવતી લક્ષ્મીદેવીને ત્રિશલા દેવીએ ચોથા સ્વપ્નમાં જોઈ.

**पुरिम–चरिमाण कप्पो मंगलं वद्धमाण तित्थम्मि ।**
**इह परिकहिआ जिण-गण-हराइ थेरावली चरित्तं ।।**

* * *

# પર્યુષણ મહાપર્વ (દિવસ-૫) વ્યાખ્યાન-૩

## पुरिम–चरिमाण कप्पो मंगलं वद्धमाण तित्थम्मि ।
## इह परिकहिआ जिण-गण-हराइ थेरावली चरित्तं ।।

[સૂત્ર–૩૯]

ત્યારપછી ત્રિશલા ક્ષત્રિયાણીએ પાંચમાં સ્વપ્નમાં આકાશમાંથી નીચે ઊતરતી સુંદર પુષ્પોની સુરભિગંધી માળા જોઈ. તે માળામાં તાજા ફૂલોથી ગૂંથેલી ઘણી રમણીય માળાઓ હતી, તે માળામાં ચંપક, અશોક, પુન્નાગ, નાગ કેશર, પ્રિયંગુ, શિરીષ, મોગરો, મલ્લિકા, જાઈ, જૂઈ, અકોડા, કોજ્જ, કોરંટ, ડમરાના પાન, નવમલ્લિકા, બકુલ, તિલક, વાસંતી, સૂર્યવિકાસી અને ચંદ્રવિકાસી કમળો, પાડલ કંદ, અતિમુક્તક અને સહકારના ફૂલ ગૂંથેલા હતા અને તેની અનુપમ મનોહર સુગંધનથી દસેય દિશાઓ મહેકી રહી હતી. સર્વ ઋતુઓમાં ખીલનારા પુષ્પોથી તે તૈયાર થયેલ હતી.

તે માળાનો રંગ મુખ્યપણે સફેદ હતો અને અહીંતહીં જુદા જુદા રંગોના પુષ્પો પણ ગૂંથેલ હતા કે જેનાથી તે ઘણી જ મનોહર અને રમણીય લાગતી હતી. વિવિધ રંગોના કારણે તે આશ્ચર્ય ઉત્પન્ન કરતી હતી તેના ઉપર મધ્ય અને નીચે સર્વત્ર મધુકર ભ્રમરગણ ગુંજારવ કરતા ભ્રમણ કરી રહેલ હતા. એવી માળા ત્રિશલા દેવીએ પાંચમા સ્વપ્નમાં જોઈ.

[સૂત્ર–૪૦]

તે પછી છઠ્ઠા સ્વપ્નમાં ત્રિશલા માતા ચંદ્રને જુએ છે. તે ચંદ્ર ગાયના દૂધ, પાણીનો ફૂવારો, જળના કણીયા અને રજત–ઘટની માફક સફેદ હતો, શુભ હતો અને હૃદય તથા નયનોને અત્યંત પ્રિય હતો, પરિપૂર્ણ હતો, ઘોર અંધકારને નષ્ટ કરનારો હતો. પૂર્ણિમાના ચંદ્રની માફક પૂર્ણ કળાયુક્ત હતો, કુમુદ વનોને વિકસિત કરનારો હતો, રાતની શોભાને વધારનારો હતો, સ્વચ્છ કરેલા દર્પણની જેમ ચમકી રહેલ હતો. હંસની માફક શ્વેત હતો, તે તારાગણ અને નક્ષત્રોમાં પ્રધાન હતો. રાતની શોભામાં અભિવૃદ્ધિ કરનારો હતો.

તે અંધકારનો શત્રુ હતો. કામદેવના બાણોના ભાથા જેવો હતો. સમુદ્રના પાણી ઉછાળનારો હતો. વિરહની વેદના ભોગવનારાને વ્યથિત કરનારો હતો. તે સૌમ્ય અને સુંદર હતો. વિરાટ ગગનમંડળમાં સારી રીતે પરિભ્રમણ કરનારો હતો. જાણે આકાશમંડળનું હરતુ ફરતુ તિલક હોય તેવો હતો. રોહિણીના મનને આહ્લાદિત કરનારો, એવા પૂર્ણ ખીલેલા ચંદ્રને

ત્રિશલાદેવી છઠ્ઠા સ્વપ્નમાં જુએ છે.

[સૂત્ર–૪૧]

તે પછી ત્રિશલાદેવી સ્વપ્નમાં સૂર્યને જુએ છે. તે સૂર્ય અંધકારના સમૂહને નાશ કરનારો અને તેજથી જાજ્વલ્યમાન હતો. લાલ અશોક, વિકસિત કિંશુક, પોપટની ચાંચ, ચણોઠીનો અર્ધ લાલભાગ–આ બધી વસ્તુઓની માફક રક્ત વર્ણવાળો હતો. કમળ વનોને સુશોભિત કરનારો, જ્યોતિષ ચક્ર ઉપર સંક્રમણ કરવાના કારણે તેના લક્ષણો બતાવનારો હતો.

આકાશનો પ્રદીપ, હિમને નષ્ટ કરનારો, ઉદય અને અસ્ત સમયે જ થોડાક વખત સુધી સુખપૂર્વક સામે જોઈ શકાય તેવો અને અન્ય સમયે ન જોઈ શકાય તેવો તેજસ્વી, રાત્રિમાં વિચરનારા લૂંટારા અને તસ્કરોનો પ્રમર્દક, ઠંડીને દૂર કરનારો, મેરુપર્વતની પ્રદક્ષિણા કરનારો, પોતાના સહસ્ર કિરણોથી ચમકતા ચાંદ અને તારાગણોની શોભાને નષ્ટ કરનારો હતો. એવા સૂર્યને ત્રિશલાદેવી સાતમા સ્વપ્નમાં જુએ છે.

[સૂત્ર–૪૨]

ત્યારપછી ત્રિશલાદેવી સ્વપ્નમાં ધ્વજા જુએ છે. તે ધ્વજા શ્રેષ્ઠ સુવર્ણના દંડ ઉપર પ્રતિષ્ઠિત હતી. તે લીલા, લાલ, પીળા, શ્વેત વગેરે વિવિધ રંગોના વસ્ત્રોથી બનેલી હતી. પવનથી લહેરાતી તે ધ્વજા મયૂર પંખ સમાન શોભાયમાન હતી.

તે ધ્વજાના ઉપરના ભાગમાં શ્વેત વર્ણનો સિંહ ચીતરેલ હતો. જે સ્ફટિક, શંખ, અંકરત્ન, મોગરા, જળકણ અને રજત કળશ સમાન ઉજ્જવળ હતો. પવનને લીધે ધ્વજા અહીં–તહીં ડોલાયમાન થઈ રહેલ હતો. જેથી એમ લાગતું હતું કે સિંહ આકાશમંડળ ભેદન કરવા માટે ઉદ્યમ કરી રહેલ છે. તે ધ્વજા સુખકારી, મંદ મંદ પવનથી લહેરાતી હતી, અતિશય ઉન્નત હતી. મનુષ્યોને માટે દર્શનીય હતી એવી ધ્વજા આઠમે સ્વપ્ને ત્રિશલાદેવી જુએ છે.

[સૂત્ર–૪૩]

ત્યારબાદ ત્રિશલાદેવી નવમા સ્વપ્નમાં કળશ જુએ છે. તે કળશ વિશુદ્ધ સોનાની માફક ચમકી રહેલ હતો. નિર્મળ જળથી પરિપૂર્ણ હતો. દેદીપ્યમાન હતો. ચારે બાજુ કમળોથી ઢંકાયેલ હતો. બધી જાતના મંગળચિત્રો તેના ઉપર ચીતરેલ હોવાથી તે સર્વ મંગળમય હતો.

શ્રેષ્ઠ રત્નોથી બનાવેલ કમળ ઉપર કળશ સુશોભિત હતો, જેને જોતા જ નેત્ર આનંદવિભોર થઈ જતા હતા. તેની પ્રભા ચારેય દિશાઓમાં ફેલાઈ રહેલ હતી, જેનાથી બધી દિશાઓ આલોકિત હતી. લક્ષ્મીદેવીનું તે પ્રશસ્ત ઘર હતું. બધી જાતના દૂષણોથી રહિત, શુભ તથા ચમકદાર અને ઉત્તમ હતો. સર્વ ઋતુઓના સુગંધિત ફૂલોની માળાઓ કળશના કંઠ

ઉપર રાખેલી હતી. એવા ચાંદીના પૂર્ણ કળશને ત્રિશલાદેવી નવમાં સ્વપ્નમાં જુએ છે.

[સૂત્ર-૪૪]

તે પછી ત્રિશલાદેવી દશમા સ્વપ્નમાં પદ્મ સરોવરને જુએ છે. તે પદ્મ સરોવર પ્રાતઃકાળના સૂર્યની રશ્મિઓથી વિકસિત, સહસ્ર પાંખડીઓવાળા કમળની સૌરભથી સુગંધિત હતુ.

તેનું પાણી કમળના પરાગ પડવાથી લાલ અને પીળા વર્ણનું દષ્ટિગોચર થઈ રહેલ હતું. તેમાં જળચર જીવોનો સમૂહ અહીં તહીં પરિભ્રમણ કરી રહેલ હતો. મત્સ્યાદિ તેના જળનુ પાન કરી રહેલ હતા. તે સરોવર અત્યંત ઊંચું અને લાંબુ-પહોળું હતું. સૂર્યવિકાસી કમળો, લાલ કમળો, મોટા કમળો, શ્વેત કમળો, એ બધી જાતના કમળોથી તે શોભાયુક્ત હતું. તે અતિ રમણીય હતું.

પ્રમોદયુક્ત ભમરા અને મસ્ત મધમાખીઓ કમળો ઉપર બેસીને તેનું રસપાન કરી રહેલ હતી. તે સરોવર ઉપર મધુર કલરવ કરનારા કલહંસ, બગલા, ચક્રવાક, રાજહંસ, સારસ વગેરે વિવિધ પક્ષીઓના યુગલો જળક્રીડા કરી રહેલ હતા. તેમાં કમલિની દળ ઉપર પડેલા જળકણો સૂર્યના કિરણો પડવાથી મોતીની માફક ચમકી રહેલ હતા. તે સરોવર હૃદય અને નેત્રોને પરમ શાંતિ આપનાર હતું અને કમળોથી રમણીય હતું એવું સરોવર ત્રિશલાદેવી સ્વપ્નમાં જુએ છે. દશમું સ્વપ્ન.

[સૂત્ર-૪૫]

તે પછી ત્રિશલાદેવી સ્વપ્નમાં ક્ષીરસાગરને જુએ છે. તે ક્ષીરસાગરનો મધ્યભાગ ચંદ્રકિરણોના સમૂહની માફક શોભાયમાન હતો અને અત્યંત ઉજ્જ્વળ હતો. ચારેય બાજુથી ઉછળતા પાણીથી અત્યંત ઊંડો હતો. તેની લહેરો ચંચળ હતી તે ખૂબ ઉછળી રહી હતી જેથી તેનું પાણી તરંગિત હતું. પવનના ઝપાટાથી તે વારેવારે તરંગિત થવાની સાથે કિનારાથી ભટકાઈને દોડી રહેલું હોય તેવુ લાગતુ હતુ.

તે સમયે તે મોજા નૃત્ય કરતા હોય અને ભયથી વિહ્વળ થઈ ગયેલ હોય તેવા લાગતા હતા. તે પ્રકાશિત અને સોહામણી ઊર્મિઓ ક્યારેક એવી લાગતી હતી જાણે કે થોડીવારમાં તટને ઓળંગી જશે. વળી પાછી ફરતી દેખાતી હતી. તેમાં રહેલા વિરાટ મગરમચ્છ, તિમિમચ્છ, તિમિંગિલ મચ્છ, નિરુદ્ધ, તિલતિલચ વગેરે જળચરો, પોતાની પૂંછડીને જ્યારે પાણી ઉપર ફટકારતા હતા ત્યારે તેની ચારેય બાજુ કપૂર જેવા ઉજ્જ્વળ ફીણો ફેલાઈ જતા હતા. મહાનદીઓનો પ્રબલ પ્રવાહ પડવાથી તેમાં ગંગાવર્ત નામના આવર્તો ઉત્પન્ન થતા હતા.

તે ભ્રમરમાં પાણી ઉછળતા અને ફરી પાછા પડતા તથા ચારેય બાજુ ફરી વળતા ચંચળ દેખાતા હતા. એવા ક્ષીરસમુદ્રને શરદઋતુના ચંદ્ર સમાન સૌમ્ય મુખવાળી ત્રિશલા દેવી અગિયારમાં સ્વપ્નમાં જુએ છે.

[સૂત્ર–૪૬]

તે પછી ત્રિશલાદેવી બારમા સ્વપ્નમાં શ્રેષ્ઠ દેવવિમાન જુએ છે. તે દેવવિમાન નવોદિત સૂર્યબીંબ માફક પ્રભાસંપન્ન અને દેદીપ્યમાન હતું. તેમાં સોનાના બનાવેલા અને મહા મણિઓથી જડિત એક હજાર આઠ સ્થંભ હતા કે જે પોતાના અલૌકીક પ્રકાશથી આકાશમંડળને આલોકિત કરી રહેલ હતા. તેમાં સ્વર્ણના પતરા ઉપર જડેલા મોતીઓના ગુચ્છા લટકી રહેલ હતા. તે કારણે તેમાં આકાશ વધારે ચમકતુ દેખાતુ હતુ. દિવ્યમાળાઓ પણ લટકતી હતી.

તે વિમાન ઉપર વરૂ, વૃષભો, અશ્વો, મનુષ્યો, મગરો, પક્ષીઓ, સર્પો, કિન્નરો, રૂરૂમૃગો, શરભો (અષ્ટાપદો) ચમરી ગાયો તથા વિશેષ પ્રકારના જંગલી પશુઓ, હાથીઓ, વનલતા, પદ્મલતા વગેરેના વિવિધ પ્રકારના ચિત્રો ચીતરેલ હતા. તેમાં ગંધર્વો મધુર ગીત ગાઈ રહેલ હતા, વાદ્ય વાગી રહેલ હતા કે જેનાથી તે ગરજતા માલૂમ પડતા હતા. તેમાં દેવદુંદુભિનો ઘોષ થઈ રહેલ હતો કે જેનાથી તે વિપુલ મેઘની ગંભીર ગર્જનાની માફક સંપૂર્ણ જીવલોકને શબ્દાયમાન કરતું હોય તેવું લાગતું હતું.

કાળો અગરુ, શ્રેષ્ઠ, કુંદરુક, તુરુક્ક (લોબાન) તથા બળતા ધૂપથી તે મહેકી રહેલ હતું અને મનોહર દેખાતુ હતુ. તે વિમાનમાં નિત્ય પ્રકાશ રહેતો હતો. તે શ્વેત અને ઉજ્જ્વળ પ્રભાવાળુ હતુ. દેવોથી સુશોભિત, જ્યાં સદા સુખનો ઉપયોગ થઈ રહેલ છે તેવા શ્રેષ્ઠ પુંડરીક કમળ જેવા વિમાનને દેવી ત્રિશલા જુએ છે. બારમું સ્વપ્ન.

[સૂત્ર–૪૭]

તે પછી ત્રિશલા માતાએ તેરમા સ્વપ્નમાં રત્નનો સમૂહ જોયો. તે રત્નનો સમૂહ ભૂમિ ઉપર રાખેલ હતો. તેમાં પુલક, વજ્ર, ઈન્દ્રનીલ, શાસક, કર્કેતન, લોહીતાક્ષ, મરકત, મસારગલ્લ, પ્રવાલ, સ્ફટિક, સૌગંધિક, હંસગર્ભ, અંજન, ચંદ્રપ્રભ વગેરે શ્રેષ્ઠ રત્નો હતા અને તેના યોગે તે રત્નસમૂહ પ્રભાસ્વર થઈ રહેલ હતો. તે રત્નોનો સમૂહ, મેરુપર્વત સમ ઊંચો માલૂમ પડતો હતો. એવા રત્નના સમૂહને ત્રિશલાદેવીએ તેરમા સ્વપ્નમાં જોયો.

[સૂત્ર–૪૮]

તે પછી ત્રિશલાદેવી તેરમાં સ્વપ્નમાં નિર્ધૂમ–ધૂમાડા વગરના અગ્નિને જુએ છે. તે

અગ્નિની શિખાઓ ઉપરની તરફ ઊઠી રહેલ હતી. તે સફેદ ઘી અને પીળા મધથી પરિસિંચિત હોવાના કારણે ધૂમાડા વગરની દેદીપ્યમાન, ઉજ્જ્વળ જ્વાળાઓથી મનોહર હતી. તે જ્વાળાઓ તરતમતાના યોગથી એકબીજાથી નાની–મોટી હતી, એકમેકમાં મળેલી દેખાતી હતી. તેમાં કેટલીક જ્વાળાઓ મોટી હતી. તે એવી રીતે ઉછળી રહી હતી જાણે કે આકાશને હમણા પકાવી દેશે. તે જ્વાળાઓના અતિશય વેગના કારણે તે અગ્નિ ઘણો ચંચળ હતો. એવા નિર્ધૂમ પ્રજ્વલિત અગ્નિને ચૌદમાં સ્વપ્નમાં જુએ છે.

[સૂત્ર–૪૯]

આ જાતના શુભ, સૌમ્ય, પ્રિય દર્શન એવા અને સુરૂપ સ્વપ્નાને જોઈને કમળ સમાન વિકસિત નયનવાળી દેવી ત્રિશલાના શરીરના રોમે રોમ પ્રસન્નતાથી પુલકિત થઈ ગયા. તે શય્યા ઉપરથી એકદમ જાગૃત થઈ ગઈ.

[સૂત્ર–૫૦]

જે રાત્રિએ મહાયશસ્વી તીર્થંકરો માતાના ઉદરમાં આવે છે, તે રાત્રિમાં પ્રત્યેક તીર્થંકરની માતા આ ઉપર કહ્યા તે ચૌદ સ્વપ્નોને જુએ છે.

[સૂત્ર–૫૧]

તે પછી તે ત્રિશલા ક્ષત્રિયાણી આ રીતે ઉપર બતાવેલા ચૌદ મહાસ્વપ્નોને જોઈને જાગૃત થઈ. હર્ષિત સંતુષ્ટ બનેલી તે જેમ મેઘધારાથી સીંચાયેલ કદંબપુષ્પ પુલકિત થાય તેમ તેના રોમરોમ પુલકિત થઈ ગયા. તે સ્વપ્નોનું સ્મરણ કરે છે, સ્મરણ કરીને શય્યામાંથી ઊઠે છે અને ઊઠીને પાદપીઠ ઉપરથી ઊતરે છે.

ઊતરીને ધીમે ધીમે અચપળ, અસંભ્રાંત, અવિલંબિત, રાજહંસની માફક મંદમંદ ગતિથી ચાલીને જ્યાં સિદ્ધાર્થ ક્ષત્રિયનો શયનખંડ છે અને જ્યાં સિદ્ધાર્થ ક્ષત્રિય સુખપૂર્વક સૂતેલા છે ત્યાં આવે છે. આવીને સિદ્ધાર્થ ક્ષત્રિયને ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મનોહર, ઉદાર, કલ્યાણરૂપ, શિવરૂપ, ધન્ય, મંગળકારી, શોભાયુક્ત, હૃદયને રૂચિકર, આહ્લાદકારી, મિત, મધુર અને મંજુલ શબ્દોથી જગાડે છે.

[સૂત્ર–૫૨]

ત્યારબાદ તે ત્રિશલા ક્ષત્રિયાણી સિદ્ધાર્થ રાજાની આજ્ઞા પ્રાપ્ત કરીને વિવિધ મણિરત્નોથી રચિત ભદ્રાસન ઉપર બેસે છે. બેસીને ચાલવાથી લાગેલા શ્રમને દૂર કરીને, ક્ષોભરહિત થઈને સિદ્ધાર્થ ક્ષત્રિયને તેવા પ્રકારે ઈષ્ટ એટલે હૃદયને આહ્લાદિત કરનારી વાણીથી સંબોધતી સંબોધતી આ પ્રમાણે બોલે છે –

[સૂત્ર–૫૩]

આ રીતે હે સ્વામિન્ ! હું આજે તે રમણીય શયનખંડમાં શય્યા ઉપર સૂતેલી હતી (જેનું વર્ણન આ પહેલાં કરવામાં આવેલ છે). ત્યાં જાગૃત થઈ. તે ચૌદ મહાસ્વપ્નો ગજ, વૃષભ વગેરે જે હતા તે જોયા.

હે સ્વામિન્! તે ઉદાર ચૌદ મહાસ્વપ્નોનું શું કલ્યાણરૂપ ફળ વિશેષ હશે?

[સૂત્ર–૫૪]

તે પછી તે સિદ્ધાર્થ રાજા ત્રિશલા ક્ષત્રિયાણી પાસેથી આ અર્થ સાંભળીને અને તેનો હૃદયમાં વિચાર કરીને હર્ષિત અને સંતુષ્ટ ચિત્તવાળા થયા, આનંદિત થયા. મનમાં પ્રીતિ ઉત્પન્ન થઈ. તેનું મન ઘણું જ આહ્લાદિત થયું. હર્ષથી તેનું હૃદય પ્રફુલ્લિત થયું. મેઘની ધારાથી તાડિત કદંબ પુષ્પની માફક તેના રોમેરોમ ઉલ્લસિત થઈ ગયા.

તે–તે સ્વપ્નોને ગ્રહણ કરે છે, ગ્રહણ કરીને તેના ઉપર સામાન્ય વિચાર કરે છે અને સામાન્ય વિચાર કર્યા પછી ફરીને તે સ્વપ્નોનો પૃથક્ પૃથક્ રૂપે વિશિષ્ટ વિચાર કરે છે. કરીને પોતાની સ્વાભાવિક પ્રજ્ઞા સહિત બુદ્ધિ વિજ્ઞાનથી તે સ્વપ્નોના વિશેષ ફળોનો પૃથક્ પૃથક્ રૂપથી નિશ્ચય કરે છે. વિશેષ નિશ્ચય કરીને ઈષ્ટ અથવા મંગળરૂપ પરિમિત, મધુર અને શોભાયુક્ત વાણીથી ત્રિશલા ક્ષત્રિયાણીને આ રીતે કહે છે –

[સૂત્ર–૫૫]

હે દેવાનુપ્રિયા ! તમે જે સ્વપ્નો જોયા છે તે ઉદાર, કલ્યાણકારી, શિવરૂપ, મંગળરૂપ, શોભાયુક્ત, આરોગ્ય પ્રદ, તુષ્ટિપ્રદ, દીર્ઘાયુપ્રદ, કલ્યાણપ્રદ સ્વપ્નો છે. હે દેવાનુપ્રિયા! તમે જે સ્વપ્ન જોયા છે તેનાથી અર્થલાભ, ભોગલાભ, પુત્રલાભ, સુખલાભ અને રાજ્યલાભ થશે.

હે દેવાનુપ્રિયા ! તમને પૂરેપૂરા નવ માસ અને સાડા સાત અહોરાત્રિ પસાર થતા આપણા કુળમાં કેતુરૂપ કુળપ્રદીપ, કુળપર્વત કુલાવતંસક કુલતિલક, કુલકીર્તિકર, કુલવૃત્તિકર, કુલદિનકર, કુલાધાર, કુળમાં આનંદ પ્રસરાવનાર, કુળને યશ અપનવનાર, કુળપાદપ, કુળ વિવર્ધક, સુકોમળ હાથ–પગવાળા, સંપૂર્ણ પંચેન્દ્રિય શરીરવાળા, લક્ષણો વગેરે ચિહ્નો વ્યંજનો અને ગુણોથી યુક્ત, માન, ઉન્માન, પ્રમાણથી પરિપૂર્ણ, શોભાયુક્ત, સર્વાંગ સુંદર શરીરવાળા, ચંદ્ર સમાન સૌમ્યાકાર, કાંત, પ્રિયદર્શી અને સુરૂપ બાળકને જન્મ આપશો.

[સૂત્ર–૫૬]

અને તે બાળક બાળભાવથી ઉન્મુક્ત બનીને સમજદાર થશે તથા કળા વગેરેમાં કુશળ બનીને યુવાવસ્થા પ્રાપ્ત કરશે ત્યારે દાનમાં શૂર, સંગ્રામમાં વીર–પરાક્રમી બનશે. તેની પાસે

વિપુલ બળ, વાહન (સેના વગેરે) હશે. તે રાજ્યનો અધિપતિ–રાજા બનશે. હે દેવાનુપ્રિયા! તમે જે મહાસ્વપ્ન જોયા છે તે ઉત્તમ છે. આ રીતે સિદ્ધાર્થ રાજા ત્રિશલા રાણીને બીજી અને ત્રીજી વાર કહીને તેના ચિત્તને અધિક પ્રફુલ્લિત કરે છે.

[સૂત્ર–૫૭]

ત્યારબાદ ત્રિશલા ક્ષત્રિયાણી સિદ્ધાર્થ રાજા પાસેથી આ જાતનો સ્વપ્નોનો અર્થ સાંભળી હૃદયમાં ધારણ કરીને હર્ષિત, સંતુષ્ટ અને પ્રસન્ન ચિત્તવાળી થઈ, બન્ને હાથ જોડીને, દસેય નખ ભેગા કરીને મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરીને આ પ્રમાણે બોલી.

[સૂત્ર–૫૮]

હે સ્વામિન્ ! તે એમ જ છે. જેવું આપે કહ્યું તેવું જ છે. આપનું કથન સત્ય છે, સંદેહરહિત છે, ફરીફરીને ઈષ્ટ છે, હે સ્વામિન્ ! તે ઈષ્ટ અને ખૂબ ઈષ્ટ છે. આપે સ્વપ્નાના જે જે ફળ બતાવ્યા છે તે સત્ય છે.

આ પ્રમાણે કહીને તે સ્વપ્નોના અર્થનો સમ્યક્ પ્રકારે સ્વીકાર કરે છે તથા સિદ્ધાર્થ રાજાની આજ્ઞા પ્રાપ્ત કરીને વિવિધ પ્રકારના રત્નાદિથી જડેલ ભદ્રાસન ઉપરથી ઊભી થાય છે. તે ઊભી થઈને ફરીને અચપળ, શીઘ્રતારહિત, અવિલંબી, રાજહંસી સમાન મંદ ગતિથી ચાલીને જ્યાં પોતાની શય્યા છે ત્યાં આવે છે. ત્યાં આવીને મનોમન બોલી અર્થાત્ મનમાં વિચારવા લાગી.

[સૂત્ર–૫૯]

મારા તે ઉત્તમ, પ્રધાન, મંગળરૂપ મહાસ્વપ્ન બીજા ખરાબ સ્વપ્નોથી પ્રતિહત અને નિષ્ફળ બની ન જાય તે કારણે મારે જાગૃત રહેવું જોઈએ. એવો વિચાર કરીને દેવ–ગુરુજન સંબંધી પ્રશસ્ત, માંગલિક, ધાર્મિક, રસપ્રદ કથાઓના અનુચિંતનથી પોતાના મહાસ્વપ્નોની રક્ષાને માટે સારી રીતે જાગૃત રહેવા લાગી.

[સૂત્ર–૬૦]

ત્યારપછી સિદ્ધાર્થ ક્ષત્રિય પ્રભાત થતા કુટુંબીજનોને બોલાવે છે. બોલાવીને આ રીતે કહે છે – હે દેવાનુપ્રિયો! તુરત જ આજે બહારની ઉપસ્થાનશાળા (રાજસભા ભવન)ને વિશેષ રૂપથી સુગંધિત જળથી સિંચન કરો, સાફ કરીને તેનું (છાણ વગેરેથી) લિંપણ કરો, ઠેકઠેકાણે શ્રેષ્ઠ સુગંધિત પંચવર્ણોના પુષ્પસમૂહથી સુશોભિત કરો. કાલાગુરુ, ઉત્તમ કુંદરુ તથા તુર્કી ધૂપથી સુગંધિત બનાવો. અહીં તહીં સુગંધિત દ્રવ્યોના છંટકાવ કરીને સુગંધિત ગુટિકા સમાન બનાવો. જાતે કરો અને બીજા પાસે કરાવો તથા કરી, કરાવીને ત્યાં એક સિંહાસન ગોઠવાવો.

ગોઠવાવીને પછી મારી આજ્ઞાનું પાલન કરી મને તુરંત જણાવો.''

[સૂત્ર–૬૧]

ત્યારપછી તે કૌટુંબિક પુરુષો સિદ્ધાર્થ રાજા દ્વારા એવા પ્રકારનો આદેશ મળતા હર્ષિત થયા અને ઉલ્લસિત હૃદયથી પહેલાની માફક મસ્તક ઉપર અંજલિ કરીને 'હે સ્વામિન્ ! જેવી આપની આજ્ઞા' એમ કહીને, આજ્ઞાનો વિનય–પૂર્વક વચનથી સ્વીકાર કરીને સિદ્ધાર્થ ક્ષત્રિયની પાસેથી બહાર નીકળે છે.

બહાર નીકળીને જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા છે, ત્યાં આવે છે. આવીને તરત જ ઉપસ્થાનશાળાને સુગંધિત જળથી સિંચિત કરીને બરાબર સિંહાસન સજાવે છે. સિંહાસન સજાવીને જ્યાં સિદ્ધાર્થ ક્ષત્રિય છે ત્યાં આવે છે. આવીને બે હાથ જોડીને દશ નખ ભેગા કરી મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ જોડી, સિદ્ધાર્થ ક્ષત્રિયની આજ્ઞાને પુનઃ સમર્પિત કરે છે.

[સૂત્ર–૬૨]

ત્યારપછી તે સિદ્ધાર્થ ક્ષત્રિય પ્રાતઃકાળ સમયે જ્યારે ઉત્પલ કમલ વિકસિત થાય છે, હરણોના કોમળ નેત્રો ખૂલવા લાગે છે, ઉજ્જવળ પ્રભાત થવા લાગે છે અને લાલ અશોકના પ્રભાપુંજ જેવું, કિંશુકના રંગ સમાન, પોપટની ચાંચ અને અર્ધ ચણોઠીના લાલ રંગ સમાન મોટા મોટા જળાશયોમાં સરખી રીતે ઉત્પન્ન થતા કમળોને વિકસિત કરનાર, હજાર કિરણોના તેજથી પ્રદીપ્ત દિવસને કરનાર સૂર્યનો ઉદય થયો, ત્યારે શય્યા ઉપરથી ઊઠે છે.

[સૂત્ર–૬૩]

મહારાજા સિદ્ધાર્થ શય્યા આસનથી ઊઠે છે, પાદપીઠિકાથી ઊતરે છે, પાદપીઠિકાથી ઊતરીને જ્યાં વ્યાયામ શાળા છે ત્યાં આવીને વ્યાયામશાળામાં પ્રવેશ કરે છે.

પ્રવેશ કરીને અનેક વ્યાયામ યોગ્ય વલ્ગન–કૂદવું વ્યામર્દન–એક બીજાની ભૂજા વગેરે અંગોને મરડવા, મલ્લયુદ્ધ–કૂસ્તી કરવી વગેરે વિવિધ વ્યાયામો કરવાથી જ્યારે તે થાકી ગયા ત્યારે થાકને દૂર કરવા વિવિધ ઔષધોનું મેળવણ કરીને સો–સો વાર પકવવામાં આવેલ અથવા સો મુદ્રાઓના વ્યયથી બનેલ એવા શતપાક તેલથી અને જે હજાર વાર પકવવામાં આવેલ હોય અથવા જેને પકવવામાં હજાર મહોરો લાગી હોય એવા સહસ્રપાક વગેરે સુગંધિત તેલોથી મર્દન કર્યું.

તે તેલ અત્યંત ગુણકારી, રસ, રુધિર ધાતુની વૃદ્ધિ કરનાર, ક્ષુધા પ્રદીપ્ત કરનાર, બળ, માંસ અને તેજને વધારનાર, કામોદ્દીપક, પુષ્ટિકારક અને બધી ઈન્દ્રિયોને સુખદાયક હતું.

અંગમર્દન કરનારા, સંપૂર્ણ હાથ, પગવાળા સુકોમળ કોમળ તળિયાવાળા, મર્દન

કરવામાં તથા મર્દન કરીને ઊતારેલ તેલને પાછુ કાઢવામાં દક્ષ–પ્રવીણ સ્ફૂર્તિથી મર્દન કરનારાઓમાં આગેવાન, મર્દન કળાના વિશેષજ્ઞ, ચતુર, શરીરનો સંકેત સમજવામાં કુશળ, બુદ્ધિમાન તથા પરિશ્રમથી હાર નહીં માનનાર હતા.

તેવા માલિશ કરનાર પુરુષોએ અસ્થિને સુખદાયક, માંસને સુખદાયક, ત્વચાને સુખદાયક, રોમરાજીને સુખદાયક, આ રીતે ચાર પ્રકારની સુખદાયક અંગ સુશ્રુષાવાળી માલિશ કરી. માલિકથી બધો થાક ઊતરી ગયો. સિદ્ધાર્થ ક્ષત્રિય વ્યાયામશાળામાંથી બહાર નીકળ્યા.

[સૂત્ર–૬૪]

સિદ્ધાર્થ રાજા વ્યાયામશાળામાંથી બહાર નીકળીને જ્યાં મજ્જનગૃહ (સ્નાનગૃહ) છે ત્યાં આવે છે. ત્યાં આવીને સ્નાનગૃહમાં પ્રવેશ કરે છે, પ્રવેશ કરીને મોતીઓના સમૂહથી રમણી, વિવિધ મણિઓ તથા રત્નોથી જડિત ભાવવાળા સુંદર સ્નાનમંડપમાં વિવિધ મણિ રત્નાદિની કળાપૂર્ણ કારીગરીથી બનેલી અદ્‌ભુત સ્નાન–પીઠ (બાજોઠ) ઉપર સુખપૂર્વક બેસે છે. ત્યાં સિદ્ધાર્થ ક્ષત્રિયને પુષ્પોદક, ગંધોદક, ઉષ્ણોદક, શુભોદક, શુદ્ધોદકથી કલ્યાણકારક વિધિથી સ્નાન વિધિ વિશેષજ્ઞો દ્વારા કરાવવામાં આવ્યું તથા સ્નાન કરતી વખતે ઘણી જાતના–સેંકડો કૌતુકો કરવામાં આવ્યા.

કલ્યાણપ્રદ શ્રેષ્ઠ સ્નાનવિધિ પૂર્ણ થતા રૂંવાદાર, મુલાયમ, સુગંધિત લાલ વસ્ત્રથી શરીરને લૂંછવામાં આવ્યું. ત્યાર બાદ શ્રેષ્ઠ, નવીન અને બહુમૂલ્ય વસ્ત્રો ધારણ કર્યા. શરીર ઉપર સરસ સુગંધિત ગોશીર્ષ ચંદનનો લેપ કરવામાં આવ્યો. પીઠી ચોળવામાં આવી, પવિત્ર માળા પહેરી, શરીર ઉપર કેસરમિશ્રિત સુગંધિત ચૂર્ણનો છંટકાવ કર્યો.

મણિઓથી જડેલા સોનાના આભૂષણ પહેર્યા. અઢાર સરના, નવ સરના, ત્રણ સરના અને એક સરના હારો ગળામાં ધારણ કર્યા. લાંબા લટકતા કંદોરા ધારણ કરીને સુશોભિત લાગવા લાગ્યા અને કંઠને શોભિત કરાવનાર વિવિધ પ્રકારના આભૂષણ ધારણ કર્યા. આંગળીઓમાં અંગુઠીઓ પહેરી, રત્નજડિત સોનાના કડાથી અને બાહુબંધથી રાજા સિદ્ધાર્થની બન્ને ભૂજાઓ ચમકી ઊઠી.

આ રીતે રાજા સિદ્ધાર્થ શરીર સૌંદર્યની અદ્‌ભુત પ્રભાથી દિવ્ય લાગવા લાગ્યા. કુંડળ ધારણ કરવાથી તેમનું મુખ ચમકતુ હતુ અને મુગટ ધારણ કરવાથી મસ્તક તેના પ્રકાશથી ઝગમગ થતું હતું. હૃદયહારોથી ઢંકાઈ જતા દર્શનીય બની ગયુ હતુ. વીંટીઓથી આંગળીઓની આભા ચમકી ઉઠી હતી. છેવટે લાંબા લટકતા બહુમૂલ્ય વસ્ત્રનું ઉત્તરાસન ધારણ કર્યું. નિપુણ કલાકારો દ્વારા બનાવેલ વિવિધ મણિરત્નોથી જડિત શ્રેષ્ઠ બહુમૂલ્ય પ્રભા સમાન

સુંદર વીરવલયો પહેર્યા.

વધુ વર્ણન શું કરવું ? સાક્ષાત કલ્પવૃક્ષ જ હોય તેવા તે રાજા દેખાતા હોય. એ રીતે અલંકૃત અને વિભૂષિત થયા. એવા સિદ્ધાર્થ રાજાના શિર ઉપર છત્રધારકોએ કોરંટના પુષ્પોની માળાઓ જેમાં લટકી રહેલ હતી તેવું છત્ર ધારણ કર્યું. શ્વેત અને ઉત્તમ ચામરોથી વીંજન કરવામાં આવ્યું. તેમને નિહાળતા જ જનતાના મુખથી 'જય થાઓ, જય થાઓ' એવી જાતનો મંગળનાદ નીકળવા લાગ્યો.

આ પ્રમાણે અલંકૃત થઈને અનેક ગણનાયકો, દંડનાયકો, રાઈસરો, તલવરો, માડંબિકો, કૌટુંબિકો, મંત્રીઓ, મહામંત્રીઓ, ગણકો, દૌવારિકો, અમાત્યો તથા ચેટ પીઠમર્દક, નાગર, નિગમ, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ, દૂત, સંધિપાલ વગેરેથી ઘેરાયેલ સિદ્ધાર્થ જેમ શ્વેત મહામેઘમાંથી ચંદ્ર નીકળે છે તેવી રીતે બહાર નીકળ્યા. જેવી રીતે ગ્રહ, નક્ષત્ર અને તારા ગણોની મધ્યમાં ચંદ્ર શોભે છે તેવી રીતે તે શોભાયમાન થઈ રહેલ હતા. ચંદ્રની માફક તે પ્રિયદર્શી નરપતિ સ્નાન–ગૃહમાંથી બહાર નીકળ્યા.

[સૂત્ર–૬૫]

સ્નાનગૃહથી બહાર નીકળીને (સિદ્ધાર્થ) જ્યાં બહારની ઉપસ્થાનશાળા છે ત્યાં આવે છે, ત્યાં આવીને સિંહાસન ઉપર પૂર્વ દિશા તરફ મોં કરીને બેસે છે, બેસીને પોતાથી ઉત્તરપૂર્વ દિશામાં (ઈશાન ખૂણામાં) શ્વેત વસ્ત્રોથી ઢંકાયેલા અને જેના ઉપર સરસવ વગેરેથી માંગલિક ઉપચાર કરવામાં આવેલ છે એવા આઠ ભદ્રાસન ગોઠવાવે છે.

ગોઠવાવીને પોતાનાથી અતિ નિકટ નહીં કે અતિ દૂર નહીં એવી રીતે વિવિધ મણિરત્નોથી મંડિત ઘણા જ દર્શનીય અને મહામૂલ્યવાળા મોટા અને પ્રતિષ્ઠિત નગરમાં બનાવડાવેલા પારદર્શક પટ્ટસૂત્ર પથરાવે છે. જેની ઉપર સેંકડો ચિત્રોથી ચીતરેલા ઇહામૃગ, વૃષભ, અશ્વ, મનુષ્ય, મગર, પક્ષી, સર્પ, કિન્નર, રૂરૂ (મૃગવિશેષ) અષ્ટાપદ, ચમરી ગાય, હસ્તી, વનલતા, પદ્મલતા વગેરેના ચિત્રો દોરેલા હતા.

આવા અંતઃપુર માટે યોગ્ય યવનિકા (પડદો) નખાવે છે, યવનિકાથી અંદરના ભાગમાં વિવિધ મણિરત્નોથી જડિત, ચિત્રવિચિત્ર તકીયાવાળુ, મુલાયમ ગાદીવાળુ સફેદ વસ્ત્રથી આચ્છાદિત, ઘણુ જ મૃદુ, શરીરને માટે સુખકારી સ્પર્શવાળું વિશિષ્ટ પ્રકારનું ભદ્રાસન ત્રિશલા ક્ષત્રિયાણીને માટે મૂકાવે છે.

[સૂત્ર–૬૬]

ભદ્રાસન મૂકાવીને રાજા સિદ્ધાર્થ પોતાના સેવકજનોને બોલાવે છે. બોલાવી તેમને આ

રીતે કહે છે – હે દેવાનુપ્રિયો! શીઘ્ર–તરત જ અષ્ટાંગ મહાનિમિત્તના સૂત્ર અને અર્થના પારગામી, વિવિધ શાસ્ત્રોમાં કુશળ એવા સ્વપ્ન–લક્ષણ પાઠકો–સ્વપ્ન શાસ્ત્રીઓને બોલાવી લાવો.

[સૂત્ર–૬૭]

ત્યારપછી તે કુટુંબીજનો (સેવકો) સિદ્ધાર્થ રાજાએ જ્યારે આમ કહ્યું ત્યારે ખૂબ પ્રસન્ન થયા અને તેમનું હૃદય આનંદથી ઉભરાવા લાગ્યું. તેઓ બન્ને હાથ જોડીને મસ્તકે અંજલિ કરીને રાજાની આજ્ઞાનો વિનયયુક્ત વચનથી સ્વીકાર કરે છે.

સ્વીકાર કરીને સિદ્ધાર્થ ક્ષત્રિયની પાસેથી નીકળે છે, નીકળીને તેઓ કુંડગ્રામ નગરની વચ્ચોવચ્ચ થઈને જ્યાં સ્વપ્ન–લક્ષણ પાઠકોના આવાસ છે, ત્યાં આવે છે. ત્યાં આવીને સ્વપ્ન–લક્ષણ પાઠકોને બોલાવે છે.

[સૂત્ર–૬૮]

ત્યારબાદ સિદ્ધાર્થ ક્ષત્રિયના સેવકજનો દ્વારા બોલાવાયેલ સ્વપ્ન–લક્ષણ પાઠકો હર્ષિત અને તુષ્ટ થયા. પ્રસન્નચિત્ત થયા. તેમણે સ્નાન કર્યું. બલિકર્મ કર્યું. કૌતુક (કપાળમાં તિલક વગેરે) તથા સરસવ, દહીં, ચોખા, દૂર્વાદિ મંગળોથી માંગલિક કૃત્ય અને દુષ્ટ સ્વપ્ન વગેરેના ફળને નિષ્ફળ કરવા માટે પ્રાયશ્ચિત્તરૂપ કૃત્ય કર્યું. રાજ્યસભામાં જવા યોગ્ય શુદ્ધ, મંગળરૂપ, ઉત્તમ વસ્ત્રો ધારણ કર્યા. અલ્પ પરંતુ બહુમૂલ્ય આભૂષણોથી શરીરને અલંકૃત કર્યું. માથા ઉપર કપાળે સફેદ સરસવ અને ચોખા વગેરે મંગળ માટે સ્થાપના કર્યા અને પોતાના ઘેરથી નીકળ્યા.

[સૂત્ર–૬૯]

બહાર નીકળીને ક્ષત્રિયકુંડ ગ્રામ નગરની મધ્યમાંથી પસાર થઈને જ્યાં સિદ્ધાર્થ રાજાના ઉત્તમ ભવનનું પ્રવેશદ્વાર છે ત્યાં આવે છે. આવીને એકઠા થાય છે, એકઠા થઈ જ્યાં બહારની ઉપસ્થાનશાળા છે અને જ્યાં સિદ્ધાર્થ ક્ષત્રિય છે ત્યાં આવે છે. ત્યાં આવીને હાથ જોડીને મસ્તક ઉપર અંજલિ કરીને, 'જય હો, વિજય હો' એ જાતના આશીર્વાદના વચનોથી વધાવે છે.

**पुरिम–चरिमाण कप्पो मंगलं वद्धमाण तित्थम्मि ।**
**इह परिकहिआ जिण-गण-हराइ थेरावली चरित्तं ।।**

* * *

# પર્યુષણ મહાપર્વ (દિવસ-૫) વ્યાખ્યાન-૪

**पुरिम–चरिमाण कप्पो मंगलं वद्धमाण तित्थम्मि ।**
**इह परिकहिआ जिण-गण-हराइ थेरावली चरित्तं ।।**

[સૂત્ર–૭૦]

તે પછી સિદ્ધાર્થ રાજાએ સ્વપ્ન–લક્ષણ પાઠકોને વંદન કર્યું, તેમની અર્ચના કરી, સત્કાર અને સન્માન કર્યું. પછી તેઓ (સ્વપ્નપાઠકો) પૃથક્ પૃથક્ અગાઉથી ગોઠવવામાં આવેલ ભદ્રાસન ઉપર બેઠા.

[સૂત્ર–૭૧]

તે પછી સિદ્ધાર્થ ક્ષત્રિય ત્રિશલા ક્ષત્રિયાણીને પડદાની અંદર બેસાડે છે. બેસાડીને હાથમાં ફળ–ફૂલ લઈને વિશેષ વિનયપૂર્વક સ્વપ્નલક્ષણ પાઠકોને આ પ્રમાણે કહે છે –

હે દેવાનુપ્રિયો ! નિશ્ચયથી આજે ત્રિશલા ક્ષત્રિયાણીએ તથા પ્રકારની ઉત્તમ શય્યા ઉપર શયન કરતા, અર્ધનિદ્રાવસ્થામાં આ જાતના ચૌદ મહાસ્વપ્નો જોયા છે, જોઈને તે જાગૃત થઈ, તે સ્વપ્ન ગજ, વૃષભ વિગેરે છે. હે દેવાનુપ્રિયો! તે ઉદાર ચૌદ મહાસ્વપ્નોનું શું કલ્યાણકારી ફળવિશેષ હશે ?

[સૂત્ર–૭૨]

તે પછી તે સ્વપ્ન–લક્ષણ–પાઠકો, સિદ્ધાર્થ ક્ષત્રિયથી પ્રસ્તુત વૃત્તાંતને જાણીને અને સમજીને અત્યંત પ્રફુલ્લિત થયા.

તેમણે પ્રથમ તે સ્વપ્નો ઉપર સામાન્યપણે વિચાર કર્યો. તે પછી સ્વપ્નોના અર્થ ઉપર વિશેષ રૂપથી ચિંતન કરવા લાગ્યા. તે સંબંધે તેઓ એકબીજાની સાથે સંવાદ–વિચાર–વિનિમય કરવા લાગ્યા.

આ રીતે તેઓએ પોતે ચિંતન અને વિચાર–વિનિમય વડે સ્વપ્નોના અર્થને જાણ્યા. તેઓએ તે વિષયમાં પરસ્પર એકબીજાના અભિપ્રાય પૂછ્યા અને તે પછી એક નિશ્ચિત મત નક્કી કર્યો.

જ્યારે તેઓ બધા એકમત થઈ ગયા ત્યારે સિદ્ધાર્થ રાજા સમક્ષ સ્વપ્નશાસ્ત્રો અનુસાર વચન બોલતા આ રીતે કહેવા લાગ્યા –

[સૂત્ર–૭૩]

હે દેવાનુપ્રિય ! નિશ્ચિત રૂપથી અમારા સ્વપ્નશાસ્ત્રમાં બેંતાલીશ સ્વપ્ન (સામાન્ય ફળવાળા) કહેલા છે અને ત્રીસ મહાસ્વપ્નો (વિશેષ ફળવાળા) બતાવેલ છે. એ રીતે બેંતાલીસ અને ત્રીસ કુલ મળી બોંતેર સ્વપ્ન બતાવવામાં આવેલ છે, તેમાંથી હે દેવાનુપ્રિય! અરિહંતની માતા અને ચક્રવર્તીની માતા જ્યારે અરિહંત કે ચક્રવર્તી ગર્ભમાં આવે છે ત્યારે ત્રીસ મહાસ્વપ્નોમાંથી આ ચૌદ મહાસ્વપ્નોને જોઈને જાગૃત થાય છે, જેવા કે – હાથી, વૃષભ વગેરે.

[સૂત્ર–૭૪]

વાસુદેવની માતાઓ વાસુદેવ ગર્ભમાં આવતા તે ચૌદ મહાસ્વપ્નોમાંથી કોઈ સાત મહાસ્વપ્નો જોઈને જાગૃત થાય છે.

[સૂત્ર–૭૫]

બળદેવની માતાઓ જ્યારે બળદેવ ગર્ભમાં આવે છે ત્યારે તે ચૌદ મહાસ્વપ્નોમાંથી કોઈપણ ચાર મહા–સ્વપ્નોને જોઈને જાગૃ થાય છે.

[સૂત્ર–૭૬]

માંડલિક રાજાની માતાઓ જ્યારે માંડલિક રાજા ગર્ભમાં આવે છે ત્યારે તે ચૌદ મહાસ્વપ્નોમાંથી કોઈ એક મહાસ્વપ્ન જોઈને જાગૃત થાય છે.

[સૂત્ર–૭૭]

હે દેવાનુપ્રિય! ત્રિશલા ક્ષત્રિયાણીએ તે આ ચૌદ મહાસ્વપ્નો જોયા છે તે મંગળકારી છે.

હે દેવાનુપ્રિય ! ત્રિશલા ક્ષત્રિયાણીએ જે સ્વપ્ન જોયા છે તેનાથી અર્થનો લાભ, ભોગનો લાભ, પુત્રનો લાભ, સુખનો લાભ અને રાજ્યનો લાભ થશે.

હે દેવાનુપ્રિય! નિશ્ચિતપણે ત્રિશલા ક્ષત્રિયાણી નવ માસ અને સાડા સાત દિવસ પસાર થતા, તમારા કુળમાં ધ્વજા સમાન, કુળમાં દીપક સમાન, કુળમાં પર્વત સમાન, કુળમાં મુગટ સમાન, કુળમાં તિલક સમાન અને કીર્તિ વધારનાર કુળને સમૃદ્ધિ બક્ષનાર, કુળનો વિસ્તાર કરનાર, કુળના આધાર સમાન, કુળના વૃક્ષ સમાન, કુળની વિશેષ વૃદ્ધિ કરનાર, સુકોમળ હાથ અને પગવાળા, હીનતા રહિત, પાંચેય ઈન્દ્રિયોથી પરિપૂર્ણ, લક્ષણો, વ્યંજનો અને ગુણોથી યુક્ત, માન, ઉન્માન, પ્રમાણથી પરિપૂર્ણ, સુજાત, સર્વાંગ સુંદર, ચંદ્ર સમાન, સૌમ્ય આકૃતિવાળા, કાંત, પ્રિયદર્શી અને સુરૂપ પુત્રને જન્મ આપશે.

[સૂત્ર–૭૮]

તે પુત્ર પણ જ્યારે બાલ્યાવસ્થા પૂરી કરીને, ભણી–ગણીને પૂર્ણ જ્ઞાનવાળો થશે અને

યૌવનને પ્રાપ્ત કરશે તે શૂર, વીર અને અત્યંત પરાક્રમી બનશે. તેની પાસે વિરાટ સેના અને વાહન હશે. ચારેય દિશામાં સમુદ્રના અંત સુધી ભૂમંડળના સ્વામી ચક્રવર્તી બનશે અથવા ત્રણ લોકના નાયક, શ્રેષ્ઠ ધર્મ ચક્રવર્તી જિન તીર્થંકર બનશે.

આ રીતે હે દેવાનુપ્રિય! ત્રિશલા ક્ષત્રિયાણીએ ઉદાર સ્વપ્ન જોયેલ છે. અથવા હે દેવાનુપ્રિય! ત્રિશલા ક્ષત્રિયાણી એ જે સ્વપ્ન જોયેલ છે તે આરોગ્યદાયક, તુષ્ટિદાયક, દીર્ઘ આયુષ્યના સૂચક, કલ્યાણ અને મંગલકારી છે.

[સૂત્ર–૭૯]

તે પછી તે સિદ્ધાર્થ રાજા સ્વપ્નપાઠકો પાસેથી ફળ સાંભળીને, સમજીને અત્યંત પ્રસન્ન થયા, અત્યધિક તુષ્ટ થયા. પ્રસન્નતાથી તેનું હૃદય પ્રફુલ્લિત થયું. તેણે હાથ જોડીને સ્વપ્નલક્ષણ પાઠકોને આ પ્રમાણે કહ્યું –

[સૂત્ર–૮૦]

હે દેવાનુપ્રિયો ! આપે આ જે કહ્યું તે એમ જ છે, તે પ્રમાણે જ છે. હે દેવાનુપ્રિયો ! આપે જે કહેલ છે તે યથાર્થ છે, અમને ઈષ્ટ છે, સ્વીકૃત છે, મનને ગમતું છે, હે દેવાનુપ્રિયો ! આ કથન જે આપે કહેલ છે તે સત્ય છે.

આ પ્રમાણે તેઓ તે સ્વપ્નોનો વિનયપૂર્વક સ્વીકાર કરે છે. સ્વીકાર કરીને સ્વપ્નલક્ષણ પાઠકોને વિપુલ પુષ્પ સુગંધિત ચૂર્ણ, વસ્ત્ર, માળાઓ, આભૂષણ વગેરે આપીને તેમનો અત્યંત સન્માનપૂર્વક સત્કાર કરે છે, સત્કાર–સન્માન કરીને તેમને જીવન પર્યંત ચાલે તેટલું પ્રીતિદાન આપે છે. આ પ્રમાણે પ્રીતિદાન આપીને તેઓ સ્વપ્ન લક્ષણ પાઠકોને સન્માનપૂર્વક વિદાય કરે છે.

[સૂત્ર–૮૧]

તે પછી સિદ્ધાર્થ ક્ષત્રિય પોતાના સિંહાસન ઉપરથી ઊઠે છે. સિંહાસન ઉપરથી ઊઠીને જ્યાં ત્રિશલા ક્ષત્રિયાણી પડદાની પાછળ હતા ત્યાં આવે છે. ત્યાં આવીને ત્રિશલા ક્ષત્રિયાણીને આ પ્રમાણે કહે છે –

[સૂત્ર–૮૨]

હે દેવાનુપ્રિયા! આ પ્રમાણે નિશ્ચયથી સ્વપ્નશાસ્ત્રમાં બેંતાલીસ સ્વપ્ન કહેલ છે – "તીર્થંકર, ચક્રવર્તી, માંડલિક રાજા વગેરે જ્યારે ગર્ભમાં આવે છે ત્યારે તેમની માતા ત્રીસ મહાસ્વપ્નોમાંથી ચૌદ યાવત્ કોઈપણ એક મહા સ્વપ્ન જોઈને જાગૃત થાય છે, ઈત્યાદિ બધું કહે છે –

[સૂત્ર–૮૩]

હે દેવાનુપ્રિયા! તમે જે ચૌદ મહાસ્વપ્ન જોયેલ છે તે અતિશય પ્રધાન છે, ત્યાંથી માંડી તમે ત્રણે લોકના નાયક, શ્રેષ્ઠ ધર્મચક્રવર્તી, જિન (બનનાર) એવા પુત્રને જન્મ પ્રદાન કરશો.

[સૂત્ર–૮૪]

તે પછી તે ત્રિશલા ક્ષત્રિયાણી સિદ્ધાર્થ રાજા પાસેથી વૃત્તાંત સાંભળીને, સમજીને ઘણી પ્રસન્ન થઈ. પુષ્કળ સંતોષને પામી, અત્યંત પ્રસન્ન થવાથી તેનું હૃદય વિકસિત થયું. તેણે બન્ને હાથ જોડીને મસ્તકે અંજલી કરીને સ્વપ્નોના અર્થનો સારી રીતે સ્વીકાર કર્યો.

[સૂત્ર–૮૫]

સ્વપ્નોના અર્થને સારી રીતે સ્વીકાર કર્યા પછી, સિદ્ધાર્થ રાજાની આજ્ઞા મેળવીને તે વિવધ મણિ–રત્નોની રચનાથી ચમકતા ભદ્રાસન ઉપરથી ઊભી થાય છે. ઊભી થઈને શીઘ્રતા રહિત, ચપળતા રહિત, વેગ રહિત, અવિલંબી રાજહંસી જેવી ગતિથી ચાલીને જ્યાં પોતાનું ભવન છે ત્યાં આવીને પોતાના ભવનમાં દાખલ થાય છે.

[સૂત્ર–૮૬]

જ્યારથી શ્રમણ ભગવાન મહાવીર જ્ઞાતકુળમાં સંક્રમિત થયા ત્યારથી વૈશ્રમણને આધીન એવા તીરછા લોકમાં નિવાસ કરનારા, જૃંભક દેવો, ઇન્દ્રની આજ્ઞાથી જે અત્યંત પ્રાચીન મહાનિધાનો હતા તેને લાવી–લાવીને સિદ્ધાર્થ રાજાના ભવનમાં એકત્રિત કરવા લાગ્યા. પ્રાપ્ત થનારા તે પ્રાચીન મહાનિધાનો આવા પ્રકારના હતા –

જે ધનભંડારોમાં વર્તમાનમાં કોઈ અધિકૃત અધિકારી ન રહ્યા હોય, જેમાં કોઈ પણ વૃદ્ધિ કરનારા ન રહ્યા હોય, જે ધનભંડારોના જે સ્વામી હતા તેના ગોત્રમાં પણ કોઈ રહ્યું ન હોય, જે ધનભંડારોના અધિકારીઓનો પણ ઉચ્છેદ થઈ ગયો હોય અને અધિકારીઓના ગોત્રની વ્યક્તિઓનો પણ ઉચ્છેદ થઈ ગયો હોય, જે ઘરોના નામ, નિશાન કે અવશેષ પણ રહ્યા ન હોય એવા ધનભંડારો કે જે જ્યાં ક્યાંય પણ ગામોમાં, ખાણોમાં, નગરોમાં, ખેટક–માટીથી બનાવેલા ગઢવાળા ગામોમાં, નગરની પંક્તિમાં ન શોભતા હોય તેવા ગામોમાં, જે ગામોની નજીક ચારે તરફ બબ્બે ગાઉ સુધી કોઈ ગામ ન હોય એવા મડંબોમાં.

(તથા) જળ અને સ્થળ માર્ગમાંથી–જ્યાં કેવળ કોઈપણ એક માર્ગથી જઈ શકાય એવા પત્તનોમાં, તીર્થસ્થળો કે તાપસોના નિવાસસ્થળ આશ્રમોમાં, સમભૂમિમાં કે જ્યાં ખેડૂતો ખેતી કરીને ધાન્યની રક્ષા માટે ધાન્ય રાખે છે તેવા ખળામાં, સેનાઓ, સાર્થવાહો અને મુસાફરો જ્યાં આરામ કરે છે તે સ્થળોમાં કે પડાવોમાં અથવા સિંઘોડાની માફક ત્રણ માર્ગ એકત્રિત થતા

હોય ત્યાં ત્રિભેટા ઉપર, ચાર માર્ગ એકત્રિત થતા હોય ત્યાં ચોકમાં અથવા અનેક માર્ગ એકત્રિત થતા હોય તેવા રાજમાર્ગોમાં, દેવાલયોમાં, ગ્રામ અથવા નગરના સ્થાનોમાં, નિર્જન ગામ કે નગરના સ્થળોમાં, વનોમાં, વનખંડોમાં, સ્મશાનોમાં, શૂન્યગૃહોમાં, પર્વતની ગુફાઓમાં, શાંતિગૃહોમાં પર્વતોને કોતરીને બનાવવામાં આવેલ ગૃહોમાં, સભાસ્થળોમાં તથા માટીના ઘરોમાં, એવી ભૂમિ કે જ્યાં ગુપ્ત રીતે રાખેલા ધનભંડાર છે ત્યાંથી લાવી લાવીને તે જૃંભક દેવો સિદ્ધાર્થ રાજાના ભવનમાં સ્થાપિત કરે છે.

[સૂત્ર–૮૭]

જે રાત્રે શ્રમણ ભગવાન મહાવીરને જ્ઞાતકુળમાં લાવવામાં આવ્યા તે જ રાતથી સંપૂર્ણ જ્ઞાતકુળ ચાંદીથી, સોનાથી, ધન–ધાન્યથી, રાજ્યથી, રાષ્ટ્રથી, સેનાથી, વાહનથી, કોશથી, કોષ્ઠાગારથી, નગરથી, અંતઃપુરથી, જનપદથી, યશ અને કીર્તિથી વૃદ્ધિ પામવા લાગ્યું.

તે જ પ્રમાણે વિપુલ ધન, સોનું, રત્ન, મણિ, મોતી, દક્ષિણાવર્ત શંખ, શિલા, પ્રવાલ, પદ્મરાગ, માણેક વગેરે સારભૂત સંપત્તિથી પણ જ્ઞાતૃકુળમાં લોકોમાં પરસ્પર પ્રીતિ, આદર અને સત્કાર–સદ્‌ભાવ વધવા લાગ્યો.

[સૂત્ર–૮૮]

તે પછી શ્રમણ ભગવાન મહાવીરના માતા–પિતાને ચિંતન, અભિલાષરૂપ મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે જ્યારથી આ અમારો પુત્ર કુક્ષિમાં ગર્ભપણે આવેલ છે ત્યારથી અમે હિરણ્યથી, સુવર્ણથી, ધનથી, ધાન્યથી, રાજ્યથી, રાષ્ટ્રથી, સેનાથી, વાહનોથી, ધન–ભંડારથી, પુરથી, અંતઃપુરથી, જનપદથી, યશકીર્તિથી વૃદ્ધિ પામી રહ્યા છીએ તથા ધન, કનક, રત્ન, મણિ, મોતી, શંખ, શિલા, પ્રવાલ અને માણેક વગેરે નિશ્ચયથી આપણે ત્યાં અત્યધિક વધવા લાગ્યા છે. તથા આપણે સારરૂપ દ્રવ્યાદિથી તથા પ્રીતિ અને સત્કારના સમુદયથી અતિ અતિ વૃદ્ધિ પામી રહ્યા છીએ.

તેથી જ્યારે આપણો આ પુત્ર જન્મ લેશે ત્યારે આપણે આ પુત્રનું તેના અનુરૂપ ગુણોને અનુસરણ કરનારુ ગુણસંપન્ન ‘વર્ધમાન’ નામ રાખશું.

[સૂત્ર–૮૯]

તે પછી શ્રમણ ભગવાન મહાવીર માતા પ્રત્યે અનુકંપા કરવા માટે અર્થાત્ ‘ગર્ભમાં હલન–ચલન કરીશ તો માતાને કષ્ટ થશે’ એવું વિચારી નિશ્ચલ થઈ ગયા, હલન–ચલન બંધ કરી દીધું, અકંપ બની ગયા, પોતાના અંગોપાંગને સંકોચી આલીન, પ્રલીન અને ગુપ્ત થઈ ગયા અર્થાત્ માતાની કુક્ષિમાં હલન–ચલન રહિત થઈને રહ્યા.

[સૂત્ર-૯૦]

ત્યારે ત્રિશલા ક્ષત્રિયાણીના મનમાં એવા પ્રકારનો વિચાર આવ્યો કે – શું મારો આ ગર્ભ હરાઈ ગયો છે કે શું મરી ગયો છે કે અથવા શું મારો ગર્ભ ચ્યવી ગયો છે! કારણ કે મારો આ ગર્ભ પહેલાં હાલતો-ચાલતો હતો તે હવે હાલતો-ચાલતો નથી. આવા પ્રકારનો વિચાર કરીને તે ખિન્ન મનવાળી બનીને ચિંતા અને શોકના સાગરમાં ડૂબી ગઈ. હથેળી ઉપર મુખ રાખી આર્તધ્યાન કરવા લાગી. ભૂમિ તરફ દૃષ્ટિ કેન્દ્રિત કરીને ચિંતા કરવા લાગી.

તે વખતે સિદ્ધાર્થ રાજાનું સંપૂર્ણ ઘર શોકાકુળ થઈ ગયું. જ્યાં પહેલાં મૃદંગ, વીણા વગેરે વાદ્ય વાગતા હતા, રાસ ક્રીડાઓ થતી હતી, નાટક થતા હતા, જયજયકાર થતો હતો ત્યાં સર્વત્ર શૂન્યતા વ્યાપી ગઈ, ઉદાસીનતા છવાઈ ગઈ. દિન-વિમનસ્ક થઈ ગયું.

[સૂત્ર-૯૧]

તે પછી શ્રમણ ભગવાન મહાવીર, માતાના મનમાં સમુત્પન્ન આ જાતના વિચાર, ચિંતન અભિલાષારૂપ મનોગત સંકલ્પને જાણીને શરીરના એક ભાગને હલાવે છે.

[સૂત્ર-૯૨]

તે પછી ત્રિશલા ક્ષત્રિયાણી ખૂબ પ્રસન્ન થઈ, તુષ્ટ થઈ. પ્રસન્નતાથી તેનું હૃદય વિકસિત થયું. પ્રસન્ન થઈને તે આ પ્રમાણે વિચારવા લાગી. નક્કી લાગે છે કે મારા ગર્ભનું હરણ થયેલ નથી કે મારો ગર્ભ ગળી ગયો નથી. જે મારો ગર્ભ પહેલા હલતો ન હતો તે હવે હલવા લાગ્યો છે. આ રીતે વિચારીને તે અત્યંત પ્રસન્ન થઈ, સંતોષને પ્રાપ્ત કર્યો અને ઘણા આનંદપૂર્વક રહેવા લાગી.

[સૂત્ર-૯૩]

તે પછી શ્રમણ ભગવાન મહાવીરે ગર્ભમાં રહ્યા-રહ્યા આવી જાતનો અભિગ્રહ (નિયમ કે સંકલ્પ) સ્વીકાર્યો કે, "જ્યાં સુધી મારા માતાપિતા જીવતાં હશે ત્યાં સુધી હું મુંડિત થઈને ગૃહવાસનો ત્યાગ કરી દીક્ષા અંગિકાર કરીશ નહિ."

[સૂત્ર-૯૪]

તે પછી ત્રિશલા ક્ષત્રિયાણીએ સ્નાન કર્યું, બલિકર્મ કર્યું, કૌતુક-મંગલ, પ્રાયશ્ચિત્ત કર્યું. સંપૂર્ણ અલંકારોથી ભૂષિત થઈ, ગર્ભનું પોષણ કરવા લાગી. તેણીએ અત્યંત ઠંડા, અત્યંત ગરમ, અત્યંત તીખા, અત્યંત કડવા, અત્યંત તૂરા, અત્યંત ખાટા, અત્યંત મીઠા, અત્યંત ચીકણા, અત્યંત સૂકા, અત્યંત આર્દ્રા, ઋતુથી પ્રતિકૂળ એવા ભોજન અને માળાઓનો ત્યાગ કરી દીધો. ઋતુને અનુકૂળ સુખકારી, ભોજન, વસ્ત્ર, ગંધ અને માળાઓને ધારણ કર્યા.

તે રોગરહિત, શોકરહિત, મોહરહિત, ભયરહિત, ત્રાસરહિત રહેવા લાગી તથા તે ગર્ભને માટે હિતકર, પરિમિત પથ્ય અને ગર્ભને પોષણ આપનારા, આહાર–વિહાર કરતી સાવધાનીપૂર્વક રહેવા લાગી. તે દેશ અને કાળ અનુસાર આહાર કરતી, દોષરહિત, મુલાયમ આસન ઉપર બેસતી, એકાંત શાંત–વિહારભૂમિમાં રહેવા લાગી.

[સૂત્ર–૯૫]

તેને ગર્ભના પ્રભાવથી પ્રશસ્ત દોહદ ઉત્પન્ન થયા. તે દોહદોને મહારાજા સિદ્ધાર્થે સન્માનપૂર્વક પૂર્ણ કર્યા. દોહદોની જરા જેટલી પણ ઉપેક્ષા ન કરી, દોહદોને અપમાનિત ન કર્યા. તેણીના મનોવાંછિત દોહદ પૂર્ણ થવાથી હૃદય શાંત થઈ ગયું. પછી તેને દોહદ ઉત્પન્ન થયો નહિ. તે સુખપૂર્વક ટેકો લઈને બેસે છે, સૂએ છે, ઊભી રહે છે, આસન ઉપર બેસે છે, શય્યા ઉપર સૂએ છે અને સુખપૂર્વક ગર્ભને ધારણ કરે છે.

* * *

* ભગવંત મહાવીર જન્મ વાંચન *

[સૂત્ર–૯૬]

તે કાળે અને તે સમયે (શ્રમણ ભગવાન મહાવીર) જ્યારે ગ્રીષ્મ ઋતુ ચાલી રહેલ હતી, ગ્રીષ્મનો પ્રથમ માસ ચૈત્ર માસ અને તેનો શુક્લ પક્ષ ચાલી રહેલ હતો, ચૈત્ર માસના શુક્લપક્ષનો તેરમો દિવસ હતો અર્થાત્ ચૈત્ર સુદ–૧૩ના દિવસે, નવ માસ અને સાડા સાત દિવસ પસાર થયા હતા.

તે વખતે જ્યારે બધા ગ્રહ ઉચ્ચ સ્થાનમાં આવેલ હતા, ચંદ્રનો પ્રથમ યોગ ચાલી રહેલો હતો, દિશાઓ બધી સૌમ્ય, અંધકાર રહિત અને વિશુદ્ધ હતી, જય–વિજયના સૂચક બધી જાતના શુકન હતા. શીતળ, મંદ સુગંધિત પવન પ્રદક્ષિણાવર્ત પૂર્વક વાતો હતો, પૃથ્વી ધાન્યથી સુસમૃદ્ધ હતી, દેશના બધા માણસોના મનમાં આનંદ–પ્રમોદ હતો.

ત્યારે મધ્યરાત્રિના સમયે હસ્તોત્તરા અર્થાત્ ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રના યોગમાં આરોગ્યસંપન્ન ત્રિશલા ક્ષત્રિયાણીએ નિરોગી અને સ્વસ્થ એવા પુત્રને જન્મ આપ્યો.

**पुरिम–चरिमाण कप्पो मंगलं वद्धमाण तित्थम्मि ।**
**इह परिकहिआ जिण-गण-हराइ थेरावली चरित्तं ।।**

* * *

# પર્યુષણ મહાપર્વ (દિવસ–૬) વ્યાખ્યાન ૫

**पुरिम–चरिमाण कप्पो मंगलं वद्धमाण तित्थम्मि ।**
**इह परिकहिआ जिण-गण-हराइ थेरावली चरित्तं ।।**

[સૂત્ર–૯૭]

જે રાત્રે શ્રમણ ભગવાન મહાવીરે જન્મ ગ્રહણ કર્યો તે રાતે ઘણા દેવ–દેવીઓનું ઉપર–નીચે આવાગમન થવાથી લોકમાં એક જાતનો કોલાહલ મચી ગયો અને સર્વત્ર કલકલ નાદ વ્યાપી ગયો.

[સૂત્ર–૯૮]

જે રાત્રે શ્રમણ ભગવાન મહાવીરે જન્મ ધારણ કર્યો તે રાત્રે કુબેરની આજ્ઞામાં રહેલા તિરછા લોકમાં રહેનારા અનેક જૃંભક દેવોએ સિદ્ધાર્થ રાજાના ભવનમાં ચાંદીની, સોનાની, રત્નોની, હીરાની, વસ્ત્રોની, આભૂષણોની, નાગરવેલના પત્રોની, પુષ્પોની, ફળોની, બીજોની, માળાઓની, સુગંધિત પદાર્થોની, વિવિધ પ્રકારના રંગોની, સુગંધિત ચૂર્ણોની અને સુવર્ણ મુદ્રાઓની વૃષ્ટિ કરી.

[સૂત્ર–૯૯]

તે પછી સિદ્ધાર્થ ક્ષત્રિય, ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો દ્વારા તીર્થંકર જન્માભિષેક મહિમા પૂરો થયા પછી સવારે નગર રક્ષકોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહે છે –

[સૂત્ર–૧૦૦]

હે દેવાનુપ્રિયો ! જલદીથી કુંડપુર નગરના કારાગૃહને ખાલી કરી નાખો, અર્થાત્ બધા કેદીઓને મુક્ત કરી દો. તોલ–માપને વધારો (અર્થાત્ વેપારીઓને કહો કે ઘી, અન્નાદિ પદાર્થ સસ્તા વેંચો, સસ્તા વેચવાથી જે નુકસાન જશે તેની પૂર્તિ રાજ્યકોષમાંથી કરવામાં આવશે.) તોલમાપ વધાર્યા પછી કુંડપુર નગરની અંદર અને બહાર સુગંધિત પાણીનો છંટકાવ કરાવો, સાફ કરાવો, લીંપણ કરાવો, કુંડપુર નગરના ત્રિભેટામાં, ચોકમાં, ચોતરામાં, રાજમાર્ગ અથવા સામાન્ય બધા માર્ગોમાં પાણી છંટાવો, તેમને પવિત્ર બનાવો.

જ્યાં ત્યાં બધી ગલીઓમાં અને બધા બજારોમાં પાણીના છંટકાવથી તેને સ્વચ્છ કરીને

તે સ્થાનો ઉપર જોવા માટે, આગંતુકોને બેસવા માટે મંચ બનાવો, વિવિધ રંગોથી સુશોભિત ધજા અને પતાકાઓ બંધાવો, આખું નગર લીંપી–ગૂપીને સ્વચ્છ બનાવો. નગરના ભવનોની ભીંતો ઉપર ગોશીર્ષ ચંદનના, સરસ રક્તચંદનના, દર્દર (મલય) ચંદનના, પાંચે આંગળાના થાપા દૃષ્ટિગોચર થાય એ જાતના થાપા લગાવો. ઘરોની અંદર ચોકમાં ચંદન–કળશ રખાવો, દ્વારે દ્વારે ચંદનના સુંદર તોરણ બંધાવો, જ્યાં ત્યાં સુંદર દેખાતી અને પૃથ્વીને સ્પર્શ કરતી લાંબી ગોળ માળા લટકાવડાવો.

પાંચ વર્ણના સુંદર–સુગંધિત ફૂલોનો ઢગલો કરાવો. પુષ્પોને અહીં તહીં ચારે બાજુ પથરાવો, ઠેકઠેકાણે ફૂલોનાં ઘરો રચાવો. ચારે તરફ સર્વત્ર પ્રજ્વલિત શ્યામ અથવા ઉત્તમ કુંદરૂક લોબાન, આદિ સળગતા ધૂપની સુગંધથી સંપૂર્ણ નગરને સુગંધિત કરો. સુગંધથી આખું નગર મહેકી ઊઠે તેવું કરો. સુગંધની અધિકતાના કારણે આખું નગર ગંધગુટિકા સમાન લાગે તેવું બનાવો.

જનરંજનને માટે ઠેકઠેકાણે નટ–નાટક કરો, નૃત્ય કરનારા નૃત્ય કરે, દોરડા ઉપર ખેલ બતાવનારા ખેલ બતાવે, મલ્લ કુસ્તી કરે, મુષ્ઠિથી કુસ્તી કરનારા મુષ્ઠિથી કુસ્તી કરે, વિદૂષકો લોકોને હસાવે, કૂદનારા કૂદીને પોતાના ખેલ બતાવે, કથાવાચક કથા કરી–કરીને જનમનને પ્રસન્ન કરે, સુભાષિત બોલનારા પાઠકો સુભાષિત બોલે, રાસક્રીડા કરનારા રાસની ક્રીડા કરે, ભવિષ્ય કહેનારા ભવિષ્ય કહે, લાંબા વાંસ ઉપર ખેલ કરનારા વાંસ ઉપર ખેલ કરે.

તથા હાથમાં ચિત્રનુ પાટિયુ રાખીને ફરનારા મંખ લોકો ચિત્ર બતાવે, તૃણી લોકો તૃણ નામનું વાદ્ય બજાવે. તાલ દઈને નાટક દેખાડે. આ પ્રમાણે જનરંજન હેતુ નગરમાં બધી વ્યવસ્થા કરો અને બીજા પાસે કરાવો. આમ કરાવીને હજારો ગાડાંઓના ધોંસરા અને હજારો મુસળ (સાંબેલા) ઊંચે સ્થળે ઊભા કરો અર્થાત્ ધોંસરે જૂતેલા બળદોને બંધન મુક્ત કરીને આરામ લેવા દો અને સાંબેલાને ઊંચા કરાવી દો. આ બધું ઉપક્રમ કરીને મારી આજ્ઞા પાછી આપો અર્થાત્ આ બધું કાર્ય કરીને મને ખબર આપો.

[સૂત્ર–૧૦૧]

તે પછી સિદ્ધાર્થ રાજાએ જેમને આજ્ઞા આપી હતી તે નગરના ગુપ્તિ–રક્ષકોને (નગરના રક્ષક, કોટવાળ) અપાર આનંદ થયો, સંતોષ થયો, પ્રસન્ન થવાથી તેમનું હૃદય પ્રફુલ્લિત થયું. તેમણે બન્ને હાથ જોડીને સિદ્ધાર્થ રાજાની આજ્ઞાનો વિનયપૂર્વક સ્વીકાર કર્યો.

તે પછી તેઓ તુરંત જ કુંડપુર નગરમાં સર્વપ્રથમ કારાગ્રહને ખોલીને કેદીઓને મુક્ત કરે છે અને મુસલ ઉઠાવવા આદિ સુધીના પૂર્વોક્ત બધા કાર્ય કરે છે, કાર્ય કર્યા પછી જ્યાં સિદ્ધાર્થ

રાજા છે ત્યાં આવે છે, આવીને બે હાથ જોડીને મસ્તક ઉપર અંજલિ કરીને સિદ્ધાર્થ રાજાને તેમનો તે આદેશ ફરી અર્પિત કરે છે અર્થાત્ 'આપે જે આદેશ આપ્યો હતો તે અનુસાર બધા કાર્ય અમે કરી આવ્યા છીએ' એમ જણાવે છે.

[સૂત્ર–૧૦૨]

તે પછી સિદ્ધાર્થ રાજા જ્યાં અખાડો અર્થાત્ વ્યાયામશાળા છે ત્યાં આવે છે, યાવત્ તે રાજા પોતાના અંતઃપુરની સાથે બધી જાતના પુષ્પ, ગંધ, વસ્ત્ર, માળાઓ વગેરે અલંકારોથી અલંકૃત થઈને, બધી જાતના વાદ્યોને વગડાવતા, મોટા વૈભવની સાથે, મોટી દ્યુતિની સાથે, મોટા લશ્કરની સાથે, ઘણા વાહનોની સાથે, બૃહદ્ સમુદાયની સાથે અને એક સાથે વાગતા અનેક વાદ્યોના ધ્વનિની સાથે એટલે કે શંખ, પણવ, ભેરી, ઝાલર, ખરમુખી, હુડૂક, ઢોલ, મૃદંગ અને દુંદુભિ વગેરે વાદ્યોના ધ્વનિની સાથે દસ દિવસ સુધી તેમની કુળમર્યાદા અનુસાર ઉત્સવ કરે છે.

આ ઉત્સવના સમયે નગરમાંથી જકાત તથા કર લેવાનું બંધ કરી દેવામાં આવ્યું. જેમને જે કોઈ વસ્તુની જરૂર હોય તે મૂલ્ય આપ્યા વિના દુકાનોમાંથી પ્રાપ્ત કરી શકે તેવી જાતની વ્યવસ્થા કરવામાં આવી. ખરીદવુ અને વેચવુ બંધ કરી દેવામાં આવ્યું. કોઈ પણ સ્થાન ઉપર જપ્તી કરનારા રાજપુરુષોનો પ્રવેશ બંધ કરી દેવામાં આવ્યો. જે કોઈ ઉપર કરજ હશે તેનું કરજ સ્વયં રાજા ચૂકવશે કે જેથી કોઈને પણ કરજ ચૂકવવાની જરૂરત જ ન રહે.

તે ઉત્સવમાં અનેક જાતના અપરિમિત પદાર્થો એકત્રિત કરવામાં આવ્યા. ઉત્સવમાં બધાને અદંડનીય બનાવી દેવામાં આવ્યા. ઉત્તમ નાટક કરનારાઓના નૃત્યોનો પ્રારંભ કરવામાં આવ્યો. ઉત્સવમાં નિરંતર મૃદંગ વાગતા, તાજી માળાઓ લટકાવામાં આવી. નગરના તથા દેશના બધા માનવ પ્રમુદિત ક્રીડાપરાયણ થયા. દસ દિવસ સુધી આ સ્થિતિ–પતિતા ઉત્સવ ચાલતો રહ્યો.

[સૂત્ર–૧૦૩]

તે પછી આ દશ દિવસના ઉત્સવમાં સિદ્ધાર્થ રાજા સેંકડો, હજારો અને લાખો પ્રકારના યાગો (પૂજા–સામગ્રીઓ)ને, દાન અને ભાગ (વિશેષ આપવા યોગ્ય ભાગ)ને આપતા અને અપાવતા તથા સેંકડો–હજારો અને લાખો પ્રકારની ભેટનો સ્વીકાર કરતા અને કરાવતા રહ્યા.

[સૂત્ર–૧૦૪]

તે પછી શ્રમણ ભગવાન મહાવીરના માતાપિતા પહેલા દિવસે કુળ પરંપરા અનુસાર પુત્રજન્મ નિમિત્તે કરવા યોગ્ય અનુષ્ઠાન કરે છે. ત્રીજે દિવસે ચંદ્ર અને સૂર્યના દર્શનનો

ઉત્સવ કરે છે, છઠે દિવસે રાત્રિ–જાગરણનો ઉત્સવ કરે છે. અગિયારમો દિવસ પસાર થતા સર્વ પ્રકારની અશુચિ નિવારણ થતા જ્યારે બારમો દિવસ આવ્યો ત્યારે વિપુલ પ્રમાણમાં ભોજન પાણી, વિવિધ સ્વાદિષ્ટ અને ખાવાના પદાર્થો તૈયાર કરાવે છે, તૈયાર કરાવીને પોતાના મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો અને પોતાની સાથે સંબંધ રાખનારા કુટુંબીજનોને તથા જ્ઞાતૃવંશના ક્ષત્રિયોને આમંત્રણ આપે છે. પુત્રજન્મ સમારોહમાં આવવા માટે નિમંત્રિત કરે છે.

ફરી સ્નાન કરેલા, બલિકર્મ કરેલા, ટીલા–ટપકા અને દોષના નિવારણ માટે મંગળરૂપ પ્રાયશ્ચિત્ત કરેલા, શ્રેષ્ઠ અને ઉત્સવમાં જવા યોગ્ય મંગળમય વસ્ત્રો ધારણ કરેલા–ભોજનનો સમય થતા ભોજનમંડપમાં આવે છે. ભોજનમંડપમાં આવીને ઉત્તમ સુખાસન ઉપર બેસે છે અને મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, પરિજનો અને જ્ઞાતૃવંશના ક્ષત્રિયોની સાથે વિવિધ પ્રકારના ભોજન, પાણી, ખાદ્ય અને સ્વાદ્યનું આસ્વાદન કરે છે. સ્વયં ભોજન કરે છે અને બીજાઓને કરાવે છે.

[સૂત્ર–૧૦૫]

ભોજન કર્યા પછી વિશુદ્ધ જળથી કોગળા કરે છે. દાંત અને મોઢાને સ્વચ્છ કરે છે. આ રીતે પરમ વિશુદ્ધ સ્વચ્છ બનેલા, માતાપિતા, આવેલા મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, પરિજનો અને જ્ઞાતૃવંશના ક્ષત્રિયોને ઘણાએ પુષ્પ, વસ્ત્ર, સુગંધિત પદાર્થ, માળા અને આભૂષણ આપીને તેમનું સ્વાગત કરે છે–સત્કાર કરે છે. સત્કાર અને સન્માન કરીને તે મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, પરિજનો અને જ્ઞાતૃવંશીય ક્ષત્રિયો સમક્ષ ભગવાનના માતાપિતા આ પ્રમાણે બોલ્યા –

[સૂત્ર–૧૦૬]

હે દેવાનુપ્રિયો ! આ પુત્ર જ્યારે ગર્ભમાં આવ્યો ત્યારે અમારા મનમાં એક એવી જાતનો વિચાર, ચિંતન કે સંકલ્પ ઉત્પન્ન થયો હતો કે, “જ્યારથી અમારો આ પુત્ર ગર્ભમાં આવ્યો ત્યારથી હિરણ્ય, સોનું, ધન, ધાન્યની દૃષ્ટિથી તેમજ પ્રીતિ અને સત્કારની દૃષ્ટિથી અમારી અભિવૃદ્ધિ થવા લાગી છે, સામંત રાજા લોકો અમારા વશમાં આવેલ છે, તે કારણે જ્યારે અમારો પુત્ર જન્મ લેશે ત્યારે અમે તેને અનુરૂપ તેના ગુણોને અનુસરનાર ગુણનિષ્પન્ન અને યથાર્થ નામ ‘વર્ધમાન’ રાખશું. તેથી હવે આ કુમારનું નામ ‘વર્ધમાન’ થાઓ.

[સૂત્ર–૧૦૭]

શ્રમણ ભગવાન મહાવીર કાશ્યપ ગોત્રના હતા. તેમના ત્રણ નામ આ પ્રમાણે કહેવામાં આવે છે. તેમના માતાપિતાએ તેમનું પ્રથમ નામ ‘વર્ધમાન’ રાખ્યું.

સ્વાભાવિક સહનશક્તિના કારણે તેમનું બીજું નામ 'શ્રમણ' પડ્યું.

કોઈ પણ જાતના ભય (દેવ, દાનવ, માનવ અને તિર્યંચ સંબંધી ભયો) ઉત્પન્ન થવા છતાં પણ અચળ રહેનારા, પોતાના સંકલ્પથી જરા પણ વિચલિત નહિ થનારા, નિષ્કામ, કોઈપણ જાતના પરીષહ ભૂખ, તરસ, ઠંડી, ગરમી વગેરેનું સંકટ આવે કે ઉપસર્ગ ઉપસ્થિત થાય તો પણ ચલિત ન થતા. તે પરીષહો–ઉપસર્ગોને શાંત ભાવથી સહન કરવામાં સમર્થ, ભિક્ષુ પ્રતિમાઓનું પાલન કરનારા, ધીરજવાળા, શોકમાં અને હર્ષમાં સમભાવી, સદ્‌ગુણોના આગાર, અતુલ બળવાળા હોવાના કારણે દેવતાઓએ તેમનું ત્રીજું નામ 'મહાવીર' રાખ્યું.

[સૂત્ર–૧૦૮]

શ્રમણ ભગવાન મહાવીરના પિતા કાશ્યપ ગોત્રના હતા. તેમના ત્રણ નામ આ પ્રમાણે છે – સિદ્ધાર્થ, શ્રેયાંસ અને યશસ્વી.

[સૂત્ર–૧૦૯]

શ્રમણ ભગવાન મહાવીરના માતા વાસિષ્ઠ ગોત્રના હતા. તેમના ત્રણ નામ આ પ્રમાણે છે – (૧) ત્રિશલા (૨) વિદેહદિન્ના અને (૩) પ્રિયકારિણી.

[સૂત્ર–૧૧૦]

શ્રમણ ભગવાન મહાવીરના કાકાનું નામ સુપાર્શ્વ હતું. મોટાભાઈનું નામ નંદીવર્ધન હતું. બહેનનું નામ સુદર્શના હતું. પત્નીનું નામ યશોદા હતું અને તેનું ગોત્ર કૌડીન્ય હતું.

[સૂત્ર–૧૧૧]

શ્રમણ ભગવાન મહાવીરની પુત્રી કાશ્યપ ગોત્રની હતી. તેના બે નામ આ પ્રમાણે છે. (૧) અણોજ્ઞા (અનવદ્યા) અને (૨) પ્રિયદર્શના.

[સૂત્ર–૧૧૨]

શ્રમણ ભગવાન મહાવીરની દોહિત્રી (પુત્રીની પુત્રી) કાશ્યપગોત્રી હતી. તેના બે નામ (૧) શેષવતી અને (૨) યશસ્વતી આ પ્રમાણે હતા.

[સૂત્ર–૧૧૩]

શ્રમણ ભગવાન મહાવીર દક્ષ–કુશળ હતા. તેમની પ્રતિજ્ઞા પણ દક્ષ હતી. તેઓ અત્યંત રૂપવાન હતા. સંયમી–કાચબાની માફક ઈન્દ્રિયોને ગોપન કરવાવાળા હતા. ભદ્ર, વિનીત અને જ્ઞાત હતા અને જ્ઞાતપુત્ર હતા.

જ્ઞાતૃવંશના કુળમાં ચંદ્ર સમાન હતા. વિદેહ હતા અર્થાત્ તેમનો દેહ બીજાઓના દેહની અપેક્ષાએ વિલક્ષણ હતો. વિદેહદિન્ન અથવા વિદેહદિન્ના ત્રિશલા માતાના પુત્ર હતા. અથવા

વિદેહવાસીઓમાં શ્રેષ્ઠ (વિદેહ જાત્ય) હતા. વિદેહ સુકુમાર' હતા અર્થાત્ તેઓ અત્યંત સુકુમાર હતા.

ત્રીસ વર્ષ સુધી ગૃહસ્થાશ્રમમાં રહીને માતાપિતા સ્વર્ગવાસી થયા પછી પોતાનાથી જ્યેષ્ઠ પુરુષોની મંજૂરી મેળવીને તેમની પ્રતિજ્ઞા પૂરી થતા તથા લોકાંતિક જિતકલ્પી દેવોએ તે જાતની ઈષ્ટ, મનોહર, પ્રિય, મનોજ્ઞ, મનને આહ્લાદિત કરનારી, ઉદાર, કલ્યાણરૂપ, શિવરૂપ, ધન્યરૂપ, મંગલરૂપ, પરિમિત, મધુર, શોભાયુક્ત, હૃદયને રૂચિકર લાગનારી, હૃદયને પ્રસન્ન કરનારી, ગંભીર, પુનરુક્તિ વગેરેથી રહિત વાણીથી ભગવાનને નિરંતર અભિનંદન અર્પિત કરીને, ભગવાનની સ્તુતિ કરતા તે દેવ આ રીતે બોલ્યા –

હે નંદ ! તમારો જય થાઓ, હે ભદ્ર ! તમારો જય થાઓ, વિજય થાઓ, કલ્યાણ થાઓ, હે ઉત્તમોત્તમ ક્ષત્રિય! હે ક્ષત્રિય નરપુંગવ! તમારો જય થાઓ, વિજય થાઓ, હે લોકનાથ ! બોધ પ્રાપ્ત કરો. સંપૂર્ણ જગતમાં બધા જીવોનું હિત, સુખ અને નિઃશ્રેયસ કરનારા, ધર્મતીર્થનું પ્રવર્તન કરો. તે ધર્મતીર્થ સંપૂર્ણ જગતમાં બધા જીવોની હિતકર, સુખકર અને નિઃશ્રેયસ કરનારું બનશે." આ પ્રમાણે કહીને તે દેવ જય જય શબ્દનો નાદ કરવા લાગ્યા.

[સૂત્ર–૧૧૪]

શ્રમણ ભગવાન મહાવીરને પ્રથમ ગૃહસ્થ ધર્મમાં પણ ઉત્તમ, આભોગિક કે જે કદી નષ્ટ ન થાય એવું અવધિજ્ઞાન અને અવધિદર્શન પ્રાપ્ત થયું હતું.

તે વડે શ્રમણ ભગવાન 'અભિનિષ્ક્રમણનો યોગ્ય કાળ આવી ગયો છે' એવું જુએ છે. આ પ્રમાણે જોઈને, જાણીને હિરણ્યનો, સોનાનો, ધનનો, રાજ્યનો, રાષ્ટ્રનો ત્યાગ કરી, તે જ પ્રમાણે સેના વાહન, ધનભંડારનો ત્યાગ કરી, નગર, અંતઃપુર, જનપદનો ત્યાગ કરી, વિશાળ ધન, કનક, રત્ન, મણિ, મોતી, શંખ, રાજપાટ, પ્રવાલ, માણેક વગેરે વિદ્યમાન, સારયુક્ત બધા દ્રવ્યોને છોડીને, પોતે નિયુક્ત કરેલા વહેંચી આપનારા માણસો વડે તે બધું ધન ખુલ્લું કરીને, તેને દાનરૂપે આપવાનો વિચાર કરીને બધું ધન અપાવી દીધુ.

પછી હેમંત ઋતુનો પ્રથમ માસ અને પ્રથમ પક્ષ અર્થાત્ માગસર વદ દશમનો દિવસ આવ્યો ત્યારે જ્યારે છાયા પૂર્વ દિશા તરફ ઢળી રહી હતી, પ્રમાણયુક્ત પોરસી આવી હતી, તે વખતે સુવ્રત નામના દિવસે, વિજય નામના મુહૂર્ત્તે, ભગવાન ચંદ્રપ્રભા નામની પાલખીમાં (પૂર્વ દિશા તરફ મુખ કરીને) બેઠા. પાલખીની પાછળ દેવ, દાનવ અને માનવોનો સમૂહ ચાલી રહેલ હતો.

તે યાત્રામાં કેટલાએ દેવો આગળ શંખ વગાડી રહ્યા હતા. કેટલાયે આગળ ચક્રધારી

બનીને ચાલી રહ્યા હતા. કેટલાયે હળધારી બનીને ચાલી રહેલ હતા. કેટલાક ગળામાં સોનાના હળ લટકાવી ભાટ લોકો ચાલી રહેલ હતા. કેટલાક વર્ધમાનક અર્થાત્ પોતાના ખભા ઉપર બીજાઓને બેસાડી ચાલતા હતા. કેટલાક ચારણ હતા. કેટલાક ઘંટ વગાડનારા ઘાંટિકો હતા.

આ બધાથી ઘેરાયેલ ભગવાનને પાલખીમાં બેઠેલા જોઈને ભગવાનની કુળમહત્તરા આ જાતની મનોહર, કર્ણપ્રિય, મનને પ્રમોદ આપનારી, ઉદાર, કલ્યાણરૂપ, શિવરૂપ, ધન્ય, મંગળરૂપ, પરિમિત, મધુર અને શોભાયુક્ત વાણીથી ભગવાનનું અભિનંદન કરે છે. તેઓ ભગવાનની સ્તુતિ કરતા આ રીતે કહેવા લાગ્યા.

[સૂત્ર–૧૧૫]

હે સમૃદ્ધિમાન્ ! આપનો જય થાઓ, વિજય થાઓ! હે કલ્યાણકારી ! આપનો જય થાઓ, વિજય થાઓ, આપનું ભદ્ર (કલ્યાણ) થાઓ. નિરતિચાર જ્ઞાન, દર્શન અને ચારિત્રથી તમે નહીં જીતેલી ઇન્દ્રિયોને જીતો, જીતીને શ્રમણ ધર્મનું પાલન કરો, વિઘ્નને જીતીને હે દેવ ! તમે તમારા સાધ્યની સિદ્ધિમાં રહો. તપથી, તમે રાગદ્વેષ રૂપી મલ્લોનો નાશ કરો. ધૈર્યરૂપી મજબૂત કચ્છ બાંધીને ઉત્તમ શુક્લ ધ્યાનથી આઠ કર્મશત્રુઓને મસળી નાખો. હે વીર ! અપ્રમત્ત બનીને ત્રણ લોકના રંગમંડપમાં વિજય પતાકા ફરકાવો. અંધકાર રહિત ઉત્તમ પ્રકાશરૂપ કેવળજ્ઞાન પ્રાપ્ત કરો.

જિનેશ્વરો દ્વારા ઉપદેશાયેલ સરળ માર્ગનું અનુસરણ કરીને તમે પરમપદ મોક્ષને પ્રાપ્ત કરો. પરીષહોની સેનાને પરાજિત કરો. હે ઉત્તમ ક્ષત્રિય ! હે ક્ષત્રિય નરપુંગવ ! તમારો જય થાઓ, વિજય થાઓ !

ઘણા દિવસો સુધી, ઘણા દિવસો સુધી, ઘણા મહિનાઓ સુધી, ઘણા વરસો સુધી, પરીષહો અને ઉપસર્ગોથી નિર્ભય બનીને, ભયંકર અને અત્યંત ભય ઉત્પન્ન કરનારા પ્રસંગોમાં ક્ષમાપ્રધાન બનીને તમે વિચરણ કરો. તમારી ધર્મસાધનામાં નિર્વિઘ્નતા હો. આ રીતે કહીને તે લોકો જયજયકાર કરવા લાગ્યા.

[સૂત્ર–૧૧૬]

તે પછી શ્રમણ ભગવાન મહાવીર, હજારો નેત્રોથી જોવાતા, હજારો મુખોથી પ્રશંસા કરાતા, હજારો હૃદયોથી અભિનંદિત કરાતા ચાલ્યા. ભગવાનને નિહાળીને લોકો હજારો જાતના મનોરથ (સંકલ્પ) કરવા લાગ્યા. ભગવાનની મનોહર કાંતિ અને રૂપજોઈ લોકો તેવી જ કાંતિ અને રૂપને ઇચ્છવા લાગ્યા. હજારો આંગળીઓથી તેઓ દષ્ટિગોચર થઈ રહ્યા હતા.

ભગવાન પોતાના જમણા હાથથી, હજારો નરનારીઓના પ્રણામનો સ્વીકાર કરતા,

હજારો ઘરની પંક્તિઓને પાર કરતા, વીણા, હસ્તતાલ, વાજિંત્ર, ગાન અને વાદ્યોના મધુર અને સુંદર જયનાદના ઘોષને સાંભળીને સાવધાન બનતા છત્ર, ચામર વગેરે બધા વૈભવથી યુક્ત, અંગેઅંગમાં પહેરેલા સમસ્ત આભૂષણોની કાંતિથી મંડિત, સંપૂર્ણ સેનાથી વીંટળાયેલા, હાથી, ઘોડા, ઊંટ, ખચ્ચર, પાલખી, મ્યાના વિગેરે બધા વાહનોથી પરિવૃત્ત.

તથા સંપૂર્ણ જનસમુદાયની સાથે, પૂર્ણ આદર સહ તેમની સંપત્તિ અને સંપૂર્ણ શોભાની સંપૂર્ણ પ્રકારની ઉત્કંઠાની સાથે, સમસ્ત પ્રજા એટલે કે–વણિક, ક્ષત્રિય વગેરે અઢાર વર્ણોની સાથે બધી જાતના નાટક કરનારા અને બધી જાતના તાલ બજાવનારથી સંવૃત્ત, બધી જાતના અંતઃપુર તથા ફૂલ, ગંધ, માળા અને અલંકારોની શોભા સાથે, બધી જાતના વાદ્યોના શબ્દોની સાથે એ જાતની મહાન ઋદ્ધિ, મહાન દ્યુતિ, વિરાટ સેના, વિશાળ વાહન, બૃહદ્ સમુદાય અને એક સાથે વાગતા વાદ્યોના પ્રતિધ્વનિ સાથે અર્થાત્ શંખ, માટીના ઢોલ, ભેરી, ઝાલર, ખરમુખી, હુડુક્ક, દુંદુભિ વગેરે વાદ્યોના અવાજ સાથે ભગવાન કુંડપુર નગરના મધ્યભાગમાં થઈને નીકળ્યા. નીકળીને જ્યાં જ્ઞાતખંડવન નામનું ઉદ્યાન છે અને જ્યાં ઉત્તમ અશોક વૃક્ષ છે ત્યાં આવે છે.

[સૂત્ર–૧૧૭]

જ્યાં ઉત્તમ અશોકવૃક્ષ છે ત્યાં પહોંચીને તે અશોકવૃક્ષ નીચે ભગવાનની પાલખી રાખવામાં આવે છે, ભગવાન પાલખીમાંથી નીચે ઊતરે છે. ઊતરીને પોતાના હાથથી હાર વગેરે આભૂષણો, પુષ્પોની માળાઓ, અંગુઠીઓ વગેરે અલંકાર ઊતારે છે, ઊતારીને જતે જ પંચમુષ્ટિ લોચ કરે છે અર્થાત્ ચાર મુઠ્ઠીથી માથાના અને એક મુઠ્ઠીથી દાઢી મૂછનો લોચ કરે છે. આ પ્રમાણે કેશનો લોચ કરીને નિર્જલ છઠ ભક્ત (બે ઉપવાસ) કરેલા એવા ભગવાન હસ્તોત્તરા નક્ષત્રનો યોગ આવતા જ એક દેવદૂષ્ય વસ્ત્ર લઈને એકલા જ મુંડિત થઈને, આગારવાસ ત્યાગીને અણગાર ધર્મનો સ્વીકાર કરે છે.

**पुरिम–चरिमाण कप्पो मंगलं वद्धमाण तित्थम्मि ।**
**इह परिकहिआ जिण-गण-हराइ थेरावली चरित्तं ।।**

* *

# પર્યુષણ મહાપર્વ (દિવસ–૬) વ્યાખ્યાન ૬

**पुरिम–चरिमाण कप्पो मंगलं वद्धमाण तित्थम्मि ।**
**इह परिकहिआ जिण-गण-हराइ थेरावली चरित्तं ।।**

[સૂત્ર–૧૧૮]

શ્રમણ ભગવાન મહાવીર, એક વરસને એક મહિના સુધી વસ્ત્રધારી રહ્યા હતા. ત્યારપછી તેઓ અચેલ–વસ્ત્રરહિત તથા હાથમાં ભોજન કરનારા બન્યા.

[સૂત્ર–૧૧૯]

શ્રમણ ભગવાન મહાવીર દીક્ષાનો સ્વીકાર કર્યા પછી બાર વર્ષથી કંઈક વધારે સમય સુધી સાધના કાળમાં શરીર તરફ બિલકુલ ઉદાસીન રહ્યા. તેટલા સમય સુધી તેમણે શરીર તરફ જરા જેટલુ પણ ધ્યાન ન આપ્યુ. શરીરને ત્યાગી દીધુ હોય તે જ રીતે રહ્યા.

સાધનાકાળમાં દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી જે અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગો આવ્યા તેને નિર્ભય થઈને સમ્યક્ પ્રકારે સહન કર્યા, ક્રોધરહિત બની, કોઈની પણ અપેક્ષા રાખ્યા વિના મનને સ્થિર રાખીને સહન કર્યા.

[સૂત્ર–૧૨૦]

તે પછી શ્રમણ ભગવાન અણગાર થયા. ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનભાંડમાત્ર–નિક્ષેપણાસમિતિ, ઉચ્ચારપ્રસ્રવણખેલસિંધાણજલ્લપારિસ્થાપનિકાસમિતિ થકી સમિત તથા મન સમિત, વચન સમિત અને કાય સમિત થયા.

મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિથી ગુપ્ત થયા, ગુપ્તેન્દ્રિય, ગુપ્ત બ્રહ્મચારી, ક્રોધ, માન, માયા અને લોભથી રહિત થયા. શાંત, પ્રશાંત અને ઉપશાંત અને બધી જાતના સંતાપથી મુક્ત થયા. તેઓ આશ્રવરહિત, મમતારહિત, પરિગ્રહરહિત, અકિંચન નિર્ગ્રન્થ થયા.

કાંસાના વાસણની જેમ નિર્લેપ થયા. જેવી રીતે શંખ ઉપર કોઈપણ જાતના રંગની અસર થતી નથી. તેવી જ રીતે ભગવાન ઉપર રાગદ્વેષના રંગની અસર થતી ન હતી. જીવની માફક અપ્રતિહત ગતિવાળા થયા. ગગનની માફક આલંબન રહિત થયા. વાયુની માફક અપ્રતિબદ્ધ વિહારી થયા. શરદઋતુના પાણીની માફક તેમનું હૃદય નિર્મળ થયું. કમળપત્રની માફક નિર્લેપ થયા. કાચબાની માફક ગુપ્તેન્દ્રિય થયા. ખડગી (ગેંડા)ના મસ્તક ઉપર જે એક

જ શીંગડું હોય છે તેવી જ રીતે ભગવાન એકાકી થયા.

તથા પક્ષીની માફક અપ્રતિબદ્ધ, ભારંડ પક્ષીની માફક અપ્રમત્ત, હાથીની માફક શૂરા, બળદની માફક પરાક્રમી, સિંહની માફક વિજેતા, સુમેરુ પર્વતની માફક અડગ, સુસ્થિર, સાગરની માફક ગંભીર, ચંદ્રની માફક સૌમ્ય, સૂર્યની માફક તેજસ્વી, સોનાની માફક કાંતિમાન, પૃથ્વીની માફક ક્ષમાશીલ અને અગ્નિની માફક જાજ્વલ્યમાન તેજસ્વી એવા ભગવંત થયા.

[સૂત્ર–૧૨૧ થી ૧૨૩]

૧૨૧. આ પદોની બે સંગ્રહ ગાથાઓ છે –

**૧૨૨.** કાંસાનું વાસણ, શંખ, જીવ, આકાશ, વાયુ, શરદઋતુનું પાણી, કમળપત્ર, કાચબો, પક્ષી, મહાવરાહ, ભારંડપક્ષી.

**૧૨૩.** હસ્તી, વૃષભ, સિંહ, ગિરિરાજ સુમેરુ પર્વત, સાગર, ચંદ્ર, સૂર્ય, સુવર્ણ, પૃથ્વી અને અગ્નિ.

[સૂત્ર–૧૨૪]

તે ભગવાનને ક્યાંય પણ પ્રતિબંધ ન હતો. તેઓ અપ્રતિબદ્ધ વિહારી હતા. પ્રતિબંધ ચાર પ્રકારનો હોય છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી.

દ્રવ્યથી, સચિત્ત, અચિત્ત અને મિશ્ર દ્રવ્યનો, ક્ષેત્રથી ગામ, નગર, અરણ્ય, ખેતર, ખળાવાડ, ઘર, આંગણુ અને આકાશનો.

કાળથી સમય, આવલિકા, આનપ્રાણ, સ્તોક, ક્ષણ, લવ, મુહૂર્ત, અહોરાત્ર, પક્ષ, મહિના, ઋતુ, અયન, વર્ષ અથવા બીજો કોઈ પણ દીર્ઘકાળનો સંયોગ, એવા કોઈ પણ જાતના સૂક્ષ્મ કે સ્થૂલ, લઘુ અથવા દીર્ઘકાળનું બંધન ભગવાનને ન હતું.

ભાવથી–ક્રોધ, માન, માયા, લોભ, ભય, હાસ્ય, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, પરપરિવાદ, અરતિરતિ, માયા–મૃષાવાદ, મિથ્યાદર્શન શલ્ય એવા બધી જાતના પ્રતિબંધોથી ભગવાન મુક્ત હતા.

[સૂત્ર–૧૨૫]

ભગવાન વર્ષાવાસના સમય સિવાય ગ્રીષ્મ અને હેમંત ઋતુમાં આઠ માસ સુધી વિચરણ કરતા હતા. ગામમાં એક રાત અને નગરમાં પાંચ રાતથી વધારે રોકાતા ન હતા. વાંસલાથી છોલવામાં અને ચંદનથી વિલિપ્ત થવામાં સમાન સંકલ્પવાળા, તૃણ અને મણિમાં, માટીના ઢેફા અને સોનામાં આ બધા પ્રત્યે સમાન વૃત્તિવાળા.

તથા દુ:ખ અને સુખને એકભાવથી સહન કરવાવાળા, ઇહલોક અને પરલોકના પ્રતિબંધથી રહિત, જીવન અને મરણની આકાંક્ષાથી મુક્ત થઈને સંસારને પાર કરવાવાળા, કર્મના સંગનો નાશ કરવા માટે, સમ્યક્ પ્રકારે ઉદ્યમવંત બનેલા–તત્પર થયેલા–આ રીતે વિહાર કરે છે.

[સૂત્ર–૧૨૬]

આ પ્રમાણે વિચરણ કરતા–કરતા અનુપમ જ્ઞાન, અનુપમ દર્શન, અનુપમ સંયમ, અનુપમ નિર્દોષ વસતી, અનુપમ વિહાર, અનુપમ વીર્ય, અનુપમ સરળતા, અનુપમ માર્દવતા, અનુપમ અપરિગ્રહભાવ, અનુપમ ક્ષમા, અનુપમ અલોભ, અનુપમ ગુપ્તિ, અનુપમ પ્રસન્નતા, અનુપમ સત્ય, સંયમ, તપ વગેરે સદ્‌ગુણોનું 'સમ્યક્' આચરણ કરવાથી કે જેથી નિર્વાણનો માર્ગ પુષ્ટ બને છે, તે બધા સદ્‌ગુણોથી આત્માને ભાવિત કરતા ભગવાનને બાર વરસ વ્યતીત થઇ ગયા.

તેરમાં વરસના મધ્યભાગ અર્થાત્ ગ્રીષ્મઋતુનો બીજો માસ અને ચોથો પક્ષ ચાલતો હતો, તે ચોથો પક્ષ અથવા વૈશાખ માસનો શુક્લપક્ષ તે વૈશાખ માસના શુક્લપક્ષના દસમના દિવસે જ્યારે છાયા પૂર્વ તરફ ઢળી રહેલ હતી, પાછલી પોરીસી પૂરી થઈ, ત્યારે સુવ્રત નામનો દિવસ હતો, વિજય નામનું મુહૂર્ત હતું ત્યારે ભગવાન જૃંભિકા ગ્રામની બહાર ઋતુવાલિકા નદીના કિનારે એક ખંડેર જેવા જૂના પુરાણા ચૈત્યથી ન અધિક પાસે કે ન અધિક દૂર એવા શ્યામાક નામના ગૃહપતિના ખેતરમાં શાલવૃક્ષની નીચે ગોદોહિકા આસને અવસ્થિત હતા. આતાપના દ્વારા તપ કરી રહેલ હતા. છઠનું તપ હતું.

જે સમયે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનો યોગ આવ્યો, ભગવાન ધ્યાનમાં મગ્ન હતા તે સમયે ભગવાનને અંતરહિત, ઉત્તમોત્તમ, વ્યાઘાત રહિત, આવરણ રહિત, સમગ્ર અને પરિપૂર્ણ એવું કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થયા.

[સૂત્ર–૧૨૭]

તે પછી ભગવાન અર્હત્ થયા. જિન, કેવલી, સર્વજ્ઞ અને સર્વદર્શી થયા. હવે ભગવાન દેવ, માનવ અને અસુર સહિત લોકમાં સંપૂર્ણ પર્યાયો જાણે છે, જુએ છે, સંપૂર્ણ લોકમાં બધા જીવોનું આગમન, ગમન, સ્થિતિ, ચ્યવન, ઉપપાત, તેમનો માનસિક સંકલ્પ, ભુક્ત, કૃત્, પ્રતિસેવિત, પ્રગટ કર્મ કે અપ્રગટ કર્મ અર્થાત્ છૂપાઈને કરેલ કર્મ, તેમાનું કંઈ જ ભગવંતથી છૂપું રહેલ નથી. તેઓ અરહસ્યના ભાગી થયા.

આ પ્રમાણે અર્હત્ થયેલા ભગવાન તે કાળે માનસિક, વાચિક અને કાયિક પ્રવૃત્તિઓમાં

રહેતા સમગ્ર લોકના સમસ્ત જીવોના સંપૂર્ણ ભાવોને જાણતા અને દેખતા વિચરે છે.

[સૂત્ર–૧૨૮]

તે કાળે શ્રમણ ભગવાન મહાવીરે અસ્થિક ગામનો આશ્રય લઈને વર્ષાવાસ કર્યો. અર્થાત્ ભગવાનનો પ્રથમ વર્ષાવાસ અસ્થિક ગામમાં થયો. ચંપાનગરીમાં અને પૃષ્ઠચંપામાં ભગવાને ત્રણ ચાતુર્માસ કર્યા. વૈશાલી નગરીમાં અને વાણિજ્ય ગ્રામમાં ભગવાન બાર વખત ચાતુર્માસ કરવા માટે આવ્યા હતા.

રાજગૃહમાં અને તેની બહાર નાલંદા પાડામાં ભગવાન ચૌદ વખત ચાતુર્માસ કરવા માટે આવેલ હતા. મિથિલા નગરીમાં છ વાર, ભદ્દિલા નગરીમાં બે વાર, શ્રાવસ્તીમાં એકવાર, પ્રણીતભૂમિ અર્થાત્ વજ્રભૂમિ નામક અનાર્ય દેશમાં એકવાર ભગવાન વર્ષાવાસ કરવા માટે પધાર્યા હતા અને અંતિમ ચાતુર્માસ કરવા માટે ભગવાન મધ્યમ પાવાના રાજા હસ્તિપાલની રજ્જુક સભામાં પધાર્યા હતા.

[સૂત્ર–૧૨૯]

ભગવાન છેલ્લુ ચોમાસુ કરવા માટે મધ્યમપાવા નગરીના રાજા હસ્તિપાલની રજ્જુક સભામાં રહ્યા હતા. ચાતુર્માસનો ચોથો માસ અને વર્ષાઋતુનો સાતમો પક્ષ ચાલી રહ્યો હતો અર્થાત્ કારતક કૃષ્ણપક્ષ અમાસનો દિવસ હતો. અંતિમ રાત્રિનો સમય હતો. તે રાત્રિમાં શ્રમણ ભગવાન મહાવીર કાળધર્મને પ્રાપ્ત થયા. જન્મગ્રહણની પરંપરાનો ઉચ્છેદ કરી ચાલ્યા ગયા. તેમના જન્મ, જરા અને મરણના બધા બંધનો નષ્ટ થઈ ગયા. ભગવાન સિદ્ધ થયા, બુદ્ધ થયા, મુક્ત થયા, બધા દુઃખોનો અંત કરી પરિનિર્વાણને પ્રાપ્ત થયા.

શ્રમણ ભગવાન મહાવીર જે સમયે કાળધર્મને પ્રાપ્ત થયા તે વખતે ચંદ્ર નામનો બીજો સંવત્સર ચાલી રહેલ હતો

પ્રીતિવર્ધન નામનો માસ હતો.    નંદીવર્ધન નામનું પખવાડિયુ હતું.

અગ્નિવેશ નામનો દિવસ હતો કે જેનું બીજું નામ 'ઉપસમ' પણ છે.

દેવાનંદા નામની રાત્રિ હતી કે જેનું બીજું નામ 'નિરઈ' છે.

તે રાત્રિએ અર્થ નામનો લવ હતો, મુહૂર્ત નામનો પ્રાણ હતો, સિદ્ધ નામનો સ્તોક હતો.

નાગ નામનું કરણ હતું, સર્વાર્થસિદ્ધ નામનું મુહૂર્ત હતું અને બરાબર સ્વાતિ નક્ષત્રનો ચોગ આવેલ હતો.

આવા સમયમાં ભગવાન કાળધર્મને પ્રાપ્ત થયા, સંસાર છોડીને ચાલ્યા ગયા યાવત્ તેમના સંપૂર્ણ દુઃખ નષ્ટ થઈ ગયા.

[સૂત્ર–૧૩૦]

જે રાત્રે શ્રમણ ભગવાન મહાવીર કાળધર્મને પ્રાપ્ત થયા યાવત્ તેમના સંપૂર્ણ દુઃખો પૂર્ણપણે નષ્ટ થઈ ગયા તે રાત્રે ઘણા દેવદેવીઓ નીચે આવી રહેલ હતા અને ઉપર જઈ રહ્યા હતા, જેથી તે રાત્રિ ખૂબ જ ઉદ્યોત–પ્રકાશ મય બની ગઈ હતી.

[સૂત્ર–૧૩૧]

જે રાત્રે શ્રમણ ભગવાન મહાવીર કાળધર્મને પામ્યા યાવત્ તેમના સંપૂર્ણ દુઃખો પૂર્ણપણે નષ્ટ થઈ ગયા. તે રાત્રે ઘણા દેવ–દેવીઓ આવ–જા કરી રહ્યા હતા, જેથી અત્યંત કોલાહલ અને શબ્દ થઈ રહેલ હતો.

[સૂત્ર–૧૩૨]

જે રાત્રે શ્રમણ ભગવાન મહાવીર કાળધર્મને પ્રાપ્ત થયા યાવત્ તેમના સંપૂર્ણ દુઃખો નષ્ટ થઈ ગયા તે રાત્રે તેમના પટ્ટધર શિષ્ય ગૌતમ ગોત્રીય ઈન્દ્રભૂતિ અણગારનું ભગવાન મહાવીર સાથે જે પ્રેમબંધન હતું તે વિચ્છિન્ન થઈ ગયું અને ઈન્દ્રભૂતિ અણગારને અંતરહિત ઉત્તમોત્તમ યાવત્ કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થયું.

[સૂત્ર–૧૩૩]

જે રાત્રે શ્રમણ ભગવાન મહાવીર કાળધર્મને પ્રાપ્ત થયા યાવત્ તેમના સંપૂર્ણ દુઃખ નષ્ટ થઈ ગયા તે રાત્રે કાશીદેશના મલ્લવીવંશીય નવ ગણરાજા અને કૌશલ દેશના લિચ્છવી વંશીય બીજા નવ ગણરાજા હતા.

તે અઢાર ગણરાજા કારતકની અમાવાસ્યાના દિવસે આઠ પહોરનો પૌષધોપવાસ કરીને ત્યાં રહેલા હતા, તેઓએ એવો વિચાર કર્યો કે ભાવ ઉદ્યોત–ગયો છે તેથી અમે દ્રવ્ય ઉદ્યોત કરીશું.

[સૂત્ર–૧૩૪]

જે રાત્રે શ્રમણ ભગવાન મહાવીર કાળધર્મને પ્રાપ્ત તથા યાવત્ તેમના સંપૂર્ણ દુઃખ નષ્ટ થઈ ગયા તે રાત્રે ભગવાન મહાવીરના જન્મ–નક્ષત્ર ઉપર ક્ષુદ્ર ક્રૂર સ્વભાવનો બે હજાર વરસ સુધી રહેનારો ભસ્મરાશિ નામનો મહાગ્રહ આવ્યો હતો.

[સૂત્ર–૧૩૫]

જ્યારથી ક્રૂર સ્વભાવનો બે હજાર વરસ સુધી રહેનારો ભસ્મરાશિ નામનો મહાગ્રહ ભગવાન મહાવીર ના જન્મનક્ષત્ર ઉપર આવ્યો ત્યારથી શ્રમણ નિર્ગ્રંથ અને નિર્ગ્રંગથીઓના સત્કાર અને સન્માનમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી નથી.

[સૂત્ર–૧૩૬]

જ્યારે તે ક્ષુદ્ર, ક્રૂર સ્વભાવવાળો ભસ્મરાશિ ગ્રહ ભગવાનના જન્મનક્ષત્રથી ખસશે ત્યારે શ્રમણ નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓના સત્કાર–સન્માન દિન–પ્રતિદિન અભિવૃદ્ધિને પ્રાપ્ત કરશે.

[સૂત્ર–૧૩૭]

જે રાત્રે શ્રમણ ભગવાન મહાવીર કાળધર્મને પ્રાપ્ત થયા યાવત્ તેમના સંપૂર્ણ દુઃખો નષ્ટ થઈ ગયા તે રાત્રે બચાવી ન શકાય એવા કુંથુઆઓ ઉત્પન્ન થયા. જો તે જીવો સ્થિર હોય, હલનચલન કરતા ન હોય તો છદ્મસ્થ, નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓને દૃષ્ટિગોચર થતા નહિ. જ્યારે તે જીવો ચાલતા–ફરતા ત્યારે છદ્મસ્થ નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓને દેખાતા હતા. આ પ્રમાણે જીવોની ઉત્પત્તિને જોઈને ઘણા નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓએ ભક્ત પ્રત્યાખ્યાન કર્યા.

[સૂત્ર–૧૩૮]

પ્રશ્ન – “હે ભગવન્! એમ કઈ રીતે થયું? અર્થાત્ જીવોને દેખીને જે નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓએ અનશન કર્યું તે અનશન શું સૂચવે છે?” ઉત્તર – “તે અનન એમ સૂચિત કરે છે કે – આજથી સંયમ પાલન કરવું અત્યંત કઠિન થશે.”

[સૂત્ર–૧૩૯ થી ૧૫૦]

તે કાળે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના ઈન્દ્રભૂતિ વગેરે ચૌદ હજાર શ્રમણોની ઉત્કૃષ્ટ શ્રમણ સંપદા હતી.

શ્રમણ ભગવાન મહાવીરની આર્ય ચંદના વગેરે છત્રીસ હજાર આર્યિકાઓની ઉત્કૃષ્ટ શ્રમણી સંપદા હતી.

શ્રમણ ભગવાન મહાવીરની શંખ, શતક વગેરે એક લાખ ઓગણસાંઈઠ હજાર શ્રાવકોની ઉત્કૃષ્ટ શ્રમણોપાસક સંપદા હતી.

શ્રમણ ભગવાન મહાવીરની સુલસા રેવતી વગેરે ત્રણ લાખ અઢાર હજાર શ્રમણોપાસિકાઓની ઉત્કૃષ્ટ શ્રાવિકા સંપદા હતી.

શ્રમણ ભગવાન મહાવીરના જિન નહિ પણ જિન સમાન, સર્વાક્ષર સન્નિપાતિ, જિનની સમાન સત્ય–તથ્યનું સ્પષ્ટીકરણ કરનારા ચૌદ પૂર્વધરોની ત્રણસો ઉત્કૃષ્ટ સંપદા હતી.

શ્રમણ ભગવાન મહાવીરના વિશેષ પ્રકારની લબ્ધિવાળા તેરસો અવધિજ્ઞાનીઓની ઉત્કૃષ્ટ સંપદા હતી.

શ્રમણ ભગવાન મહાવીરના સંપૂર્ણ ઉત્તમ કેવળદર્શન અને કેવળજ્ઞાન પ્રાપ્ત એવા સાતસો કેવળ જ્ઞાનીઓની ઉત્કૃષ્ટ સંપદા હતી.

શ્રમણ ભગવાન મહાવીરની દેવ નહીં પરંતુ દેવોની ઋદ્ધિને પ્રાપ્ત એવા સાતસો વૈક્રિય લબ્ધિવાળા શ્રમણોની ઉત્કૃષ્ટ સંપદા હતી.

શ્રમણ ભગવાન મહાવીરની અઢી દ્વીપમાં અને બે સમુદ્રમાં રહેનારા મનવાળા પર્યાપ્ત પંચેન્દ્રિય પ્રાણીઓના મનના ભાવોને જાણનારા પાંચસો વિપુલમતિ મનઃપર્યવજ્ઞાની શ્રમણોની ઉત્કૃષ્ટ સંપદા હતી.

શ્રમણ ભગવાન મહાવીરની દેવ, માનવ અને અસુરોની સભાઓમાં વાદ કરતા પરાજિત ન થાય તેવા ચારસો વાદીઓની ઉત્કૃષ્ટ સંપદા હતી.

શ્રમણ ભગવાન મહાવીરના સાતસો શિષ્ય સિદ્ધ થયા યાવત્ તેમના સંપૂર્ણ દુઃખો નષ્ટ થઈ ગયા અને નિર્વાણને પામ્યા અને શ્રમણ ભગવાન મહાવીરની ચૌદસો શિષ્યાઓ સિદ્ધ થયા. યાવત્ નિર્વાણને પ્રાપ્ત થયા.

શ્રમણ ભગવાન મહાવીરના ભવિષ્યની ગતિમાં કલ્યાણ પ્રાપ્ત કરનારા, વર્તમાન સ્થિતિમાં કલ્યાણનો અનુભવ કરનારા, ભદ્ર પ્રાપ્ત કરનારા એવા આઠસો અનુત્તરોપપાતિક મુનિઓની ઉત્કૃષ્ટ સંપદા હતી અર્થાત્ એવા આઠસો શ્રમણ હતા કે જે અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનારા હતા.

[સૂત્ર–૧૫૧]

શ્રમણ ભગવાન મહાવીરને મોક્ષ પ્રાપ્ત કરનારા સાધકોની બે જાતની ભૂમિકા હતી. યુગાંતકૃત્–ભૂમિકા અને પર્યયાંતકૃત્–ભૂમિકા.

યુગાંતકૃત્ ભૂમિકા અર્થાત્ કે જે સાધક અનુક્રમે મુક્તિ પ્રાપ્ત કરે. આ પ્રકારે જે અનુક્રમે મુક્તિ પ્રાપ્ત કરવામાં આવે છે તે યુગાંતકૃત્–ભૂમિકા કહેવાય છે.

પર્યાયાંતકૃત્ ભૂમિકા અર્થાત્ ભગવાનને કેવળજ્ઞાન થયા પછી જે સાધક મુક્તિ પ્રાપ્ત કરે તેની તે મોક્ષ સંબંધી પર્યાયાંકૃત્ ભૂમિકા કહેવાય છે.

ભગવાનથી ત્રીજા પુરુષ સુધી યુગાંતકૃત્ ભૂમિકા હતી. અર્થાત્ ભગવાન પ્રથમ મોક્ષે ગયા, તેમના પછી તેમના શિષ્યો મોક્ષે ગયા અને તેમના પછી તેમના પ્રશિષ્ય જંબૂસ્વામી મોક્ષે ગયા. આ પ્રમાણે યુગાંતકૃત્ભૂમિકા જંબૂસ્વામી સુધી ચાલી અને તે પછી બંધ થઈ ગઈ.

ભગવાનને કેવળજ્ઞાન પછી ચાર વર્ષ પછી તેમના શિષ્યોનો મુક્તિગમન પ્રારંભ થયો.

[સૂત્ર–૧૫૨]

તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર ત્રીસ વરસ સુધી ગૃહવાસમાં રહીને, બાર વરસથી પણ વધુ સમય સુધી છદ્મસ્થ શ્રમણ પર્યાયમાં રહીને, ત્યારપછી ત્રીસ વરસથી કંઈક

ઓછા વખત સુધી કેવળ પર્યાય પ્રાપ્ત કરીને બોંતેર વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી, વેદનીય, આયુ, નામ, ગોત્રકર્મ ક્ષીણ થયા પછી.

આ અવસર્પિણી કાળનો દુષમ–સુષમ નામનો ચોથો આરો ઘણો પસાર થયા પછી તે ચોથા આરાના ત્રણ વર્ષ અને સાડા આઠ મહિના બાકી રહેતા, મધ્યમ પાવા નગરીમાં હસ્તિપાલ રાજાની રજ્જુક સભામાં એકલા, છઠ તપની સાથે સ્વાતિ નક્ષત્રનો યોગ થતા જ, પ્રત્યૂષ કાળના સમયે (ચાર ઘડી રાત બાકી રહે ત્યારે) પલ્યંકાસને બેઠેલા ભગવાન.

કલ્યાણફળ–વિપાકના પંચાવન અધ્યયન અને પાપફળ–વિપાકના બીજા પંચાવન અધ્યયન અને અપૃષ્ટ અર્થાત્ બીજા કોઈ વડે પ્રશ્ન નહિ કરવામાં આવેલ છતાં તેના સમાધાન કરનારા છત્રીસ અધ્યયનોને કહેતા કહેતા કાળધર્મને પ્રાપ્ત થયા, સંસાર તજીને ચાલ્યા ગયા, ઉર્ધ્વગતિને પ્રાપ્ત થયા.

તેમના જન્મ–જરા–મરણના બંધન વિચ્છિન્ન થઈ તેઓ સિદ્ધ થયા, બુદ્ધ થયા, મુક્ત થયા, સંપૂર્ણ કર્મોનો તેમણે નાશ કર્યો. બધી જાતના સંતાપોથી મુક્ત થયા. તેમના સંપૂર્ણ દુ:ખો નષ્ટ થઈ ગયા.

[સૂત્ર–૧૫૩]

જેમના સંપૂર્ણ દુ:ખો નષ્ટ થઈ ગયા છે એવા સિદ્ધ, બુદ્ધ યાવત્ શ્રમણ ભગવાન મહાવીરના નિર્વાણ થયાને આજે નવસો વરસ વ્યતીત થઈ ગયા છે તે ઉપરાંત આ હજારમા વરસનો એંસીમા વરસનો સમય ચાલી રહેલ છે અર્થાત્ ભગવાન મહાવીરને નિર્વાણ પ્રાપ્ત થયાને આજે નવસો એંસી (૯૮૦) વરસ પસાર થઈ ગયા છે. બીજી વાચંનામાં કેટલાક એમ પણ કહે છે કે નવસો વરસ ઉપરાંત હજારમા વરસના ત્રાણુ (૯૯૩) વરસનો કાળ ચાલી રહેલ છે. એવો પાઠ દૃષ્ટિગોચર થાય છે.

ત્યારે આ વાચના પુસ્તકારૂઢ થઈ.

**पुरिम–चरिमाण कप्पो मंगलं वद्धमाण तित्थम्मि ।**
**इह परिकहिआ जिण-गण-हराइ थेरावली चरित्तं ।।**

* * *

# પર્યુષણ મહાપર્વ (દિવસ–૭) વ્યાખ્યાન ૭

**पुरिम–चरिमाण कप्पो मंगलं वद्धमाण तित्थम्मि ।**
**इह परिकहिआ जिण-गण-हराइ थेरावली चरित्तं ।।**

[સૂત્ર–૧૫૪]

તે કાળે તે સમયે પુરુષાદાનીય અર્હત્ પાર્શ્વ પાંચ વિશાખાવાળા હતા, અર્થાત્ તેમના પાંચ કલ્યાણકોમાં વિશાખા નક્ષત્ર આવેલ હતું, જેમ કે –

૧) પાર્શ્વ અર્હત્ વિશાખા નક્ષત્રમાં દેવલોકથી ચ્યુત થયા, ચ્યુત થઈને ગર્ભમાં આવ્યા.

૨) વિશાખા નક્ષત્રમાં જન્મ ગ્રહણ કર્યો.

૩) વિશાખા નક્ષત્રમાં મુંડિત થઈને ઘરથી બહાર નીકળ્યા અર્થાત્ તેમણે અણગારત્વ ગ્રહણ કર્યું.

૪) વિશાખા નક્ષત્રમાં તેમને અનંત, અનુત્તર, વ્યાઘાતરહિત, આવરણરહિત, સંપૂર્ણ પ્રતિપૂર્ણ કેવળજ્ઞાન, કેવળદર્શન ઉત્પન્ન થયું.

૫) ભગવાન પાર્શ્વ વિશાખા નક્ષત્રમાં જ નિર્વાણને પ્રાપ્ત થયા.

[સૂત્ર–૧૫૫]

તે કાળે તે સમયે પુરુષાદાનીય અર્હત્ પાર્શ્વ જ્યારે ગ્રીષ્મ ઋતુનો પ્રથમ માસ, પ્રથમ પક્ષ અર્થાત્ ચૈત્ર માસનો કૃષ્ણપક્ષ હતો તે ચૈત્રવદ–૪ ના દિવસે વીસ સાગરોપમના આયુષ્યવાળા પ્રાણત નામના કલ્પથી આયુષ્ય પૂર્ણ કરીને, દેવસંબંધી આહાર, ભવ અને શરીર વ્યુત્ક્રાંત થતા જ શીઘ્ર ચ્યવન કરીને...

આ જંબૂદ્ધીપના ભારતવર્ષની વારાણસી નગરીમાં અશ્વસેન રાજાની રાણી વામાદેવીની કુક્ષિમાં જ્યારે રાત્રિનો પૂર્વ ભાગ સમાપ્ત થઈ રહ્યો હતો અને પાછલો ભાગ પ્રારંભ થઈ રહ્યો હતો, તે સંધિવેળાએ અર્થાત્ મધ્યરાત્રિમાં વિશાખા નક્ષત્રનો યોગ થતા જ ગર્ભરૂપમાં ઉત્પન્ન થયા.

[સૂત્ર–૧૫૬]

પુરુષાદાનીય અર્હત્ પાર્શ્વ ત્રણ જ્ઞાનથી યુક્ત હતા. હું અહીંથી ચ્યુત થઈશ. તે જાણતા હતા. ચ્યુત થાઉં છું તે જાણતા ન હતા અને ચ્યુત થઈ ગયો છું તે જાણતા હતા. અહીંથી

માંડીને સ્વપ્ન સંબંધનું આખુંય વર્ણન ભગવંત મહાવીર મુજબ જાણવુ. યાવત્ માતા પોતાના ઘરમાં પ્રવેશ કરે છે અને સુખપૂર્વક ગર્ભને ધારણ કરે છે.

[સૂત્ર–૧૫૭]

તે કાળે તે સમયે હેમંત ઋતુનો બીજો માસ ત્રીજો પક્ષ અર્થાત્ પોષ માસના વદ દસમના દિવસે નવ માસ અને સાડા સાત રાત્રિ–દિવસ પસાર થયા ત્યારે રાત્રિનો પૂર્વભાગ સમાપ્ત થવા આવ્યો હતો અને પાછળના ભાગનો પ્રારંભ થઈ રહ્યો હતો તે સંધિવેળામાં વિશાખા નક્ષત્રનો યોગ થતાં જ આરોગ્યવાળી માતાએ આરોગ્યપૂર્વક પુરુષાદાનીય અર્હત્ પાર્શ્વ નામના પુત્રને જન્મ આપ્યો.

જે રાત્રિએ પુરુષાદાનીય અર્હત્ પાર્શ્વે જન્મ ગ્રહણ કર્યો, તે રાત્રિએ ઘણાએ દેવ અને દેવીઓ જન્મકલ્યાણક મનાવવા માટે આવ્યા જેથી તે રાત્રિ પ્રકાશમાન બની ગઈ અને દેવ–દેવીઓના કોલાહલથી ગૂંજવા લાગી.

સ્વપ્ન તથા જન્મ સંબંધી અન્ય બધું વૃતાંત ભગવાન મહાવીરના વર્ણનમાં આવેલા વૃતાન્ત સમાન અહીં પણ સમજવું. વિશેષમાં ભગવાન મહાવીરને સ્થાને ભગવાન પાર્શ્વનું નામ લેવું. યાવત્ માતાપિતાએ કુમારનું નામ 'પાર્શ્વ' રાખ્યું.

[સૂત્ર–૧૫૮]

પુરુષાદાનીય અર્હત્ પાર્શ્વ દક્ષ હતા, દક્ષ પ્રતિજ્ઞાવાળા હતા, ઉત્તમ રૂપવાળા, સર્વગુણોથી યુક્ત ભદ્ર અને વિનીત હતા. તેઓ ત્રીસ વર્ષ સુધી ગૃહવાસમાં રહ્યા. તે પછી પોતાની પરંપરાનું પાલન કરતા લોકાંતિક દેવોએ આવીને ઈષ્ટવાણી દ્વારા આ પ્રમાણે કહ્યું – "હે નંદ! (આનંદકારી) તમારો જય થાઓ, વિજય થાઓ! હે ભદ્ર! તમારો જય થાઓ, વિજય થાઓ!" યાવત્ આ પ્રમાણે જય–જય શબ્દનો પ્રયોગ કરે છે.

[સૂત્ર–૧૫૯]

પુરુષાદાનીય અર્હત્ પાર્શ્વને માનવીય ગૃહસ્થધર્મની પહેલાં પણ ઉત્તમ આભોગિકજ્ઞાન (અવધિજ્ઞાન) હતું. તે બધું વર્ણન ભગવાન મહાવીરના વર્ણનની સમાન અહીં પણ સમજવું.

અભિનિષ્ક્રમણ પહેલાં વાર્ષિક દાન દઈને હેમંતઋતુના બીજા માસ, ત્રીજા પક્ષ અર્થાત્ પોષ માસના કૃષ્ણપક્ષની અગિયારસના દિવસે, પૂર્વ ભાગના સમયે વિશાળા શિબિકામાં બેસીને દેવ, માનવ અને અસુરોના વિરાટ સમૂહની સાથે (ભગવાન મહાવીરના વર્ણનની સમાન) વારાણસી નગરીના મધ્યમા થઈને નીકળે છે.

નીકળીને જે બાજુ આશ્રમપદ નામનું ઉદ્યાન છે, જ્યાં અશોક નામનું ઉત્તમ વૃક્ષ છે ત્યાં

જાય છે. ત્યાં જઈને શિબિકાને ઊભી રખાવે છે, શિબિકામાંથી નીચે ઊતરે છે, પોતાના જ હાથે આભૂષણ માળાઓ અને અલંકાર ઊતારે છે, અલંકાર ઊતારીને પોતાના હાથે પંચમુષ્ટિ લોચ કરે છે, લોચ કરીને નિર્જળ અઠ્ઠમ કરવા સાથે વિશાખા નક્ષત્રનો યોગ આવતા જ, એક દેવદૂષ્ય વસ્ત્રને લઈને ત્રણસો પુરુષોની સાથે મુંડિત થઈ ગૃહવાસથી નીકળી અણગાર અવસ્થાનો સ્વીકાર કરે છે.

[સૂત્ર–૧૬૦]

પુરુષાદાનીય અર્હત્ પાર્શ્વે ત્ર્યાસી (૮૩) દિવસો સુધી સતત શરીર તરફના લક્ષ્યનો વ્યુત્સર્ગ કરેલ હતો અર્થાત્ તેમણે કાયાની માયા છોડી દીધી હતી.

તે કારણે અણગાર દશામાં તેમને જે કાંઈ પણ ઉપસર્ગો આવ્યા, પછી ભલે તે દૈવસંબંધી હોય, તે બધા ઉપસર્ગો તે નિર્ભયપણે, સમ્યક્ પ્રકારે સહન કરતા હતા. જરા જેટલો પણ ક્રોધ કરતા નહીં. ઉપસર્ગો તરફ તેમની સામર્થ્યયુક્ત તિતિક્ષા કરી અને તે ઉપસર્ગોને ખમ્યા તથા અધ્યાસિત કર્યા.

[સૂત્ર–૧૬૧]

તે પછી ભગવાન પાર્શ્વ અણગાર થયા, યાવત્ ઈર્યાસમિતિથી યુક્ત થયા. આ રીતે આત્માને ભાવિત કરતા કરતા ત્ર્યાસી (૮૩) રાત્રિદિવસ પસાર થઈ ગયા. ચોરાસીમો દિવસ ચાલી રહેલ હતો.

ગ્રીષ્મ ઋતુનો પ્રથમ માસ, પ્રથમ પક્ષ અર્થાત્ ચૈત્ર માસનો કૃષ્ણપક્ષ આવ્યો. તે ચૈત્ર માસના ચોથના દિવસે, સવારના ભાગમાં આંબળા (ધાતકી)ના વૃક્ષ નીચે નિર્જળ છઠભક્ત તપ કરીને શુક્લ ધ્યાનમાં લીન હતા ત્યારે વિશાખા નક્ષત્રનો યોગ આવ્યો ત્યારે તેમને ઉત્તમોત્તમ એવું કેવળજ્ઞાન–કેવળદર્શન ઉત્પન્ન થયું. યાવત્ તે સંપૂર્ણ લોકાલોકના ભાવોને જોતા એવા વિચરવા લાગ્યા.

[સૂત્ર–૧૬૨]

પુરુષાદાનીય અર્હત પાર્શ્વના આઠ ગણ અને આઠ ગણધર હતા. તે આ પ્રમાણે –

[સૂત્ર–૧૬૩]

૧) શુંભ ૨) આર્યઘોષ ૩) વસિષ્ઠ ૪) બ્રહ્મચારી ૫) સોમ ૬) શ્રીધર ૭) વીરભદ્ર અને ૮) યશ.

[સૂત્ર–૧૬૪]

પુરુષાદાનીય અર્હત્ પાર્શ્વના સંઘમાં આર્યદિન્ન વગેરે સોળ હજાર સાધુઓની ઉત્કૃષ્ટ

શ્રમણ–સંપદા હતી. પુરુષાદાનીય અર્હત્ પાર્શ્વના સમુદાયમાં પુષ્પચૂલા વગેરે આડત્રીસ હજાર આર્યિકાઓની ઉત્કૃષ્ટ સંપદા હતી.

[સૂત્ર–૧૬૫]

પુરુષાદાનીય અર્હત્ પાર્શ્વના સંઘમાં સુનંદ વગેરે એક લાખ ચોસઠ હજાર શ્રમણોપાસકની ઉત્કૃષ્ટ શ્રમણોપાસક સંપદા હતી. પુરુષાદાનીય અર્હત્ પાર્શ્વના સમુદાયમાં સુનંદા વગેરે ત્રણ લાખ અને સત્તાવીસ હજાર શ્રમણોપાસિકાઓની ઉત્કૃષ્ટ શ્રમણોપાસિકા–સંપદા હતી.

[સૂત્ર–૧૬૬]

પુરુષાદાનીય અર્હત્ પાર્શ્વના સમુદાયમાં સાડા ત્રણસો જિન નહીં પરંતુ જિન જેવા સર્વાક્ષર સંયોગોના જાણનારા યાવત્ ચૌદ પૂર્વધારીઓની સંપદા હતી.

પુરુષાદાનીય અર્હત્ પાર્શ્વને એક હજાર કેવળજ્ઞાનીઓની સંપદા હતી. અગિયારસો વૈક્રિય લબ્ધિવાળાની તથા છસો ઋજુમતિ જ્ઞાનવાળાઓની સંપદા હતી.

ભગવાન પાર્શ્વનાથના એક હજાર શ્રમણો સિદ્ધ થયા હતા તથા તેમની બે હજાર આર્યિકાઓ સિદ્ધ થયા.

પુરુષાદાનીય અર્હત્ પાર્શ્વના સંઘમાં સાડા સાતસો વિપુલમતિઓની છસો વાદીઓની અને બારસો અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનારની સંપદા હતી.

[સૂત્ર–૧૬૭]

પુરુષાદાનીય અર્હત્ પાર્શ્વના સમયમાં અંતકૃતોની ભૂમિ અર્થાત્ સર્વ દુઃખોના અંત કરવાવાળાઓની ભૂમિકા બે જાતની હતી. જેમ કે – એક તો યુગ–અંતકૃત ભૂમિ અને બીજી યુગપુરુષ સુધી યુગાંતકૃત ભૂમિ હતી. અર્થાત્ ચતુર્થ પુરુષ સુધી મુક્તિમાર્ગ ચાલ્યો હતો. અર્હત્ પાર્શ્વના કેવળીપર્યાયને ત્રણ વર્ષ થતા અર્થાત્ કેવળજ્ઞાન થયાને ત્રણ વર્ષ પસાર થતા કોઈ સાધકે મુક્તિ પ્રાપ્ત કરી અર્થાત્ મુક્તિમાર્ગનો પ્રારંભ થયો.

[સૂત્ર–૧૬૮]

તે કાળે, તે સમયે પુરુષાદાનીય અર્હત્ પાર્શ્વ ત્રીસ વરસ સુધી ગૃહવાસમાં રહીને ત્ર્યાસી રાત્રિ દિવસ છદ્મસ્થ પર્યાયમાં રહીને કંઈક ઓછા ૭૦ વર્ષ સુધી કેવળી પર્યાયમાં રહીને એ રીતે પૂરેપૂરા સિત્તેર વરસ સુધી શ્રમણ પર્યાયનું પાલન કરીને, કુલ સો વરસ સુધી તેમનું સંપૂર્ણ આયુષ્ય ભોગવીને, વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્રકર્મ ક્ષીણ થયા ત્યારે દુષમ–સુષમ નામનો અવસર્પિણી કાળનો ચોથો આરો ઘણો વ્યતીત થઈ ગયો.

ત્યારે વર્ષાઋતુનો પ્રથમ માસ બીજો પક્ષ અર્થાત્ જ્યારે શ્રાવણ માસનું શુક્લ પખવાડિયુ આવ્યુ એટલે કે શ્રાવણ સુદ–૮ના દિવસે સમ્મેત શિખર પર્વત ઉપર પોતાના સહિત ચોંત્રીસ પુરુષોની સાથે (૧ પાર્શ્વનાથ અને બીજા તેત્રીસ શ્રમણ આ પ્રમાણે કુલ ૩૪) એક માસનું અનશન કરીને સવારના વખતે વિશાખા નક્ષત્રનો યોગ આવ્યો ત્યારે બન્ને હાથ લાંબા કરેલ હતા એવા પ્રકારની ધ્યાનમુદ્રામાં અવસ્થિત રહીને કાળધર્મને પ્રાપ્ત થયા, યાવત્ સર્વ દુઃખોથી મુક્ત થયા.

[સૂત્ર–૧૬૯]

પુરુષાદાનીય અર્હત્ પાર્શ્વને કાળધર્મ પ્રાપ્ત થયાને યાવત્ સર્વ દુઃખોથી પૂર્ણ રીતે મુક્ત થયાને બારસો વરસ વ્યતીત થયા. આ તેરસોમું વરસ ચાલી રહેલ છે.

[સૂત્ર–૧૭૦]

તે કાળે તે સમયે અર્હત્ અરિષ્ટનેમિ પાંચ ચિત્રાયુક્ત હતા અર્થાત્ તેમના પાંચે કલ્યાણકો ચિત્રા નક્ષત્રમાં થયા.

અર્હત્ અરિષ્ટનેમિ ચિત્રા નક્ષત્રમાં સ્વર્ગથી ચ્યુત થયા, ચ્યવીને ગર્ભમાં આવ્યા ઇત્યાદિ સંપૂર્ણ હકીકત ચિત્રા નક્ષત્રના પાઠની સાથે પૂર્વની માફક સમજવું.

યાવત્ ચિત્રા નક્ષત્રમાં તેઓ પરિનિર્વાણને પ્રાપ્ત થયા.

[સૂત્ર–૧૭૧]

તે કાળે તે સમયે અર્હત્ અરિષ્ટનેમિ, જ્યારે વર્ષાઋતુનો ચોથો માસ, સાતમો પક્ષ અર્થાત્ કારતક માસના કૃષ્ણપક્ષનો સમય આવ્યો ત્યારે કારતક દ્વાદશી (વદ–૧૨)ના દિવસે, બત્રીસ સાગરોપમની આયુષ્ય મર્યાદાવાળા અપરાજિત નામના મહાવિમાનમાંથી ચ્યવીને આ જંબૂદ્વીપમાં ભારતવર્ષના સોરીયપુર નામના નગરમાં સમુદ્રવિજય રાજાની પત્ની શિવાદેવીની કુક્ષિમાં, રાત્રિના પૂર્વ અને અપરભાગની સંધિવેળામાં અર્થાત્ મધ્યરાત્રિમાં ચિત્રા નક્ષત્રનો યોગ થયો ત્યારે ગર્ભરૂપે ઉત્પન્ન થયા.

ત્યારપછીનું બધું વર્ણન ભગવાન મહાવીરના પ્રકરણમાં આવેલા સ્વપ્નદર્શન, દ્રવ્ય સંહરણ આદિ ઇત્યાદિ સમાન અહીં પણ કહેવું જોઈએ.

[સૂત્ર–૧૭૨]

તે કાળે તે સમયે વર્ષાઋતુનો પ્રથમ માસ, દ્વિતીય પક્ષ અર્થાત્ શ્રાવણ માસનો શુક્લ પક્ષ આવ્યો, તે સમયે શ્રાવણ સુદ–૫ ના દિવસે નવ માસ અને સાડા સાત દિવસ પૂરા થતા યાવત્ મધ્યરાત્રિએ ચિત્રા નક્ષત્રનો યોગ થતા જ, આરોગ્ય યુક્ત માતાએ આરોગ્યવંત અર્હત્

અરિષ્ટનેમિને જન્મ આપ્યો. જન્મનો આલાવો 'પિતા સમુદ્રવિજય' આ પાઠની સાથે પૂર્વવત્ સમજવો જોઈએ યાવત્ 'આ કુમારનું નામ અરિષ્ટનેમિકુમાર થાઓ' વગેરે.

[સૂત્ર–૧૭૩]

અર્હત્ અરિષ્ટનેમિ દક્ષ હતા યાવત્ તે ત્રણસો વર્ષ સુધી કુમારાવસ્થામાં–ગૃહવાસમાં રહ્યા. ત્યારપછી જેમનો જિતાચાર છે એવા લોકાન્તિક દેવોએ આવીને તેમને પ્રાર્થના કરી–સંસારનું કલ્યાણ કરવા માટે વગેરે કથન કે જે પૂર્વે આવી ગયેલ છે તેવું જ અહીં પણ કહેવું યાવત્ અભિનિષ્ક્રમણ પહેલાં એક વર્ષ સુધી દાન આપ્યું.

જ્યારે વર્ષાઋતુનો પ્રથમ માસ દ્વિતીય પક્ષ અર્થાત્ શ્રાવણ માસનો શુક્લપક્ષ આવ્યો તે શ્રાવણ સુદ છઠના દિવસે, પૂર્વાહ્નના સમયે જેમની પાછળ દેવ, માનવ અને અસુરોની પર્ષદા ચાલી રહેલ છે એવા અરિષ્ટનેમિ ઉત્તરકુરા નામની શિબિકામાં બેસીને યાવત્ દ્વારિકા નગરીના મધ્યભાગમાં થઈને નીકળે છે,

નીકળીને જે તરફ રૈવત નામનું ઉદ્યાન છે ત્યાં આવે છે, આવીને ઉત્તમ અશોકવૃક્ષ નીચે શિબિકાને ઊભી રખાવે છે, શિબિકામાંથી નીચે ઊતરે છે. ઊતરીને પોતાના જ હાથોથી આભરણ, માળાઓ અને અલંકારો નીચે ઊતારે છે, ઊતારીને પોતાના જ હાથેથી પંચમુષ્ટિ લોચ કરે છે. લોચ કરીને નિર્જળ ષષ્ઠભક્ત કરેલા તેઓ ચિત્રા નક્ષત્રનો યોગ આવતા જ દેવદૂષ્ય વસ્ત્ર સહિત એક હજાર પુરુષોની સાથે મુંડિત થઈને ગૃહવાસની ત્યાગીને અણગારત્વનો સ્વીકાર કરે છે.

[સૂત્ર–૧૭૪]

અર્હત્ અરિષ્ટનેમિ ચોપન દિવસ અને રાત ધ્યાનમાં રહ્યા. તેમણે શરીરનું લક્ષ્ય છોડી દીધું. શારીરિક મમતા છોડી દીધી. આ બધી વિગતો પૂર્વવત્ જાણવી. અર્હત્ અરિષ્ટનેમિને આ પ્રમાણે ધ્યાનમાં રહેતા પંચાવનમો દિવસ આવી ગયો. જ્યારે તેઓ પંચાવનમાં દિવસમાં સંચરણ કરી રહ્યા હતા ત્યારે વર્ષાઋતુનો ત્રીજો માસ, પાંચમો પક્ષ અર્થાત્ આસો વદ અમાસનો દિન અપરાહ્નમાં ઉજ્જયંત શૈલ શિખર પર વેંતના વૃક્ષની નીચે નિર્જળ અઠ્ઠમનું તપ કરીને રહેલા હતા. તે સમયે ચિત્રા નક્ષત્રનો યોગ આવતા ધ્યાનાંતરિકા મધ્યે વર્તતા એવા તેમન અનંત યાવત્ ઉત્તમ કેવળજ્ઞાન, કેવળદર્શન ઉત્પન્ન થયા. હવે તેઓ સમસ્ત દ્રવ્ય અને તેમની સંપૂર્ણ પર્યાયોને જાણતા અને જોતા વિચરવા લાગ્યા.

[સૂત્ર–૧૭૫]

અર્હત્ અરિષ્ટનેમિને અઢાર ગણ અને અઢાર ગણધર હતા. અર્હત્ અરિષ્ટનેમિને વરદત્ત

વગેરે અઢાર હજાર શ્રમણોની ઉત્કૃષ્ટ શ્રમણસંપદા હતી. અર્હત્ અરિષ્ટનેમિને આર્ય યક્ષિણી વગેરે ચાળીસ હજાર આર્યિકાઓની ઉત્કૃષ્ટ સંપદા હતી.

[સૂત્ર–૧૭૬]

અર્હત્ અરિષ્ટનેમિને 'નંદ' વગેરે એક લાખ ઓગણસીત્તેર હજાર શ્રમણોપાસકોની ઉત્કૃષ્ટ શ્રમણોપાસક સંપદા હતી.

[સૂત્ર–૧૭૭]

અર્હત્ અરિષ્ટનેમિને મહાસુવ્રતા વગેરે ત્રણ લાખ છત્રીસ હજાર શ્રમણોપાસિકાની ઉત્કૃષ્ટ શ્રમણો–પાસિકા સંપદા હતી.

અર્હત્ અરિષ્ટનેમિના સંઘમાં જિન નહીં, પરંતુ જિન સમાન તથા બધા અક્ષરોના સંયોગને યથાર્થ જાણનારા એવા ચારસો ચૌદપૂર્વ ધારીઓની સંપદા હતી.

એ જ પ્રમાણે પંદરસો અવધિજ્ઞાનીઓની, પંદરસો કેવળજ્ઞાનીઓની, પંદરસો વૈક્રિયલબ્ધિધારીઓની, એક હજાર વિપુલમતિ મનઃપર્યવજ્ઞાનીઓની, આઠસો વાદીઓની અને સોળસો અનુત્તરોપપાતિકોની ઉત્કૃષ્ટ સંપદા હતી.

તેમના શ્રમણ સમુદાયમાંથી પંદરસો શ્રમણો સિદ્ધ થયા હતા અને ત્રણ હજાર શ્રમણીઓ સિદ્ધ થયા હતા.

[સૂત્ર–૧૭૮]

અર્હત્ અરિષ્ટનેમિના સમયમાં અંતકૃતોની અર્થાત્ નિર્વાણ પ્રાપ્ત કરનારાઓની ભૂમિકા બે જાતની હતી. જેમ કે – યુગ અંતકૃતભૂમિ અને પર્યાય અંતકૃતભૂમિ.

યાવત્ અર્હત્ અરિષ્ટનેમિના પછીના આઠમા યુગપુરુષ સુધી નિર્વાણનો માર્ગ ચાલતો રહ્યો. તે તેમની યુગ–અંતકૃતભૂમિ હતી.

અર્હત્ અરિષ્ટનેમિને કેવળજ્ઞાન થયાને બે વર્ષ પછી કોઈ શ્રમણે સર્વ દુઃખોનો અંત કરીને નિર્વાણ પ્રાપ્ત કર્યું અર્થાત્ ભગવાનને કેવળજ્ઞાન થયા પછી બે વર્ષે નિર્વાણમાર્ગ શરૂ થયો. તે પર્યાયાંતકૃતભૂમિ.

[સૂત્ર–૧૭૯]

તે કાળે તે સમયે અર્હત્ અરિષ્ટનેમિ ત્રણસો વરસ સુધી કુમાર અવસ્થામાં રહ્યા. ચોપન દિવસ છદ્મસ્થ પર્યાયમાં અને થોડાક ઓછા સાતસો વરસ સુધી કેવળજ્ઞાની અવસ્થામાં રહ્યા. એમ પૂરેપૂરા સાતસો વરસ સુધી શ્રમણ–પર્યાયનું પાલન કરીને અને કુલ એક હજાર વરસનું આયુષ્ય ભોગવીને, વેદનીય કર્મ, આયુષ્યકર્મ, નામકર્મ અને ગોત્રકર્મ આ ચારે કર્મોનો

પૂર્ણપણે ક્ષય કરીને, દુષમ–સુષમા નામનો અવસર્પિણી કાળ ઘણો વ્યતીત થઈ ગયો ત્યારે,

ગ્રીષ્મ ઋતુના ચોથા માસનો આઠમો પક્ષ અર્થાત્ અષાઢ માસનું શુક્લ પખવાડિયુ આવ્યુ ત્યારે, એટલે કે અષાઢ સુદ-૮ના દિવસે ઉજ્જયંત શૈલ શિખર ઉપર બીજા પાંચસો છત્રીસ અણગારોની સાથે તેમણે નિર્જળ માસિક તપ કર્યું. જ્યારે ચિત્રા નક્ષત્રનો યોગ હતો ત્યારે રાત્રિના પહેલા અને અપરભાગની સંધિવેળામાં નિષદ્યામાં રહેલા અર્હત્ અરિષ્ટનેમિ કાળગત થયા. યાવત્ બધા દુઃખોથી પૂર્ણ રીતે મુક્ત થયા.

[સૂત્ર–૧૮૦]

અર્હત્ અરિષ્ટનેમિને કાળધર્મ પામ્યાને યાવત્ બધા દુઃખોથી પૂર્ણપણે મુક્ત થયાને ચોર્યાસી હજાર વરસ થઈ ગયા અને તે ઉપરાંત પંચાસીમાં હજાર વરસના નવસો વરસ પણ વ્યતીત થઈ ગયા. તે ઉપર દસમી શતાબ્દીના એંસીમાં વરસનો સમય ચાલી રહેલ છે.

[સૂત્ર–૧૮૧]

અર્હત્ નમિને કાળધર્મ પામ્યાને યાવત્ સર્વ દુઃખોથી પૂર્ણ રીતે મુક્ત થયાને પાંચ લાખ ચોર્યાસી હજાર નવસો વરસ વ્યતીત થઈ ગયા. તેની ઉપર દસમી શતાબ્દીના આ એંસીમા વરસનો સમય ચાલી રહેલ છે.

[સૂત્ર–૧૮૨]

અર્હત્ મુનિસુવ્રતને યાવત્ સર્વ દુઃખોથી મુક્ત થયાને અગિયાર લાખ ચોર્યાસી હજાર અને નવસો વરસ વ્યતીત થઈ ગયા. તે ઉપર આ દસમી શતાબ્દીના એંસીમાં વરસનો સમય ચાલી રહેલ છે.

[સૂત્ર–૧૮૩]

અર્હત્ મલ્લિને યાવત્ સર્વ દુઃખોથી પૂર્ણપણે મુક્ત થયાને પાંસઠ લાખ ચોર્યાસી હજાર નવસો વર્ષ વ્યતીત થઈ ગયા. અત્યારે તે ઉપર દસમી શતાબ્દીના એંસીમા વર્ષનો સમય ચાલી રહેલ છે.

[સૂત્ર–૧૮૪]

અર્હત્ 'અર'ને યાવત્ સર્વ દુઃખોથી પૂર્ણપણે મુક્ત થયાને એક હજાર કરોડ વર્ષ વ્યતીત થઈ ચૂક્યા છે. અહીં સંપૂર્ણ વૃત્ત શ્રી મલ્લિ ભગવંતના સંબંધમાં કહ્યું તેવું જ જાણવુ.

અર્હત્ 'અર'ના નિર્વાણગમન પછી એક હજાર કરોડ વર્ષમાં શ્રી મલ્લિ અર્હત્નું નિર્વાણ થયુ અને અર્હત્ મલ્લિના નિર્વાણ બાદ, પાંસઠ લાખ ચોર્યાસી હજાર વર્ષ વ્યતીત થઈ ગયા ત્યારે મહાવીર નિર્વાણને પ્રાપ્ત થયા. તેમના નિર્વાણ પછી નવસો વર્ષ વ્યતીત થઈ ગયા. તે

ઉપરાંત આ દસમી શતાબ્દીનું એંસીમું વર્ષ ચાલી રહેલ છે.

આ જ પ્રમાણે આગળ ભગવંત શ્રેયાંસનો આલાવો આવે છે ત્યાં સુધી સમજવું.

[સૂત્ર-૧૮૫]

અર્હત્ કુંથુને યાવત્ સર્વ દુઃખોથી પૂર્ણપણે મુક્ત થયાને એક પલ્યોપમના ચોથા ભાગ જેટલો સમય વ્યતીત થઈ ગયો. તે પછી પાંસઠ લાખ વરસ થયા વગેરે જે કથન ભગવંત મલ્લિના સંબંધ મુજબ જાણવુ.

[સૂત્ર-૧૮૬]

અર્હત્ શાંતિને યાવત્ સર્વ દુઃખોથી પૂર્ણપણે મુક્ત થયાને ચાર ભાગ ઓછા એક પલ્યોપમ અર્થાત્ અર્ધ પલ્યોપમ જેટલો સમય વ્યતીત થઈ ગયો. તે પછી પાંસઠ લાખ વરસ વ્યતીત થયા ઈત્યાદિ બધુ વૃત્ત જેવું ભગવંત મલ્લિના સંબંધમાં કહેલ છે તેવું જ અહીં સમજવુ.

[સૂત્ર-૧૮૭]

અર્હત્ 'ધર્મ'ને યાવત્ સર્વ દુઃખોથી પૂર્ણપણે મુક્ત થયાને ત્રણ સાગરોપમ જેટલો સમય વ્યતીત થયો તે પછી પાંસઠ લાખ વરસ વ્યતીત થયા વગેરે બધું જેવી રીતે ભગવંત મલ્લિના સંબંધમાં છે તે પ્રમાણે જાણવુ.

[સૂત્ર-૧૮૮]

અર્હત્ અનંતને યાવત્ સર્વ દુઃખોથી પૂર્ણપણે મુક્ત થયાને સાત સાગરોપમ જેટલો સમય વ્યતીત થઈ ગયો. તે પછી પાંસઠ લાખ વરસ વ્યતીત થયા વગેરે બધું ભગવંત મલ્લિના સંબંધમાં છે તેમ જાણવુ.

[સૂત્ર-૧૮૯]

અર્હત્ વિમળને યાવત્ સર્વ દુઃખોથી પૂર્ણપણે મુક્ત થયેલ સોળ સાગરોપમ વ્યતીત થઈ ગયા અને તે પછી પાંસઠ લાખ વરસ વ્યતીત થઈ ગયા વગેરે બધું જેમ મલ્લિ ભગવંતના સંબંધમાં કહ્યું તેમજ જાણવુ.

[સૂત્ર-૧૯૦]

અર્હત્ વાસુપૂજ્યને યાવત્ સર્વ દુઃખોથી પૂર્ણપણે મુક્ત થયાને છેતાલીસ સાગરોપમ જેટલો સમય વ્યતીત થઈ ગયો અને તે પછી પાંસઠ લાખ વરસ વ્યતીત થઈ ગયા વગેરે બધું વર્ણન જેમ મલ્લિ ભગવંતના સંબંધમાં કહ્યું છે તેમ અહીં પણ જાણી લેવુ.

[સૂત્ર-૧૯૧]

અર્હત્ શ્રેયાંસને યાવત્ સર્વ દુઃખોથી પૂર્ણપણે મુક્ત થયાને એકસો સાગરોપમ જેટલો

સમય વ્યતીત થઈ ગયો તે પછી પાંસઠ લાખ વર્ષ વ્યતીત થયા વગેરે બધું જેમ મલ્લિ ભગવંતના સંબંધમાં કહ્યું તેમ જાણી લેવુ.

[સૂત્ર–૧૯૨]

અર્હત્ શીતલને યાવત્ સર્વ દુઃખોથી પૂર્ણપણે મુક્ત થયાને બેંતાલીસ હજાર ત્રણ વરસ અને સાડા આઠ માસ ઓછા એક કરોડ સાગરોપમ વ્યતીત થયા પછી ભગવાન મહાવીર નિર્વાણને પ્રાપ્ત થયા અને તે પછી નવસો વરસ વ્યતીત થઈ ગયા તે ઉપરાંત આ દશમી શતાબ્દીનું એંસીમું વર્ષ ચાલી રહેલ છે.

[સૂત્ર–૧૯૩]

અર્હત્ 'સુવિધિ'ને યાવત્ સર્વ દુઃખોથી પૂર્ણપણે મુક્ત થયાને એક કરોડ સાગરોપમનો સમય વ્યતીત થઈ ગયો અન્ય બીજુ વૃત્તાંત જેમ શીતલ અર્હત્ના સંબંધમાં કહેલ છે તેમજ જાણવુ.

તે આ પ્રમાણે કે–દશ કરોડ સાગરોપમમાંથી બેંતાલીસ હજાર ત્રણ વરસ તથા સાડા આઠ માસ ઓછા કરતા જે સમય આવે તે સમયે મહાવીર સ્વામી નિર્વાણને પ્રાપ્ત થયા. તે પછી નવસો વરસ વ્યતીત થયા વગેરે બધુ પૂર્વવત્ કહેવું.

[સૂત્ર–૧૯૪]

અર્હત્ 'ચંદ્રપ્રભ'ને સર્વ દુઃખોથી મુક્ત થયાને એકસો કરોડ સાગરોપમ જેટલો સમય વ્યતીત થઈ ગયો. બાકી બધુ જેમ શીતલ અર્હત્ના વિષયમાં કહ્યું તેમજ જાણવુ. તે આ પ્રમાણે –

આ સો કરોડ સાગરોપમમાંથી બેંતાલીસ હજાર ત્રણ વરસ અને સાડા આઠ માસ વ્યતીત થયા તે ઉપરાંત જે સમય આવે છે તે વખતે મહાવીર નિર્વાણને પ્રાપ્ત થયા અને તે પછી નવસો વરસ વ્યતીત થઈ ગયા વગેરે પૂર્વવત્ સમાન સમજવુ.

[સૂત્ર–૧૯૫]

અર્હત્ સુપાર્શ્વને યાવત્ સર્વ દુઃખોથી પૂર્ણપણે મુક્ત થયાને એક હજાર કરોડ સાગરોપમ જેટલો સમય વ્યતીત થઈ ગયો. બાકી બધુ ભગવંત શીતલ મુજબ જાણવુ. તે આ પ્રમાણે – એક હજાર કરોડ સાગરોપમમાંથી બેંતાલીસ હજાર ત્રણ વરસ અને સાડા આઠ માસ ઓછા કરતા જે સમય આવે તે સમયે ભગવાન મહાવીર નિર્વાણ પ્રાપ્ત થયા, વગેરે બધું પૂર્વવત્ કહેવું.

[સૂત્ર–૧૯૬]

અર્હત્ પદ્મપ્રભને યાવત્ સર્વદુઃખોથી પૂર્ણપણે મુક્ત થયાને દશ હજાર કરોડ

સાગરોપમ જેટલો સમય વ્યતીત થઈ ગયો. બાકીનો બધો વૃત્તાંત ભગવંત શીતલ મુજબ જાણવો. તે આ રીતે છે –

દશ હજાર કરોડ સાગરોપમ જેટલા સમયમાંથી બેંતાલીસ હજાર ત્રણ વર્ષ અને સાડા આઠ માસ ઓછા કરતા જે સમય આવે તે સમયે મહાવીરનું નિર્વાણ થયું આ પ્રમાણે બધું પૂર્વવત્ કહેવું.

[સૂત્ર–૧૯૭]

અર્હત્ સુમતિને યાવત્ સર્વ દુઃખોથી પૂર્ણપણે મુક્ત થયાને એક લાખ કરોડ સાગરોપમ જેટલો સમય વ્યતીત થઈ ગયો, બાકી બધું ભગવંત શીતલ મુજબ જાણવુ. તે આ રીતે – એક લાખ કરોડ સાગરોપમ જેટલા સમયમાં બેંતાલીસ હજાર ત્રણ વર્ષ અને સાડા આઠ માસ ઓછા કરીને જે સમય આવે તે સમયે ઇત્યાદિ પૂર્વવત્.

[સૂત્ર–૧૯૮]

અર્હત્ અભિનંદનને યાવત્ સર્વ દુઃખોથી પૂર્ણપણે મુક્ત થયાને દસ લાખ કરોડ સાગરોપમ જેટલો કાળ વ્યતીત થઈ ગયો, બાકી બધું ભગવંત શીતલમાં કહ્યું છે તેમજ જાણવુ અર્થાત્ દસ લાખ કરોડ સાગરોપમમાંથી બેંતાલીસ હજાર ત્રણ વરસ તથા સાડા આઠ માસ ઓછા કરીને જે સમય આવે છે તે સમયે મહાવીર નિર્વાણને પ્રાપ્ત થયા વિગેરે બધું પૂર્વની જેમ સમજવું.

[સૂત્ર–૧૯૯]

અર્હત્ સંભવને યાવત્ સર્વદુઃખોથી મુક્ત થયાને વીસ લાખ કરોડ સાગરોપમ જેટલો સમય વ્યતીત થઈ ગયો, બાકી બધું ભગવંત શીતલમાં કહ્યું તેમજ જાણવુ અર્થાત્ વીસ લાખ કરોડ સાગરોપમ જેટલા સમયમાં બેંતાલીસ હજાર ત્રણ વરસ અને સાડા આઠ માસ ઓછા કરતા જે સમય આવે છે તે સમયે મહાવીર નિર્વાણને પ્રાપ્ત થયા.

[સૂત્ર–૨૦૦]

અર્હત્ અજિતને યાવત્ સર્વ દુઃખોથી મુક્ત થયાને પચાસ લાખ કરોડ સાગરોપમ વીતી ગયા. તે સમયમાં બેંતાલીસ હજાર ત્રણ વર્ષ અને સાડા આઠ માસ ઓછા કરતા જે સમય આવે છે તે સમયે મહાવીર નિર્વાણને પ્રાપ્ત થયા ઇત્યાદિ બધું પૂર્વવત્ સમજવું.

[સૂત્ર–૨૦૧]

તે કાળે તે સમયે કૌશલિક અર્હત્ ઋષભ ચાર ઉત્તરાષાઢાવાળા અને પાંચમા અભિજિત નક્ષત્રવાળા હતા. અર્થાત્ તેમના ચાર કલ્યાણકોમાં ઉત્તરાષાઢા નક્ષત્ર આવેલ હતુ. પાંચમા

કલ્યાણક સમયે અભિજિતનક્ષત્ર હતું. જેમ કે કૌશલિક અર્હત્ ઋષભદેવ ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચ્યુત થયા અને ચ્યુત થઈને ગર્ભમાં આવ્યા યાવત્ અભિજિત નક્ષત્રમાં નિર્વાણને પ્રાપ્ત થયા.

[સૂત્ર–૨૦૨]

તે કાળે તે સમયે કૌશલિક અર્હત્ ઋષભ ગ્રીષ્મ ઋતુના ચોથા મહિના, સાતમા પક્ષ અર્થાત્ અષાઢ માસનો કૃષ્ણપક્ષ આવ્યો ત્યારે તે અષાઢ વદ ચોથના દિવસે, જેમાં તેંત્રીસ સાગરોપમનું આયુષ્ય હોય છે,

તે સર્વાર્થસિદ્ધ નામના મહાવિમાનમાંથી આયુષ્ય વગેરે પૂર્ણ થયા બાદ દિવ્ય આહાર વિગેરે છૂટી ગયા પછી યાવત્ શીઘ્ર ચ્યવીને આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં, ભરતવર્ષમાં, ઇક્ષ્વાકુભૂમિમાં નાભિ કુલકરની ભાર્યા મરુદેવીના કુક્ષિમાં રાત્રિના પૂર્વાહ્ન અને અપરાહ્નની સંધિવેળામાં અર્થાત્ મધ્યરાત્રિમાં ઉત્તરાષાઢા નક્ષત્રનો યોગ થતા ગર્ભરૂપે ઉત્પન્ન થયા.

[સૂત્ર–૨૦૩]

કૌશલિક અર્હત્ ઋષભ ત્રણ જ્ઞાનથી યુક્ત હતા. તે આ પ્રમાણે કે – 'હું ચ્યુત થઈશ' તેમ તેઓ જાણતા હતા ઇત્યાદિ બધું પૂર્વે ભગવાન મહાવીરમાં કહ્યું તેમજ કહેવું. યાવત્ માતા સ્વપ્ન જુએ છે તે સ્વપ્નો આ પ્રમાણે છે – ગજ, ઋષભ વિગેરે.

વિશેષમાં એ કે પ્રથમ સ્વપ્નમાં વૃષભને મુખમાં પ્રવેશ કરતો જુએ છે. ત્યાં સ્વપ્નોના ફળ બતાવનારા સ્વપ્ન–પાઠકો નથી તેથી સ્વપ્નોના ફળને નાભિકુલકર સ્વયં કહે છે.

[સૂત્ર–૨૦૪]

તે કાળે તે સમયે ગ્રીષ્મ ઋતુનો પ્રથમ માસ, પ્રથમ પક્ષ અર્થાત્ ચૈત્ર માસનો કૃષ્ણપક્ષ આવ્યો ત્યારે ચૈત્ર વદ આઠમના દિવસે, નવ માસ અને ઉપર સાડા સાત રાત્રિ વ્યતીત થતા યાવત્ આષાઢા નક્ષત્રનો યોગ થતા આરોગ્ય વાન માતાએ આરોગ્યપૂર્વક કૌશલિક અર્હત્ ઋષભ નામના પુત્રને જન્મ આપ્યો.

અહીં પૂર્વે કહ્યું તે પ્રમાણે જન્મ સંબંધી બધો વૃત્તાન્ત કહી દેવો. યાવત્ દેવ–દેવીઓ આવે છે, ધનની વૃષ્ટિ વરસાવે છે વગેરે, પરંતુ કારાગૃહમાંથી કેદીઓને મુક્ત કરવા, માન ઉન્માન વધારવા, કર માફ કરવા, સ્થિતિપતિતા વગેરે પ્રસ્તુત વર્ણન જે પૂર્વ પાઠમાં આવે છે તે અહીંયા ન કહેવુ.

[સૂત્ર–૨૦૫]

કૌશલિક અર્હત્ ઋષભ કાશ્યપગોત્રીય હતા. તેમના પાંચ નામ આ પ્રમાણે કહેવાય છે – ૧) ઋષભ ૨) પ્રથમ રાજા ૩) પ્રથમ ભિક્ષાચર ૪) પ્રથમ જિન અને ૫) પ્રથમ તીર્થંકર.

[સૂત્ર-૨૦૬]

કૌશલિક અર્હત્ ઋષભદેવ દક્ષ હતા, દૃઢ પ્રતિજ્ઞાવાળા, ઉત્તમ રૂપવાળા, સર્વગુણોથી યુક્ત, ભદ્ર અને વિનીત હતા. તેઓ વીસ લાખ પૂર્વ સુધી કુમાર અવસ્થામાં રહ્યા. ત્રેસઠ લાખ પૂર્વ વરસ સુધી રાજ્યવાસમાં રહ્યા.

તે દરમિયાન તેમણે જે કળાઓમાં લેખન પ્રથમ છે ગણિત પ્રધાન અને શકુનરૂત અર્થાત્ પક્ષીના શબ્દોથી શુભાશુભ જાણવાની કળા અંતિમ છે. તેવી બોંતેર કળાઓ અને સ્ત્રીઓના ચોંસઠ ગુણ તથા સો શિલ્પ, આ ત્રણેનો પ્રજાના હિત માટે ઉપદેશ કર્યો. પછી સો રાજ્યોમાં સો પુત્રોનો અભિષેક કર્યો.

ત્યારપછી જિતાચાર પ્રમાણે લોકાંતિક દેવો તેમની પાસે આવ્યા. તેઓએ પ્રિય વાણીથી ભગવાનને કહ્યું વગેરે બધું પૂર્વ કથન પ્રમાણે અહીં પણ કહેવું. યાવત્ વાર્ષિકદાન આપીને, ગ્રીષ્મઋતુનો પ્રથમ માસ, પ્રથમ પક્ષ અર્થાત્ જ્યારે ચૈત્ર માસનો કૃષ્ણપક્ષ આવ્યો ત્યારે, ચૈત્ર વદ-૮ ના દિવસે પાછલા પહોરે જેમની પાછળ માર્ગમાં દેવ, માનવ અને અસુરોની વિરાટ મંડળી ચાલી રહી છે એવા કૌશલિક અર્હત્ ઋષભ સુદર્શન નામની શિબિકામાં બેસીને યાવત્ વિનીતા રાજધાનીની મધ્યમાં થઈને નીકળે છે,

નીકળીને જે તરફ અશોકનું ઉત્તમ વૃક્ષ છે, તે તરફ આવે છે, આવીને અશોકના ઉત્તમ વૃક્ષ નીચે, શિબિકા ઊભી રખાવે છે. ઇત્યાદિ પૂર્વે કહ્યા પ્રમાણે અહીં પણ કથન કરવું યાવત્ સ્વયં પોતાના હાથેથી ચાર મુષ્ટિ લોચ કરે છે.

તેમણે તે વખતે નિર્જળ છઠ ભક્તનું તપ કરેલ હતું. આષાઢા નક્ષત્રનો યોગ આવતા જ, ઉગ્રવંશના, ભોગવંશના, રાજન્યવંશના અને ક્ષત્રિયવંશના ૪૦૦૦ પુરુષો સાથે એક દેવદૂષ્ય વસ્ત્ર લઈને મુંડિત થઈને ગૃહવાસથી નીકળે છે અને અણગાર પ્રવ્રજ્યાનો સ્વીકાર કરે છે.

[સૂત્ર-૨૦૭]

કૌશલિક અર્હત્ ઋષભદેવે પોતાના દેહ તરફ લક્ષ્ય આપવાનું છોડી દીધું હતું. તેમણે શરીરની મમતાને પણ ત્યજી દીધી હતી. આ રીતે પોતાના આત્માને ભાવિત કરતા કરતા એક હજાર વરસ વ્યતીત થઈ ગયા

ત્યારે હેમંત ઋતુના ચોથા મહિના અને સાતમા પક્ષ અર્થાત્ ફાગણ માસના કૃષ્ણપક્ષની અગિયારસના દિવસે પૂર્વાહ્નમાં પુરિમતાલ નગરની બહાર, શકટમુખ નામના ઉદ્યાનમાં, ઉત્તમ વડના ઝાડ નીચે ધ્યાન ધરીને બેઠા હતા. તે સમયે નિર્જળ અઠ્ઠમ તપ કરેલ હતું. આષાઢા નક્ષત્રનો યોગ થતા ધ્યાનમાં સ્થિત રહેલા ભગવાનને અનુત્તર એવું અનંત

કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થયું. તે વડે તેઓ બધા લોકાલોકના ભાવ જાણતા અને જોતા વિચારવા લાગ્યા.

[સૂત્ર–૨૦૮]

કૌશલિક અર્હત્ ઋષભને ચોર્યાસી ગણ અને ચોર્યાસી ગણધર હતા.

કૌશલિક અર્હત્ ઋષભને ઋષભસેન પ્રમુખ ચોર્યાસી હજાર શ્રમણોની ઉત્કૃષ્ટ સંપદા હતી. કૌશલિક અર્હત્ ઋષભના બ્રાહ્મી વગેરે ત્રણ લાખ આર્યિકાઓની ઉત્કૃષ્ટ આર્યિકા સંપદા હતી.

[સૂત્ર–૨૦૯]

કૌશલિક અર્હત્ ઋષભ સમુદાયમાં શ્રેયાંસ પ્રમુખ ત્રણ લાખ અને પાંચ હજાર શ્રમણોપાસકોની ઉત્કૃષ્ટ શ્રમણોપાસક સંપદા હતી.

કૌશલિક અર્હત્ ઋષભને સુભદ્રા પ્રમુખ પાંચ લાખ ચોપન હજાર શ્રમણોપાસિકાઓની ઉત્કૃષ્ટ સંપદા હતી.

[સૂત્ર–૨૧૦]

કૌશલિક અર્હત્ ઋષભને જિન નહિ પણ 'જિન' સમાન ચાર હજાર સાતસો પચાસ ચૌદ પૂર્વધારીઓ ની ઉત્કૃષ્ટ સંપદા હતી.

કૌશલિક અર્હત્ ઋષભને નવ હજાર અવધિજ્ઞાનીઓની ઉત્કૃષ્ટ સંપદા હતી.

કૌશલિક અર્હત્ ઋષભના સમુદાયમાં વીસ હજાર કેવળજ્ઞાનીઓની ઉત્કૃષ્ટ કેવળજ્ઞાની સંપદા હતી.

કૌશલિક અર્હત્ ઋષભને વીસ હજાર છસો વૈક્રિય લબ્ધિધારીઓની ઉત્કૃષ્ટ સંપદા હતી. કૌશલિક અર્હત્ ઋષભને અઢી દ્વીપમાં અને બન્ને સમુદ્રોમાં રહેતા પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયના મનોભાવોને જાણનારા એવા વિપુલમતિ મનઃ પર્યવજ્ઞાનીઓની બાર હજાર છસો પચાસની ઉત્કૃષ્ટ સંપદા હતી.

કૌશલિક અર્હત્ ઋષભના વીસ હજાર અંતેવાસી શિષ્ય અને ચાલીસ હજાર આર્યિકાઓ સિદ્ધ થયા. કૌશલિક અર્હત્ ઋષભના બાવીસ હજાર નવસો કલ્યાણ ગતિવાળા યાવત્ ભવિષ્યમાં ભદ્ર પ્રાપ્ત કરનારા અનુત્તરોપપાતિકોની ઉત્કૃષ્ટ સંપદા હતી.

[સૂત્ર–૨૧૧]

કૌશલિક અર્હત્ ઋષભની બે જાતની અંતકૃતભૂમિ હતી. યુગાંતકૃતભૂમિ અને પર્યાયાંતકૃતભૂમિ.

શ્રી ઋષભના નિર્વાણ પછી અસંખ્ય પાટ સુધી મોક્ષમાર્ગ ચાલતો રહ્યો – તે તેમની યુગાંતકૃતભૂમિ છે.

શ્રી ઋષભને કેવળજ્ઞાન થયા પછી અંતર્મુહૂર્ત્ત પછી મોક્ષમાર્ગ ચાલુ થયો (અર્થાત્ શ્રી ઋષભનો કેવળી પર્યાય અંતર્મુહૂર્ત્તનો થતા જ મરુદેવી માતાએ સર્વ દુઃખોનો અંત કર્યો, નિર્વાણ પ્રાપ્ત કર્યુ) – તે તેમની પર્યાયાંતકૃતભૂમિ છે.

[સૂત્ર–૨૧૨]

તે કાળે તે સમયે કૌશલિક અર્હત્ ઋષભ વીસ લાખ પૂર્વ વરસ સુધી કુમાર અવસ્થામાં રહ્યા. ત્રેસઠ લાખ પૂર્વ વરસ સુધી રાજ્યાવસ્થામાં રહ્યા. ત્ર્યાસી લાખ પૂર્વ વરસ સુધી ગૃહવાસમાં રહ્યા, એક હજાર વરસ સુધી છદ્મસ્થ પર્યાયમાં રહ્યા, એક લાખ પૂર્વ વરસમાં એક હજાર વરસ ઓછા કેવળીપર્યાયમાં રહ્યા. આ પ્રમાણે પૂરા એક લાખ પૂર્વ વરસ સુધી શ્રમણપર્યાયમાં રહ્યા.

આ પ્રમાણે નિર્ધારિત ચોર્યાસી લાખ પૂર્વનું પૂર્ણ આયુષ્ય ભોગવીને વેદનીયકર્મ, આયુકર્મ, નામકર્મ અને ગોત્રકર્મ ક્ષીણ થતા જ આ અવસર્પિણી કાળના સુષમ દુષમ નામના આરાનો ઘણો સમય વ્યતીત થઈ ગયો ત્યારે ત્રણ વરસ અને સાડાઆઠ માસ બાકી રહેતા.

હેમંતઋતુના ત્રીજા માસ, પાંચમા પક્ષ અર્થાત્ મહા માસનો કૃષ્ણપક્ષ આવ્યો–તે મહા વદ તેરસના દિવસે અષ્ટાપદ પર્વતના શિખર ઉપર શ્રી ઋષભદેવ અર્હત બીજા દસ હજાર અણગારોની સાથે, નિર્જળ છ ઉપવાસનું તપ કરતા, અભિજિત નક્ષત્રનો યોગ થતા જ પૂર્વાહ્ણમાં પલ્યંકાસ નથી રહેલા કાળગત થયા યાવત્ સર્વદુઃખોથી પૂર્ણપણે મુક્ત થયા.

[સૂત્ર–૨૧૩] કૌશલિક અર્હત્ ઋષભ નિર્વાણ થયાને યાવત્ સર્વ દુઃખોથી મુક્ત થયાને ત્રણ વરસ ને સાડા આઠ માસ વ્યતીત થઈ ગયા, તે પછી બેંતાલીસ હજાર ત્રણ વરસ અને સાડા આઠ માસ ઓછા એક ક્રોડાક્રોડ સાગરોપમ જેટલો કાળ વ્યતીત થયો, તે સમયે શ્રમણ ભગવાન મહાવીર પરિનિર્વાણને પ્રાપ્ત થયા. તે પછી પણ નવસો વરસ વ્યતીત થઈ ગયા અને હવે દસમી શતાબ્દીનું આ એંસીમું વરસ ચાલી રહેલ છે.

**पुरिम–चरिमाण कप्पो मंगलं वद्धमाण तित्थम्मि ।**
**इह परिकहिआ जिण-गण-हराइ थेरावली चरित्तं ।।**

* * *

# પર્યુષણ મહાપર્વ (દિવસ–૭) વ્યાખ્યાન ૮

## पुरिम–चरिमाण कप्पो मंगलं वद्धमाण तित्थम्मि ।
## इह परिकहिआ जिण-गण-हराइ थेरावली चरित्तं ।।

[સૂત્ર–૨૧૪]

તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના નવ ગણ અને અગિયાર ગણધર હતા.

[સૂત્ર–૨૧૫]

પ્રશ્ન – "ભગવન્ ! એમ કઈ દૃષ્ટિથી કહેવામાં આવે છે કે શ્રમણ ભગવાન મહાવીરને નવ ગણ અને અગિયાર ગણધર હતા ?"

ઉત્તર – "શ્રમણ ભગવાન મહાવીરના મોટા શિષ્ય ઈન્દ્રભૂતિ નામના ગૌતમ ગોત્રીય અણગાર પાંચસો શ્રમણોને વાચના આપતા હતા. બીજા શિષ્ય અગ્નિભૂતિ નામના ગૌતમ ગોત્રીય અણગારે પાંચસો શ્રમણોને વાચના આપી. ત્રીજા શિષ્ય લઘુ અણગાર વાયુભૂતિ ગૌતમ ગોત્રીય પાંચસો શ્રમણોને વાચના આપી. ચોથા શિષ્ય આર્યવ્યક્ત ભારદ્વાજ ગોત્રીય સ્થવિરે પાંચસો શ્રમણોને વાચના આપી.

પાંચમા શિષ્ય આર્ય સુધર્મા નામના અગ્નિવૈશ્યાયન ગોત્રીય સ્થવિરે પાંચસો શ્રમણોને વાચના આપી. છઠ્ઠા શિષ્ય મંડિતપુત્ર નામના વસિષ્ઠ ગોત્રીય સ્થવિરે ત્રણસો પચાસ શ્રમણોને વાચના આપી. સાતમા શિષ્ય મૌર્યપુત્ર નામના કાશ્યપ ગોત્રીય સ્થવિરે ત્રણસો પચાસ શ્રમણોને વાચના આપી.

આઠમા શિષ્ય અકંપિત નામના ગૌતમ ગોત્રીય સ્થવિરે અને નવમા શિષ્ય અચલભ્રાતા નામના હારિતાયન ગોત્રીય સ્થવિરે ત્રણસો–ત્રણસો શ્રમણોને વાચના આપી. દશમા શિષ્ય મેતાર્ય નામના કૌડીન્ય ગોત્રીય સ્થવિરે અને અગિયારમા શિષ્ય પ્રભાસ નામના કૌડીન્ય ગોત્રીય સ્થવિરે ત્રણસો ત્રણસો શ્રમણોને વાચના આપી.

તે કારણે હે આર્યો! એમ કહેવામાં આવે છે કે શ્રમણ ભગવાન મહાવીરને નવ ગણ અને અગિયાર ગણધર હતા.

[સૂત્ર–૨૧૬]

શ્રમણ ભગવાન મહાવીરના અગિયારે ગણધરો દ્વાદશાંગીના જ્ઞાતા હતા. ચૌદ પૂર્વના

વેત્તા હતા અને સમગ્ર ગણીપિટકના ધારક હતા. તે બધા રાજગૃહી નગરમાં એક માસ સુધી નિર્જળ અનશન કરી કાળધર્મને પ્રાપ્ત થયા યાવત્ સર્વ દુઃખોથી રહિત થયા. ભગવાન મહાવીરના નિર્વાણ પછી સ્થવિર ઇન્દ્રભૂતિ અને સ્થવિર આર્ય સુધર્મા પરિનિર્વાણને પામ્યા.

[સૂત્ર–૨૧૭]

આજે જે શ્રમણ નિર્ગ્રંથ વિચરે છે, અથવા વિદ્યમાન છે તે બધા આર્ય સુધર્મા અણગારના સંતાન છે, બાકી બધા ગણધરોની શિષ્ય પરંપરા વિચ્છિન્ન થઈ ગઈ છે.

[સૂત્ર–૨૧૮]

શ્રમણ ભગવાન મહાવીર કાશ્યપ ગોત્રીય હતા. કાશ્યપ ગોત્રીય શ્રમણ ભગવાન મહાવીરના અગ્નિ–વૈશ્યાયન ગોત્રીય સ્થવિર આર્ય સુધર્માના કાશ્યપ ગોત્રીય સ્થવિર આર્ય જંબૂ નામના અંતેવાસી હતા.

[સૂત્ર–૨૧૯]

કાશ્યપગોત્રીય સ્થવિર આર્ય જંબૂના કાત્યાયનગોત્રીય સ્થવિર આર્ય પ્રભવ નામે અંતેવાસી હતા.

[સૂત્ર–૨૨૦]

કાત્યાયન ગોત્રીય સ્થવિર આર્ય પ્રભવના વત્સ્યગોત્રીય સ્થવિર આર્ય શય્યંભવ નામે અંતેવાસી હતા.

[સૂત્ર–૨૨૧]

મનકના પિતા અને વત્સ્યગોત્રીય સ્થવિર આર્ય સિજ્જંભવના તુંગિયાયન ગોત્રીય સ્થવિર આર્ય યશોભદ્ર નામના અંતેવાસી હતા.

[સૂત્ર–૨૨૨] આર્ય યશોભદ્રથી આગળની સ્થવિરાવલી સંક્ષિપ્ત વાચના દ્વારા આ રીતે કહેવામાં આવેલ છે –

તુંગિયાયન ગોત્રના સ્થવિર આર્ય યશોભદ્રના બે સ્થવિર અંતેવાસી હતા. એક માઢર ગોત્રીય સ્થવિર આર્ય સંભૂતિવિજય અને બીજા પ્રાચીન ગોત્રના સ્થવિર આર્ય ભદ્રબાહુ.

[સૂત્ર–૨૨૩]

માઢર ગોત્રીય સ્થવિર આર્ય સંભૂતિ વિજયના ગૌતમગોત્રીય આર્ય સ્થૂલભદ્ર નામના અંતેવાસી હતા.

[સૂત્ર–૨૨૪]

ગૌતમ ગોત્રીય સ્થવિર આર્ય સ્થૂલભદ્રના બે સ્થવિર અંતેવાસી હતા, એલાપત્ય

ગોત્રીય સ્થવિર આર્ય મહાગિરિ અને વાસિષ્ઠ ગોત્રીય સ્થવિર આર્ય સુહસ્તિ.

[સૂત્ર–૨૨૫]

વાસિષ્ઠગોત્રીય સ્થવિર આર્ય સુહસ્તિના બે સ્થવિર અંતેવાસી હતા. પ્રથમ સુસ્થિત સ્થવિર અને બીજા સુપડિબદ્ધ સ્થવિર.

તે બન્ને કોડીય કાકંદક કહેવાતા હતા અને તે બન્ને વ્યાઘ્રાપત્ય ગોત્રના હતા.

કોડીયકાકંદકના રૂપમાં પ્રસિદ્ધ થયેલ અને વ્યાઘ્રાપત્ય ગોત્રીય સુસ્થિત અને સુપ્પડિબુદ્ધ સ્થવિરના કૌશિક ગોત્રીય આર્ય સુસ્થિત અને સુપ્પડિબદ્ધ સ્થવિરના કૌશિક ગોત્રીય આર્ય ઈન્દ્રદિન્ન નામના સ્થવિર અંતેવાસી હતા.

કૌશીક ગોત્રીય આર્ય ઈન્દ્રદિન્ન સ્થવિરના ગૌતમ ગોત્રીય સ્થવિર આર્યદિન્ન નામના અંતેવાસી હતા.

[સૂત્ર–૨૨૬]

ગૌતમ ગોત્રીય સ્થવિર આર્ય દિન્નના કૌશિક ગોત્રીય આર્ય સિંહગિરિ નામના સ્થવિર અંતેવાસી હતા. આર્ય સિંહગિરિને જાતિસ્મરણ જ્ઞાન થયું હતું.

જાતિસ્મરણ જ્ઞાનને પ્રાપ્ત કૌશિક ગોત્રીય આર્ય સિંહગિરિ સ્થવિરના ગૌતમ ગોત્રીય આર્ય વજ્રનામક સ્થવિર અંતેવાસી હતા.

ગૌતમ ગોત્રીય સ્થવિર આર્યવજ્રના ઉક્કોસિયગોત્રીય આર્ય વજ્રસેન નામના સ્થવિર અંતેવાસી હતા.

ઉક્કોસગોત્રીય આર્ય વજ્રસેન સ્થવિરના ચાર સ્થવિર અંતેવાસી હતા– ૧) સ્થવિર આર્યનાગિલ, ૨) સ્થવિર આર્યપોમલી, ૩) સ્થવિર આર્યજયંત, ૪) સ્થવિર આર્ય તાપસ.

સ્થવિર આર્ય નાગિલથી આર્ય નાગિલા શાખા નીકળી, સ્થવિર આર્ય પોમીલથી આર્ય પોમીલા શાખા નીકળી, સ્થવિર આર્ય જયંતથી આર્ય જયંતી શાખા નીકળી, સ્થવિર આર્ય તાપસથી આર્ય તાપસી શાખા નીકળી.

[સૂત્ર–૨૨૭]

તે પછી આર્ય યશોભદ્રાથી આગળની સ્થવિરાવલી વિસ્તૃત વાચનાથી આ રીતે દૃષ્ટિગોચર થાય છે. જેમ કે તુંગિયાયન ગોત્રીય સ્થવિર આર્ય યશોભદ્રના પુત્ર સમાન બે પ્રખ્યાત સ્થવિર અંતેવાસી હતા. તે પ્રાચીન ગોત્રીય આર્ય ભદ્રબાહુ સ્થવિર અને માઢર ગોત્રીય આર્ય સંભૂતવિજય.

પ્રાચીન ગોત્રીય આર્ય ભદ્રબાહુ સ્થવિરના આ ચાર સ્થવિર અંતેવાસી હતા. (૧)

સ્થવિર ગોદાસ (૨) સ્થવિર અગ્નિદત્ત (૩) સ્થવિર યજ્ઞદત્ત (૪) અને સ્થવિર સોમદત્ત, તે ચારેય સ્થવિર કાશ્યપ ગોત્રીય હતા.

કાશ્યપગોત્રીય સ્થવિરગોદાસથી ગોદાસ ગણનો પ્રારંભ થયો. તે ગણની ચાર શાખાઓ આ રીતે છે – ૧) તામ્રલિપ્તિકા ૨) કોડિવરિસિકા ૩) પુંડ્રવર્દ્ધનિકા ૪) દાસી ખર્બટિકા.

[સૂત્ર–૨૨૮]

માઢર ગોત્રીય સ્થવિર આર્ય સંભૂતવિજયના પુત્ર સમાન અને પ્રખ્યાત બાર સ્થવિર અંતેવાસી હતા, તે આ પ્રમાણે બે ગાથામાં બતાવેલ છે –

[સૂત્ર–૨૨૯, ૨૩૦]

(૧) નંદનભદ્ર (૨) ઉપનંદભદ્ર (૩) તિષ્યભદ્ર (૪) યશોભદ્ર (૫) સ્થવિર સુમનભદ્ર (૬) મણિભદ્ર (૭) પૂર્ણભદ્ર (૮) આર્યસ્થૂલભદ્ર (૯) ઋજુમતિ (૧૦) જંબૂ (૧૧) સ્થવિર દીર્ઘભદ્ર (૧૨) સ્થવિર પાંડુભદ્ર.

[સૂત્ર–૨૩૧]

માઢર ગોત્રીય સ્થવિર આર્ય સંભૂતવિજયની પુત્રી સમાન પ્રખ્યાત આ સાત અંતેવાસીનીઓ (શિષ્યાઓ) હતા. તે આ પ્રમાણે છે –

[સૂત્ર–૨૩૨]

(૧) યક્ષા (૨) યક્ષદત્તા (૩) ભૂતા (૪) ભૂતદત્તા (૫) સેણા (૬) વેણા અને (૭) રેણા. એ સાતેય આર્ય સ્થૂલભદ્રની બહેનો હતી.

[સૂત્ર–૨૩૩]

ગૌતમ ગોત્રીય આર્ય સ્થૂલભદ્ર સ્થવિરના પુત્ર સમાન પ્રખ્યાત આ બે સ્થવિર અંતેવાસી હતા.

એક એલાપત્ય ગોત્રીય સ્થવિર આર્ય મહાગિરિ અને બીજા વસિષ્ઠ ગોત્રીય સ્થવિર આર્ય સુહસ્તિ.

એલાપત્ય ગોત્રીય સ્થવિર આર્ય મહાગિરિના પુત્ર સમાન પ્રખ્યાત તે આઠ સ્થવિર અંતેવાસી હતા. જેવા કે (૧) સ્થવિર ઉત્તર (૨) સ્થવિર બલિસ્સહ (૩) સ્થવિર ધનાઢ્ય (૪) સ્થવિર શ્રીઆઢ્ય (૫) સ્થવિર કૌડીન્ય (૬) સ્થવિર નાગ (૭) સ્થવિર નાગમિત્ર (૮) ષડૂલૂક, કૌશિકગોત્રીય સ્થવિર રોહગુપ્ત.

[સૂત્ર–૨૩૪]

કૌશિક ગોત્રીય સ્થવિર ષડૂલૂક રોહગુપ્તથી ત્રૈરાશિક સંપ્રદાય નીકળ્યો.

સ્થવિર ઉત્તરથી તથા સ્થવિર બલિસ્સહથી ઉત્તરબલિસ્સહ નામનો ગણ નીકળ્યો. તેની ચાર શાખાઓ આ રીતે કહેવામાં આવે છે જેવી કે (૧) કૌશામ્બિકા (૨) શુક્તિમતિયા (૩) કોંડબાણી અને (૪) ચંદનાગરી.

[સૂત્ર–૨૩૫]

વાસિષ્ઠ ગોત્રીય સ્થવિર આર્ય સુહસ્તિના પુત્ર સમાન પ્રખ્યાત તે બાર સ્થવિર અંતેવાસી હતા. તે નીચેની બે ગાથામાં કહેલા છે.

[સૂત્ર–૨૩૬, ૨૩૭]

(૧) સ્થવિર આર્ય રોહણ (૨) જસભદ્ર (૩) મેઘગણી (૪) કામર્દ્ધિ (૫) સુસ્થિત (૬) સુપ્રતિબદ્ધ (૭) રક્ષિત (૮) રોહગુપ્ત (૯) ઋષિગુપ્ત (૧૦) શ્રીગુપ્ત (૧૧) બ્રહ્મગણી (૧૨) સોમગણી. તે બાર ગણધર સમાન તે બારેય શિષ્ય સુહસ્તિના હતા.

[સૂત્ર–૨૩૮]

કાશ્યપ ગોત્રીય સ્થવિર આર્ય રોહણથી ત્યાં ઉદ્દેહગણ નામનો ગણ નીકળ્યો. તેની ચાર શાખાઓ અને છ કુળ આ રીતે કહેવાય છે.

[સૂત્ર–૨૩૯]

પ્રશ્ન – તે શાખાઓ કઈ કઈ છે? ઉત્તર – તે શાખાઓ આ રીતે કહેવાય છે.

૧) ઉદુંબરિયા, ૨) માસપૂરીયા, ૩) મઈપત્તિયા, ૪) પુણ્ણપત્તિયા.

[સૂત્ર–૨૪૦]

પ્રશ્ન – તે કુળ ક્યાં ક્યાં છે?

ઉત્તર – તે કુળ આ રીતે કહેવામાં આવે છે – (૧) નાગભૂત (૨) સોમભૂતિક (૩) આર્દ્રગચ્છ (૪) હત્થલિજ્જ (૫) નંદિજ્જ (૬) પારિહાસિય. તે ઉદ્દેહ ગણના છ કુળ જાણવા.

[સૂત્ર–૨૪૧]

હારિતગોત્રીય સ્થવિર સિરિગુત્તથી ત્યાં ચારણગણ નામનો ગણ નીકળ્યો. તેની ચાર શાખાઓ અને સાત કુળો થયા.

પ્રશ્ન – તે શાખાઓ કઈ કઈ છે?

ઉત્તર – શાખાઓ આ રીતે છે – (૧) હારિયમાલાગારી (૨) સંકાસીઆ (૩) ગવેધુયા અને (૪) વજ્જનાગરી એ ચાર શાખાઓ છે.

[સૂત્ર–૨૪૨]

પ્રશ્ન – તે કુળ ક્યા ક્યા છે?

ઉત્તર – કુળ આ રીતે છે – (૧) પ્રથમ વત્સલીય (૨) દ્વિતીય પ્રીતિધર્મક (૩) તૃતીય હાલિજ્જ (૪) ચતુર્થ પુષ્યમિત્રીય (૫) પાંચમા મલીય (૬) છઠ્ઠા આર્યચેટક (૭) સાતમા કણ્હસહ ચારણગણના તે સાત કુળો છે.

[સૂત્ર–૨૪૩]

ભારદ્વાજ ગોત્રીય સ્થવિર (ભદ્રયશ)થી ત્યાં ઉડુવાડિયગણ નામનો ગણ નીકળ્યો. તેની તે ચાર શાખાઓ નીકળી અને ત્રણ કુળ નીકળ્યા.

પ્રશ્ન – તે કઈ કઈ શાખાઓ છે?

ઉત્તર – શાખાઓ આ છે. જેવી કે, (૧) ચંપિજ્જિયા (૨) ભદિજ્જિયા (૩) કાકંદીયા (૪) મેહલિજ્જિયા.

પ્રશ્ન – તે કુળ કયા કયા છે?

ઉત્તર – તે કુળ આ જાતના છે – (૧) ભદ્રયશીય (૨) ભદ્રગુપ્તીય (૩) (યશોભદ્રીય) કુલ, એ ત્રણેય કુલ ઉડુવાડિય કુળના છે.

[સૂત્ર–૨૪૪]

કુંડીલગોત્રીય કામર્દ્ધિ સ્થવિરથી ત્યાં વેસવાડિયગણ નામનો ગણ નીકળ્યો. તેની ચાર શાખાઓ અને ચાર કુળ નીકળ્યા.

પ્રશ્ન – તે શાખાઓ કઈ કઈ છે?

ઉત્તર – તે શાખાઓ આ રીતે છે. (૧) શ્રાવસ્તિકા (૨) રાજ્યપાલિતા (૩) અંતરંજિયા (૪) ક્ષૌમિલીયા એ ચાર શાખાઓ છે.

પ્રશ્ન – તે કુળ કયા કયા છે?

ઉત્તર – તે કુળ આ રીતે છે – (૧) ગણિક (૨) મેઘિક (૩) કામર્દ્ધિક અને (૪) ઈન્દ્રપુરક વેસવાડિય ગણના એ ચાર કુળ છે.

[સૂત્ર–૨૪૫]

વાશિષ્ઠગોત્રીય અને કાકંદક ઋષિગુપ્ત સ્થવિરથી માનવગણ નામનો ગણ નીકળ્યો તેની ચાર શાખાઓ અને ત્રણ કુળ આ રીતે છે.

પ્રશ્ન – તે શાખાઓ કઈ કઈ છે?

ઉત્તર – તે શાખાઓ આ રીતે (૧) કાશ્યપિયા (૨) ગૌતમીયા (૩) વાશિષ્ઠિયા (૪) સૌરાષ્ટ્રીયા તે ચાર શાખાઓ છે.

પ્રશ્ન – તે કુળ કયા કયા છે?

ઉત્તર – તે કુળ આ રીતના છે – (૧) ઋષિગુપ્તિક (૨) ઋષિદત્તિક (૩) અને અભિજસંત એ ત્રણ કુળ માનવક ગણના છે.

[સૂત્ર–૨૪૬]

કોટિક કાકંદક કહેવાતા અને વ્યાઘ્રાપત્ય ગોત્રીય સ્થવિર સુસ્થિત અને સુપ્રતિબદ્ધથી ત્યાં કોડિયગણ નામનો ગણ નીકળ્યો. તેની ચાર શાખાઓ આ રીતે છે.

પ્રશ્ન – તે શાખાઓ કઈ કઈ છે?

ઉત્તર – તે શાખાઓ આ રીતે છે – (૧) ઉચ્ચાનાગરી (૨) વિદ્યાધરી (૩) વજ્રિ (૪) મધ્યમા એ ચાર શાખાઓ કોટિક ગણની છે.

પ્રશ્ન – તે કુળ કયા કયા છે?

ઉત્તર – તે કુળ આ રીતે છે – પ્રથમ બંભલિજ્ઞ કુળ, બીજું વચ્છલિજ્ઞ કુળ, ત્રીજું વાણિજ્ઞ કુળ અને ચોથું પ્રશ્ન વાહન કુળ.

[સૂત્ર–૨૪૭]

કોટિક કાકંદક કહેવાતા અને વ્યાઘ્રાપત્ય ગોત્રીય સ્થવિર સુસ્થિત તથા સુપ્રતિબદ્ધને પાંચ સ્થવિર પુત્ર સમાન અને પ્રખ્યાત અંતેવાસી હતા. જેમ કે – (૧) સ્થવિર આર્ય ઈન્દ્રદિન્ન, (૨) સ્થવિર પ્રિયગ્રંથ (૩) સ્થવિર વિદ્યાધર ગોપાલ કાશ્યપ ગોત્રીય (૪) સ્થવિર 'ઈસિદત્ત' 'ઋષિદત્ત' અને સ્થવિર (૫) 'અર્હદત્ત'.

સ્થવિર પ્રિયગ્રંથથી મધ્યશાખા નીકળી. કાશ્યપ ગોત્રીય સ્થવિર વિદ્યાધર ગોપાલથી વિદ્યાધરી શાખાનો પ્રારંભ થયો.

[સૂત્ર–૨૪૮]

કાશ્યપગોત્રીય સ્થવિર આર્ય ઈન્દ્રદત્તના ગૌતમ ગોત્રીય સ્થવિર આર્યદિન્ન અંતેવાસી હતા.

ગૌતમ ગોત્રીય સ્થવિર આર્યદિન્નના બે સ્થવિર પુત્ર સમાન અને પ્રખ્યાત અંતેવાસી હતા. આર્ય શાંતિશ્રેણિક સ્થવિર માઢર ગોત્રીય અને જાતિસ્મરણ જ્ઞાનવાળા કૌશિક ગોત્રીય આર્ય સિંહગિરિ.

માઢર ગોત્રીય સ્થવિર આર્ય શાંતિ–શ્રેણિકથી ઉચ્ચા–નાગરી શાખાનો પ્રારંભ થયો.

[સૂત્ર–૨૪૯]

માઢર ગોત્રીય સ્થવિર આર્ય શાંતિશ્રેણિકના ચાર સ્થવિર પુત્ર સમાન અંતેવાસી હતા. જેવા કે – (૧) સ્થવિર આર્ય શ્રેણિક (૨) સ્થવિર આર્ય તાપસ (૩) સ્થવિર આર્ય કુબેર

(૪) સ્થવિર આર્ય ઈસિપાલિત.

[સૂત્ર–૨૫૦]

સ્થવિર આર્ય શ્રેણિકથી ત્યાં આર્ય શ્રેણિકા શાખા નીકળી. સ્થવિર આર્ય તાપસથી આર્ય તાપસી શાખા નીકળી. સ્થવિર આર્ય કુબેરથી આર્ય કુબેરી શાખા નીકળી. સ્થવિર આર્ય ઋષિપાલિતથી ત્યાં આર્ય ઋષિપાલિતા શાખા નીકળી.

[સૂત્ર–૨૫૧]

જાતિસ્મરણ જ્ઞાનવાળા કૌશિક ગોત્રીય આર્ય સિંહગિરિ સ્થવિરના તે ચાર સ્થવિર પુત્ર સમાન સુવિખ્યાત અંતેવાસી હતા.

જેવા કે (૧) સ્થવિર ધનગિરિ (૨) સ્થવિર આર્યવજ્ર (૩) સ્થવિર આર્ય સમિત અને (૪) સ્થવિર અર્હદત્ત.

સ્થવિર આર્ય સમિતથી ત્યાં બંભદેવીયા 'બ્રહ્મદીપિકા' શાખાનો પ્રારંભ થયો. ગૌતમ ગોત્રીય સ્થવિર આર્ય વજ્રથી આર્ય વજ્રીશાખા નીકળી.

[સૂત્ર–૨૫૨]

ગૌતમગોત્રીય સ્થવિરઆર્યવજ્રના ત્રણ સ્થવિર પુત્રસમાન સુવિખ્યાત અંતેવાસી હતા તે આ પ્રમાણે (૧) સ્થવિર આર્ય વજ્રસેન (૨) સ્થવિર આર્ય પદ્મ (૩) સ્થવિર આર્ય રથ.

[સૂત્ર–૨૫૩]

સ્થવિર આર્ય વજ્રસેનથી આર્ય નાગિલી શાખા નીકળી. સ્થવિર આર્ય પદ્મથી આર્ય પદ્મા શાખા નીકળી અને સ્થવિર આર્ય રથથી આર્ય જયંતી શાખા નીકળી.

[સૂત્ર–૨૫૪]

વત્સ્યગોત્રીય સ્થવિરઆર્યરથના કૌશિકગોત્રીય સ્થવિર આર્યપુષ્યગિરિ અંતેવાસી હતા

[સૂત્ર–૨૫૫]

કૌશિક ગોત્રીય સ્થવિર આર્ય પુષ્યગિરિના ગૌતમ ગોત્રીય સ્થવિર આર્ય ફલ્ગુમિત્ર અંતેવાસી હતા.

[સૂત્ર–૨૫૬]

ગૌતમગોત્રીય ફલ્ગુમિત્રને વાસિષ્ઠ ગોત્રીય ધનગિરિને કૌત્સ્યગોત્રીય શિવભૂતિને અને કૌશીકગોત્રીય દોજ્જતકંટકને વંદન કરું છું.

[સૂત્ર–૨૫૭]

તે બધાને મસ્તક ઝુકાવીને વંદન કરીને કાશ્યપગોત્રીય ચિત્તને વંદન કરું છું.

કાશ્યપગોત્રીય નક્ષત્ર અને કાશ્યપગોત્રીય રક્ષને પણ વંદન કરું છું.

[સૂત્ર–૨૫૮]

ગૌતમગોત્રીય આર્ય નાગને અને વાસિષ્ઠગોત્રીય જેહિલને તથા માઢરગોત્રીય વિષ્ણુને અને ગૌતમ–ગોત્રીય કાલકને પણ વંદન કરું છું.

[સૂત્ર–૨૫૯]

ગૌતમ ગોત્રીય મભારને અથવા અભારને સંપલિતને તથા ભદ્રકને વંદન કરું છું.

કાશ્યપગોત્રીય સ્થવિર સંઘપાલિતને નમસ્કાર કરું છું.

[સૂત્ર–૨૬૦]

કાશ્યપગોત્રીય આર્ય હસ્તિને વંદન કરું છું. તે આર્ય હસ્તિ ક્ષમાના સાગર અને ધીર હતા તથા ગ્રીષ્મ ઋતુના પ્રથમ માસમાં શુક્લ પક્ષના દિવસોમાં કાળધર્મને પ્રાપ્ત થયા હતા.

[સૂત્ર–૨૬૧]

જેમના નિષ્ક્રમણ (દીક્ષા) લેવાના સમયમાં દેવે ઉત્તમ છત્ર ધારણ કર્યુ હતુ તેવા સુવ્રતવાળા શિષ્યોની લબ્ધિથી સંપન્ન આર્ય ધર્મને વંદન કરુ છું.

[સૂત્ર–૨૬૨]

કાશ્યપગોત્રીય હસ્તને અને શિવસાધક ધર્મને નમસ્કાર કરું છું.

કાશ્યપગોત્રીય 'સિંહ'ને અને કાશ્યપગોત્રીય 'ધર્મ'ને પણ વંદન કરું છું.

[સૂત્ર–૨૬૩]

સૂત્ર રૂપ અને તેના અર્થ રૂપ રત્નોથી ભરેલા, ક્ષમાસંપન્ન, દમસંપન્ન અને માર્દવ ગુણસંપન્ન કાશ્યપ–ગોત્રીય દેવર્દ્ધિ ક્ષમાશ્રમણને પ્રણિપાત કરુ છું.

**पुरिम–चरिमाण कप्पो मंगलं वद्धमाण तित्थम्मि ।**
**इह परिकहिआ जिण-गण-हराइ थेरावली चरित्तं ।।**

* * *

# પર્યુષણ મહાપર્વ વ્યાખ્યાન ૯

**पुरिम–चरिमाण कप्पो मंगलं वद्धमाण तित्थम्मि ।**
**इह परिकहिआ जिण-गण-हराइ थेरावली चरित्तं ।।**

[સૂત્ર–૨૬૪]

તે કાળે, તે સમયે શ્રમણ ભગવાન મહાવીર વર્ષાઋતુની વીસ રાત્રિ સહિત એક માસ વ્યતીત થયા પછી અર્થાત્ અષાઢી ચાતુર્માસી થયા પછી પચાસ દિવસ વ્યતીત થતા વર્ષાવાસ રહ્યા.

[સૂત્ર–૨૬૫]

અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે, "ભગવન્! કયા કારણથી એ રીતે કહેવામાં આવે છે કે શ્રમણ ભગવાન મહાવીર વર્ષાઋતુની વીસ રાત્રિ સહિત એક માસ વ્યતીત થતા વર્ષાવાસ રહ્યા."

ઉત્તર – કારણ એ છે કે, મુખ્યપણે તે સમયે ગૃહસ્થોના ઘર ચારે બાજુથી ચટાઈ વગેરેથી આચ્છાદિત હોય છે, ચૂના વગેરેથી ઘોળેલા હોય છે, ઘાસ વગેરેથી ઢંકાયેલા હોય છે, ચાર દીવાલોથી સુરક્ષિત હોય છે, ઘસી–ઘસીને ખરબચડી ભૂમિને સરખી કરેલી અને મુલાયમ બનાવેલી હોય છે. સુવાસિત ધૂપોથી સુગંધિત કરેલી હોય છે, પાણી કાઢવા માટે ખાળ વગેરે બનાવેલ હોય છે, ઘરોની બહાર ખાળો વગેરે ખોદાવાયેલ હોય છે. તે ઘર ગૃહસ્થ પોતાના માટે કરે છે, તે ઘર ગૃહસ્થના ઉપયોગને માટે હોય છે. પોતાને રહેવા માટે તે તેને સાફ કરીને જીવ–જંતુ રહિત બનાવે છે.

તે કારણે એમ કહેવામાં આવે છે કે શ્રમણ ભગવાન મહાવીર વર્ષાઋતુની વીસ રાત્રિ સહિત એક માસ પસાર થતા વર્ષાવાસ રહ્યા.

[સૂત્ર–૨૬૬]

જેવી રીતે શ્રમણ ભગવાન મહાવીર વર્ષાઋતુની વીસ રાત્રિ સહિત એક માસ પસાર થતા વર્ષાવાસ રહેલ છે તેવી જ રીતે ગણધર પણ વર્ષાઋતુની વીસ રાત્રિ સહિત એક માસ વ્યતીત થતા વર્ષાવાસ રહે છે.

[સૂત્ર–૨૬૭]

જેવી રીતે ગણધરો વર્ષાઋતુની વીસ રાત્રિ સહિત એક માસ વ્યતીત થતા વર્ષાવાસ

રહ્યા. તેવી જ રીતે ગણધરના શિષ્યો પણ વર્ષાઋતુની વીસ રાત્રિ સહિત એક માસ વ્યતીત થતા વર્ષાવાસ રહે છે.

[સૂત્ર–૨૬૮]

જેવી રીતે ગણધરોના શિષ્યો વર્ષાઋતુની વીસ રાત્રિ સહિત એક માસ વ્યતીત થતા વર્ષાવાસ રહ્યા, તેવી જ રીતે સ્થવિરો પણ વર્ષાઋતુની વીસ રાત્રિ સહિત એક માસ વ્યતીત થતા વર્ષાવાસ રહે છે.

[સૂત્ર–૨૬૯]

જેવી રીતે સ્થવિરો વર્ષાઋતુની વીસ રાત્રિ સહિત એક માસ વ્યતીત થયા પછી વર્ષાવાસ રહે છે, તેવી જ રીતે આજ–કાલ જે શ્રમણ નિર્ગ્રન્થો વિચરે છે કે વિદ્યમાન છે તે પણ વર્ષાઋતુની વીસ રાત્રિ સહિત એક માસ વ્યતીત થતા વર્ષાવાસ રહે છે.

[સૂત્ર–૨૭૦]

જેવી રીતે આજકાલ શ્રમણ–નિર્ગ્રન્થો વર્ષાઋતુની વીસ રાત્રિ સહિત એક માસ વ્યતીત થતા વર્ષાવાસ રહે છે તેવી જ રીતે અમારા પણ આચાર્યો ઉપાધ્યાયો વર્ષાઋતુની વીસ રાત્રિ સહિત એક માસ વ્યતીત થતા રહે છે.

[સૂત્ર–૨૭૧]

જેવી રીતે અમારા આચાર્યો ઉપાધ્યાયો વર્ષાવાસ રહે છે તેવી જ રીતે અમે પણ વર્ષાઋતુની વીસ રાત્રિ સહિત એક માસ વ્યતીત થતા વર્ષાવાસ રહીએ છીએ તે સમયથી પહેલા પણ વર્ષાવાસ રહેવાનું કલ્પે છે. પરંતુ તે રાત્રિનું ઉલ્લંખન કરવુ કલ્પતુ નથી.

[સૂત્ર–૨૭૨]

વર્ષાવાસ રહેતા નિર્ગ્રન્થ કે નિર્ગ્રન્થીઓને બધી બાજુથી પાંચ ગાઉ સુધી અવગ્રહનો (નિર્ધારણનો) સ્વીકાર કરીને રહેવાનું કલ્પે છે.

પાણીથી ભીના થયેલા હાથ જ્યાં સુધી ન સૂકાય ત્યાં સુધી પણ અવગ્રહમાં રહેવાનું કલ્પે છે પરંતુ અવગ્રહથી બહાર રહેવાનું કલ્પતુ નથી.

[સૂત્ર–૨૭૩]

વર્ષાવાસ રહેલા નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થીઓને ચારેય બાજુ પાંચ ગાઉ સુધી ભિક્ષાચર્યા માટે જવાનું કલ્પે છે અને પાછા આવવાનું કલ્પે છે.

જ્યાં નદી હંમેશા પાણીથી ભરેલી રહે છે, નિત્ય વહેતી રહે છે, ત્યાં બધી બાજુએ અથવા પાંચ ગાઉ સુધી ભિક્ષાચર્યાને માટે જવાનું કે પાછા ફરવાનું કલ્પતુ નથી.

ઐરાવતી નદી કુણાલા નગરીમાં છે, ત્યાં એક પગ પાણીમાં રાખીને ચાલી જઈ શકાય છે અને એક પગ સ્થળમાં પાણી બહાર રાખીને ચાલી જઈ શકાય છે.

અર્થાત્ એવા સ્થળ ઉપર ચારેય બાજુ અને પાંચ ગાઉ સુધી ભિક્ષા માટે જવાનું અને પાછા ફરવાનું કલ્પે છે.

[સૂત્ર–૨૭૪]

વર્ષાવાસમાં રહેલા કેટલાએ શ્રમણોને પ્રારંભમાં જ એ રીતે કહેવામાં આવેલ હોય છે કે ભગવન્ ! તમારે અમુકને દેવુ ત્યારે તેમને તે રીતે દેવાનું કલ્પે છે, પરંતુ તેમને પોતાને માટે લેવાનું કલ્પતુ નથી.

(અર્થાત્ વર્ષાવાસિત શ્રમણ શ્રમણીઓને ગુરુજનોએ એવો આદેશ આપેલ હોય કે અમુક ગ્લાનાદિને માટે અમુક અન્નપાણી લાવીને આપવા, ત્યારે તે લાવેલા અન્નપાણી પોતાને માટે ઉપયોગમાં લેવાનું કલ્પતુ નથી.)

[સૂત્ર–૨૭૫]

વર્ષાવાસમાં રહેલા કેટલાએ શ્રમણોને એ રીતે પ્રારંભમાં જ કહેવામાં આવેલ હોય છે –

હે ભગવન્! તમારે લેવુ ત્યારે તેમને એ રીતે લેવાનું કલ્પે છે પણ બીજાઓને આપવાનુ કલ્પતુ નથી.

[સૂત્ર–૨૭૬]

વર્ષાવાસમાં રહેલા કેટલાએ શ્રમણોને પહેલેથી જ એ રીતે કહેવામાં આવેલ હોય કે

હે ભગવન્! તમે બીજાઓને પણ આપો અને સ્વયં પણ લો ત્યારે તેને તે રીતે બીજાઓને આપવાનું અને પોતાને લેવાનું કલ્પે છે.'

[સૂત્ર–૨૭૭]

વર્ષાવાસમાં રહેલા નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થીઓ હૃષ્ટપુષ્ટ હોય, નિરોગી હોય, બળવાન દેહવાળા હોય તેમને આ નવ રસ વિકૃતિઓ વખતોવખત ખાવાનું કલ્પતુ નથી તે આ પ્રમાણે છે – (૧) ક્ષીર–દૂધ (૨) દહીં (૩) માખણ (૪) ઘી (૫) તેલ (૬) ગોળ (૭) મધુ (૮) મદ્ય (૯) માંસ.

[સૂત્ર–૨૭૮]

વર્ષાવાસમાં રહેલા કેટલાએ શ્રમણોને પહેલાં જ એ રીતે કહી દેવામાં આવ્યું હોય કે 'હે ભગવન્ ! અસ્વસ્થ વ્યક્તિને માટે આવશ્યકતા છે ?'

જો તે કહે કે આવશ્યકતા છે, ત્યારે તે પછી, તે અસ્વસ્થ વ્યક્તિને પૂછવું જોઈએ કે

કેટલા પ્રમાણમાં (દૂધ વગેરેની) આવશ્યકતા છે અને દૂધ વગેરેનું પ્રમાણ અસ્વસ્થ વ્યક્તિ પાસેથી જાણી લીધા પછી તે કહે કે આટલા પ્રમાણમાં અસ્વસ્થ વ્યક્તિને દૂધની આવશ્યકતા છે. બીમાર, જેટલા પ્રમાણમાં કહે તેટલા જ પ્રમાણમા લાવવુ જોઈએ.

લેવા જવાવાળા પ્રાર્થના કરે અને પ્રાર્થના કરતા દૂધ વગેરે પ્રાપ્ત કરે. જ્યારે દૂધ વગેરે પ્રમાણયુક્ત પ્રાપ્ત થઈ જાય ત્યારે તેને પર્યાપ્ત છે, તે રીતે કહેવું જોઈએ. તે પછી દૂધ દેવાવાળા શ્રમણને કહે કે, ‘હે ભગવન્! બસ, પર્યાપ્ત છે એમ આપ કઈ રીતે કહી રહેલ છો!

ઉત્તરમાં લેવાવાળા ભિક્ષુક કહે કે બીમારને માટે એટલાની જ આવશ્યકતા છે એ રીતે કહેનાર ભિક્ષુકને દૂધ વગેરે આપવાવાળા ગૃહસ્થ કદાચિત્ એમ કહે કે આર્ય ! આપ લઈ જાઓ, બાદમાં વધી જાય તો આપ તે વાપરી લેજો.

એ પ્રકારે વાત થઈ હોય ત્યારે તેને અધિક લેવાનું કલ્પે છે પરંતુ લઈ આવવા વાળાને એ બીમાર વ્યક્તિના બહાને અધિક લાવવુ કલ્પતુ નથી.

[સૂત્ર–૨૭૯]

વર્ષાવાસમાં રહેલા સ્થવિરોના તથાપ્રકારના કુળ વગેરે કરેલા હોય છે કે જે કુળ પ્રીતિપાત્ર હોય છે, સ્થિરતાવાળા હોય છે, વિશ્વાસવાળા હોય છે, સમ્મત હોય છે, બહુમત હોય છે અને અનુમતિવાળા હોય છે.

તે કુળોમાં જઈને આવશ્યક વસ્તુ ન જોતા તે સ્થવિરોએ એ રીતે કહેવાનું કલ્પતુ નથી –હે આયુષ્મન્! આ વસ્તુ કે તે વસ્તુ તમારે ત્યાં છે !

પ્રશ્ન – હે ભગવન્ ! તેમને એ રીતે કહેવાનું કલ્પતુ નથી એ કયા ઉદ્દેશથી કહેવામાં આવેલ છે?

ઉત્તર – હે આયુષ્યમન્ ! એમ કહેવાથી શ્રદ્ધાવાન ગૃહસ્થ તે વસ્તુ ન હોવાથી નવીન ગ્રહણ કરે, મૂલ્યથી ખરીદીને લાવે અથવા ચોરી કરીને પણ લાવે.

[સૂત્ર–૨૮૦]

વર્ષાવાસમાં રહેલા નિત્યભોજી ભિક્ષુને ગોચરીના સમયમાં આહાર માટે અથવા પાણી માટે ગૃહસ્થના કુળ તરફ એક વખત નીકળવાનું કલ્પે છે અને એક વખત પ્રવેશ કરવાનું કલ્પે છે. સિવાય કે તેમના આચાર્યની સેવાનું કારણ હોય, ઉપાધ્યાયની સેવાનું કારણ હોય.

તપસ્વી કે રોગી સાધુની સેવાનું કારણ હોય, જેમની દાઢી, મૂછ અથવા બગલામાં કેશ ન આવેલા હોય એવા લઘુ(બાળ)શ્રમણ શ્રમણીઓની સેવાનું કારણ હોય અર્થાત્ જો તેમાંથી કોઈ કારણ વિદ્યમાન હોય ત્યારે એકથી અધિકવાર પણ ભિક્ષાને માટે જવાનું કલ્પે છે.

[સૂત્ર-૨૮૧]

વર્ષાવાસમાં રહેલા ચતુર્થભક્ત (એક ઉપવાસ) કરવાવાળા ભિક્ષુને માટે એ વિશેષતા છે કે તે ઉપવાસ પછી સવારની ગોચરીને માટે નીકળીને પ્રથમ વિકટક (સ્પષ્ટ-શુદ્ધ) અર્થાત્ નિર્દોષ ભોજન કરીને અને નિર્દોષ પાણી પીધા પછી પાત્ર સાફ કરીને ધોઈને જો તેટલા જ આહાર-પાણીથી નિર્વાહ થઈ શકતો હોય તો તેટલા જ ભોજન-પાણી લઈને ચલાવે.

જો તેટલાથી નિર્વાહ ન થઈ શકતો હોય ત્યારે તેને ગૃહપતિના કુળ તરફ બીજી વખત પણ નીકળવાનું અને પ્રવેશ કરવાનું કલ્પે છે.

[સૂત્ર-૨૮૨]

વર્ષાવાસમાં રહેલા છટ્ઠ કરવાવાળા ભિક્ષુને ગૌચરીના સમયે આહારને માટે કે પાણીને માટે ગૃહસ્થના કુળ તરફ બે વાર નીકળવુ અને પ્રવેશ કરવું કલ્પે છે.

[સૂત્ર-૨૮૩]

વર્ષાવાસ સ્થિત અટ્ઠમ કરવાવાળા ભિક્ષુને ગૌચરીના સમયે આહારને માટે અથવા પાણીને માટે ગૃહસ્થોના કુળ તરફ ત્રણ વાર નીકળવાનું અને પ્રવેશ કરવાનું કલ્પે છે.

[સૂત્ર-૨૮૪]

વર્ષાવાસ રહેલા વિકૃષ્ટ ભક્ત (અટ્ઠમ ભક્તથી અધિક તપ) કરવાવાળા ભિક્ષુકને આહારને માટે અથવા પાણીને માટે ગૃહસ્થના કુળ તરફ જે સમયે ઈચ્છા હોય તે સમયે નીકળવાનું અને પ્રવેશ કરવાનું કલ્પે છે,

અર્થાત્ વિકૃષ્ટ ભક્ત કરવાવાળા ભિક્ષુકને ગૌચરી માટે બધા વખતે પ્રવેશ કરવાની આજ્ઞા છે.

[સૂત્ર-૨૮૫]

વર્ષાવાસમાં રહેલા નિત્યભોજી ભિક્ષુકને બધી જાતનું અચિત્ત પાણી લેવાનું કલ્પે છે.

[સૂત્ર-૨૮૬]

વર્ષાવાસમાં રહેલા ચતુર્થભક્ત (એક ઉપવાસ) કરવાવાળા ભિક્ષુકને ત્રણ જાતના પાણી લેવાનું કલ્પે છે. જેવા કે – ઉત્સ્વેદિમ (આટાનું ધોવણ) સંસ્વેદિમ (ઉષ્ણ, ઉકાળેલું પાણી) ચાઉલોદક (ચોખાનું ધોવાણ).

[સૂત્ર-૨૮૭]

વર્ષાવાસમાં રહેલા છટ્ઠ કરવાવાળા ભિક્ષુકને ત્રણ જાતનું પાણી પીવાનું કલ્પે છે. જેવું કે – તિલોદક, તુષોદક અને જવોદક.

[સૂત્ર–૨૮૮]

વર્ષાવાસ રહેલા અઠ્ઠમ કરવાવાળા ભિક્ષુકને ત્રણ પાણી લેવાનું કલ્પે છે. જેવું કે આયામ, સૌવીર, (કાંજી) અને શુદ્ધ વિકટ (ઉષ્ણોદક.)

[સૂત્ર–૨૮૯]

વર્ષાવાસમાં અવસ્થિત વિકૃષ્ટ ભક્ત કરવાવાળા ભિક્ષુકને એક ઉષ્ણવિકટ (શુદ્ધ ઉષ્ણોદક) પાણી લેવાનું કલ્પે છે. તે પણ અન્નકણ રહિત હોય તેવું, અન્નકણ યુક્ત પાણી લેવું ન કલ્પે.

[સૂત્ર–૨૯૦]

વર્ષાવાસ રહેલા ભક્ત પ્રત્યાખ્યાની ભિક્ષુકને એક ઉષ્ણવિકટ પાણી લેવાનું કલ્પે છે. તે પણ અન્નકણ રહિત અન્નકણ યુક્ત નહીં. તે પણ કપડાથી ગળેલુ, ગળ્યા વગરનું નહીં. તે પણ પરિમિત, અપરિમિત નહીં. તે પણ જેટલી આવશ્યકતા હોય તેટલું પૂરેપૂરું લેવું કલ્પે પણ અધિક કે ઓછું લેવું ન કલ્પે.

[સૂત્ર–૨૯૧]

વર્ષાવાસમાં રહેલા નિયત સંખ્યાવાળી દત્તિ પ્રમાણે આહાર લેવાવાળા ભિક્ષુકને ભોજનની અને પાણીની પાંચ દત્તિઓ લેવી યોગ્ય છે.

અથવા તો ભોજનની ચાર દત્તિઓ અને પાણીની પાંચ દત્તિઓ, અથવા ભોજનની પાંચ દત્તિઓ અને પાણીની ચાર દત્તિઓ લઈ શકાય છે.

મીઠાની એક કણી જેટલો પણ જેનો આસ્વાદ લઈ શકાય છે તે પણ એક દત્તિ ગણી શકાય છે.

એવી દત્તિ લીધા પછી તે ભિક્ષુકે તે દિવસે તે જ ભોજનથી નિર્વાહ કરવો જોઈએ. તે ભિક્ષુકને બીજી વાર ફરીને ગૃહપતિના કુળ તરફ ભોજનને માટે કે પાણીને માટે નીકળવુ કે પ્રવેશ કરવો તે કલ્પતુ નથી.

[સૂત્ર–૨૯૨]

વર્ષાવાસમાં રહેલા નિષિદ્ધ ઘરનો ત્યાગ કરવાવાળા નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થીઓને ઉપાશ્રયથી માંડીને સાત ઘર સુધી જ્યાં સંખડી (જમણવાર) હોય ત્યાં જવાનું કલ્પતુ નથી.

કેટલાક એમ કહે છે કે ઉપાશ્રયથી જોડેમાં જ આગળ આવવાવાળા ઘરોમાં જ્યાં જમણવાર હોય ત્યાં નિષિદ્ધ ઘરનો ત્યાગ કરવાવાળા નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થીઓને જવુ કલ્પતુ નથી.

કેટલાક એમ પણ કહે છે કે ઉપાશ્રયને લાગુ કરીને પરંપરાથી આવતા ઘરોમાં જ્યાં જમણવાર થતો હોય ત્યાં નિષિદ્ધ ઘરનો ત્યાગ કરવાવાળા નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થીઓને જવાનું કલ્પતુ નથી.

[સૂત્ર–૨૯૩]

વર્ષાવાસમાં રહેલા કરપાત્રી ભિક્ષુકને કણમાત્ર પણ સ્પર્શ થાય એ જાતની વૃષ્ટિ હોય (ઝાકળ અને ધુમ્મસ) પડતી હોય ત્યારે ગૃહપતિના કુળ તરફ ભોજન અને પાણીને માટે નીકળવું અને પ્રવેશ કરવો ન કલ્પે.

[સૂત્ર–૨૯૪]

વર્ષાવાસમાં રહેલા કરપાત્રી ભિક્ષુકને પીંડમાત્ર ભિક્ષા લઈને જ્યાં ઘર ન હોય ત્યાં અર્થાત્ ખુલ્લા આકાશમાં રહીને ભોજન કરવાનું કલ્પતુ નથી.

ખુલ્લા આકાશમાં રહીને ખાતી વખતે અચાનક વૃષ્ટિકાય પડે તો જેટલા ભાગને ખાઈ લીધેલ હોય તેને ખાઈને અને વધેલા ભાગને લઈને તેને હાથથી ઢાંકીને અથવા તે ભાગને છાતીથી વળગાડીને રાખે અથવા કાખમાં છૂપાવીને રાખે.

એમ કર્યા પછી ગૃહસ્થોએ પોતાને માટે સમ્યક્ પ્રકારથી જે ઘર ઢાંકેલ હોય તે તરફ જાય અથવા વૃક્ષના મૂળ (નીચે) તરફ જાય.

જે હાથમાં ભોજન હોય તે હાથથી જે રીતે પાણીના ટીપાથી કે ફુવારા વગેરેથી વિરાધના ન થાય તે રીતે પ્રવૃત્તિ કરે.

[સૂત્ર–૨૯૫]

વર્ષાવાસમાં રહેલા કરપાત્રી ભિક્ષુકને કણ માત્ર પણ સ્પર્શ થાય એ રીતે અત્યંત હળવા છાંટા આવતા હોય ત્યારે ભોજન કે પાણી માટે ગૃહસ્થના ઘરની તરફ નીકળવું કે પ્રવેશ કરવો તે કલ્પતુ નથી.

[સૂત્ર–૨૯૬]

વર્ષાવાસમાં રહેલા પાત્રધારી ભિક્ષુકને અવિચ્છિન્ન ધારા વરસાદ વરસી રહેલ હોય ત્યારે ભોજન અને પાણીના માટે ગૃહપતિના કુળ તરફ જવુ કલ્પતુ નથી અને પ્રવેશ કરવાનું કલ્પતુ નથી.

થોડી વર્ષા વરસી રહેલ હોય ત્યારે અંદર સુતરાઉ વસ્ત્ર અને તેના ઉપર ઉનનું વસ્ત્ર ઓઢીને રજોહરણ અને પાત્રને કપડાથી ઢાંકીને ભોજનને માટે અથવા પાણીને માટે ગૃહપતિના કુળ તરફ નીકળવુ કે પ્રવેશ કરવો કલ્પે છે.

[સૂત્ર–૨૯૭]

વર્ષાવાસમાં રહેલા અને ભિક્ષા લેવાની ઇચ્છાથી ગૃહસ્થના કુળમાં પ્રવેશ કરેલા નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થીઓ ને રહી રહીને થોડા થોડા સમયે વર્ષા પડી રહેલ હોય ત્યારે બગીચામાં અથવા ઉપાશ્રયમાં અથવા વિકટ ગૃહમાં (ચોરામાં) કે જ્યાં ગામના લોકો એકત્ર થઈને બેસે છે તે સભા ભવનમાં અથવા વૃક્ષ નીચે જવાનું કલ્પે છે.

ઉપર્યુક્ત સ્થાનો ઉપર ગયા પછી ત્યાં જો પહોંચ્યા પહેલાં જ તૈયાર કરેલ ચોખાનું ધોવણ મળતું હોય તો નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થીઓ ગ્રહણ કરી શકે છે.

તેના પહોંચ્યા પછી તૈયાર કરેલ મસુરની દાળ, અડદની દાળ કે તેલવાળુ સૂપ મળતું હોય તો ચાવલનું ધોવણ લેવાનું કલ્પે છે, પણ મસુર આદિની દાળ લેવાનું કલ્પતુ નથી.

ત્યાં જો શ્રમણોના પહોંચ્યા પહેલાં જ તૈયાર કરેલ મસુરાદિની દાળ મળતી હોય અને ચાવલ ધોવણ તેના પહોંચ્યા પછી તૈયાર કરેલુ પ્રાપ્ત થતું હોય તો તેને દાળ લેવાનું કલ્પે છે, પણ ચોખાનું ધોવણ લેવાનુ કલ્પતુ નથી.

ત્યાં પહોંચ્યા પહેલાં જ જો બન્ને વસ્તુઓ તૈયાર કરેલી મળતી હોય ત્યારે તેને બન્નેય વસ્તુઓ લેવાનું કલ્પે છે.

ત્યાં પહોંચ્યા પહેલાં જો બંને વસ્તુઓ પ્રારંભથી જ તૈયાર કરેલી ન મળતી હોય અને તેમના પહોંચ્યા પછી તૈયાર કરેલી પ્રાપ્ત થતી હોય તો તેને બંને વસ્તુઓ લેવાનું કલ્પતુ નથી.

ત્યાં પહોંચ્યા પહેલાં જે વસ્તુઓ તૈયાર કરેલ હોય છે તે લેવાનું કલ્પે છે પણ પહોંચ્યા પછી તૈયાર કરેલી વસ્તુ લેવાનું કલ્પતુ નથી.

[સૂત્ર–૨૯૮]

વર્ષાવાસમાં રહેલા અને ભિક્ષા લેવાની વૃત્તિથી ગૃહસ્થના કુળમાં પ્રવેશ કરેલા નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થીઓને જ્યારે રહી રહીને વરસાદ વરસી રહેલ હોય ત્યારે કાં તો બગીચાના મૂળ નીચે કે જ્યાં છાંટા ન લાગે અથવા ઉપાશ્રયની નીચે અથવા વિકટગૃહ નીચે અથવા વૃક્ષના મૂળની નીચે ચાલ્યા જવાનું કલ્પે છે.

ત્યાં ગયા પછી પહેલેથી લાવેલ આહારપાણીને રાખીને, સમયને નષ્ટ કરવાનું કલ્પતુ નથી. ત્યાં પહોંચતા જ વિકટક (નિર્દોષ આહાર પાણી)ને ખાઈ પીને પાત્રને સાફ કરીને એકી સાથે સમ્યક્ પ્રકારથી બાંધીને સૂર્ય અવશેષ રહે ત્યાં સુધીમાં ઉપાશ્રય તરફ જવાનું કલ્પે છે, પરંતુ ત્યાં તે રાત્રિ પસાર કરવાનું કલ્પતુ નથી.

[સૂત્ર–૨૯૯] વર્ષાવાસમાં રહેલા અને ભિક્ષા લેવાની વૃત્તિથી ગૃહસ્થના કુળમાં પ્રવેશ

કરેલા નિર્ગ્રન્થ કે નિર્ગ્રન્થીઓને જ્યારે રહી રહીને આંતરા સહિત વરસાદ પડી રહેલ હોય ત્યારે તેમને કાં તો બગીચા નીચે કે ઉપાશ્રયની નીચે યાવત્ ચાલ્યા જવાનું કલ્પે છે.

૧) ત્યાં તે એકલા સાધુને એકલી સાધ્વીની સાથે મળીને રહેવાનું કલ્પતુ નથી.

૨) ત્યાં તે એકલા નિર્ગ્રન્થને બે નિર્ગ્રન્થીઓની સાથે મળીને રહેવાનું કલ્પતુ નથી.

૩) ત્યાં બે નિર્ગ્રન્થોને એકલી નિર્ગ્રન્થીની સાથે મળીને રહેવાનું કલ્પતુ નથી.

૪) ત્યાં બે નિર્ગ્રન્થોએ બે નિર્ગ્રન્થીઓ સાથે મળીને રહેવાનું કલ્પતુ નથી.

ત્યાં કોઈપણ પાંચમાની સાક્ષી રહેવી જોઈએ. ભલેને તે ક્ષુલ્લક હોય કે ક્ષુલ્લિકા હોય અથવા બીજાઓ તેમને દેખી શકતા હોય, બીજાઓની દ્રષ્ટિમાં તેઓ આવી શકતા હોય અથવા ઘરની ચારેય બાજુના દ્વાર ખુલ્લા હોય ત્યારે એ રીતે તેમને એકલા રહેવાનું કલ્પે છે.

[સૂત્ર–૩૦૦]

વર્ષાવાસમાં રહેલા અને ભિક્ષા લેવાની વૃત્તિથી ગૃહસ્થના કુળમાં પ્રવેશ કરેલા નિર્ગ્રન્થને જ્યારે રહી–રહીને આંતર આંતરે વરસાદ પડી રહેલ હોય ત્યારે તેને કાં તો બગીચાની છાયામાં કે ઉપાશ્રયની નીચે જવાનું કલ્પે છે. ત્યાં એકલા નિર્ગ્રન્થને એકલી મહિલાની સાથે મળીને રહેવાનું કલ્પતું નથી. ત્યાં પણ સાથે મળીને નહિ રહેવાના સંબંધમાં પૂર્વ સૂત્રની માફક ચાર ભાંગા સમજી લેવા જોઈએ.

ત્યાં પાંચમાં કોઈપણ સ્થવિર અથવા સ્થવિરા હોવા જોઈએ અથવા બીજાઓની દ્રષ્ટિથી દેખાઈ શકે એવું હોવું જોઈએ અથવા ઘરના ચારેય તરફના દ્વાર ખુલ્લા હોવા જોઈએ, એ રીતે તેને એકલા રહેવાનુ કલ્પે છે.

[સૂત્ર–૩૦૧]

અને એ જ રીતે એકલી નિર્ગ્રન્થીની અને એકલા ગૃહસ્થને મળીને રહેવાના સંબંધમાં ચાર ભાંગા સમજવા જોઈએ.

[સૂત્ર–૩૦૨]

વર્ષાવાસમાં રહેલા નિર્ગ્રન્થ કે નિર્ગ્રન્થીઓને બીજા કોઈને કહ્યા વિના અથવા બીજાઓને સૂચના કર્યા વિના તેમને માટે અન્ન–પાણી, ખાદિમ કે સ્વાદિમ ચારેય જાતનો આહાર લાવવાનું કલ્પતુ નથી.

પ્રશ્ન – હે ભગવન્! આ પ્રકારે કેમ કહેલ છે ?

ઉત્તર – હે શિષ્ય! બીજા દ્વારા કહ્યા સિવાયનો કે બીજા દ્વારા સૂચના આપ્યા સિવાયનો લાવવામાં આવેલો આહાર વગેરે જો તેની ઇચ્છા થશે તો ખાશે. જો ઇચ્છા નહીં થાય તો તે

ખાશે નહિ અર્થાત્ બીજાઓ માટે પૂછ્યા વિના કે બીજાઓના કહ્યા વગર આહાર વગેરે લાવવો ન જોઈએ. કેમ કે પૂછ્યા વિના લાવવામાં આવેલો આહાર જો તેની ઈચ્છા ન હોય અને ઈચ્છા વિના તે ખાય છે, ત્યારે કાં તો તેને રોગ થઈ જશે અને જો તે નહિ ખાય તો પરિષ્ઠાપન દોષ લાગશે.

[સૂત્ર–૩૦૩]

વર્ષાવાસમાં રહેલા નિર્ગ્રન્થ કે નિર્ગ્રન્થીઓને તેના શરીર ઉપરથી પાણી પડતું હોય અથવા તેનું શરીર ભીનું હોય ત્યાં સુધી અન્ન પાણી ખાદિમ (ફળફળાદિ) કે સ્વાદિમ ખાવાનું કલ્પતુ નથી.

[સૂત્ર–૩૦૪]

હે ભગવન્! આપ એમ કેમ કહો છો ?

ઉત્તર – શરીરમાં સાત ભાગ સ્નેહાયતન બતાવવામાં આવેલ છે અર્થાત્ શરીરમાં સાત ભાગ એવા છે કે જ્યાં પાણી ટકી રહે છે. જેવા કે,

૧) બંને હાથ, ૨) બંને હાથની રેખાઓ, ૩) નખ, ૪) નખના અગ્રભાગ, ૫) બંને ભ્રમર ભવા), ૬) નીચેના હોઠ અર્થાત્ દાઢી, ૭) ઉપરના હોઠ અર્થાત્ મૂછો.

જ્યારે નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થીઓને એ માલૂમ પડે કે હવે મારા શરીરમાં પાણીની ભીનાશ બિલકુલ રહેલ નથી. ત્યારે તેને અન્ન, પાણી, ખાદિમ અને સ્વાદિમનો આહાર કરવાનું કલ્પે છે.

[સૂત્ર–૩૦૫]

અહીં નિર્ગ્રન્થ શાસનમાં વર્ષાવાસ રહેલા નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થીઓએ આ આઠ સૂક્ષ્મ જાણવા યોગ્ય છે. પ્રત્યેક છદ્મસ્થ નિર્ગ્રન્થ કે નિર્ગ્રન્થીઓએ ફરી–ફરીને સમ્યક્ પ્રકારથી આઠ સૂક્ષ્મ (આગમથી) જાણવા યોગ્ય છે. ચક્ષુથી જોવા યોગ્ય છે અને સાવધાનીપૂર્વક પ્રતિલેખના કરવા યોગ્ય છે, જેવા કે –

૧) પ્રાણસૂક્ષ્મ, ૨) પનકસૂક્ષ્મ, ૩) બીજસૂક્ષ્મ, ૪) હરિતસૂક્ષ્મ, ૫) પુષ્પસૂક્ષ્મ, ૬) અંડસૂક્ષ્મ, ૭) લયનસૂક્ષ્મ અને ૮) સ્નેહસૂક્ષ્મ.

[સૂત્ર–૩૦૬]

પ્રશ્ન – હે ભગવન્ ! તે પ્રાણસૂક્ષ્મ શું છે ?

ઉત્તર – પ્રાણસૂક્ષ્મ અર્થાત્ અત્યંત બારીક જે સાધારણ નેત્રોથી ન દેખી શકાય તેવા બેઇન્દ્રિય વગેરે સૂક્ષ્મ પ્રાણી.

પ્રાણસૂક્ષ્મના પાંચ પ્રકાર બતાવેલ છે. ૧) કૃષ્ણ રંગના સૂક્ષ્મપ્રાણી, ૨) લીલા રંગના સૂક્ષ્મપ્રાણી, ૩) પીળા રંગના સૂક્ષ્મપ્રાણી, ૪) સફેદ રંગના સૂક્ષ્મપ્રાણી. ૫) લાલ રંગના સૂક્ષ્મપ્રાણી.

અનુદ્ધરી કંથવા નામનું સૂક્ષ્મપ્રાણી કે તે જો સ્થિર હોય, ચાલતું ફરતું ન હોય ત્યારે છદ્મસ્થ નિર્ગ્રન્થ કે નિર્ગ્રન્થીની દૃષ્ટિમાં તરત આવી શકતું નથી. જો તે સ્થિર ન હોય, ચાલતું ફરતું હોય ત્યારે છદ્મસ્થ નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થીનીને તરત જ દૃષ્ટિગોચર થઈ શકે છે. તેથી છદ્મસ્થ નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થીઓએ તેને વારંવાર જાણવા જોઈએ, જોવા જોઈએ, સાવધાનીથી તલ્લીનતાપૂર્વક પ્રતિલેખના કરવી જોઈએ. આ પ્રાણસૂક્ષ્મની વ્યાખ્યા થઈ.

[સૂત્ર–૩૦૭]

પ્રશ્ન – હે ભગવન્! તે પનકસૂક્ષ્મ શું છે ?

ઉત્તર – અત્યંત બારીક કે જે નેત્રોથી ન દેખી શકાય તેવી લીલ–ફૂગ (શેવાળ) પનકસૂક્ષ્મ છે.

પનકસૂક્ષ્મના પાંચ પ્રકાર બતાવેલ છે. જેમ કે, (૧) કૃષ્ણપનક, ૨) લીલીપનક, ૩) લાલપનક, ૪) પીળીપનક અને ૫) સફેદપનક.

તાત્પર્ય એ છે કે લીલ, ફૂગ, ફૂગી, શેવાળ કે જે અત્યંત બારીક હોય છે, તે વસ્તુની સાથે મળેલી હોવાના કારણે તેના જેવા રંગની હોય છે તેથી તે તરત જ દેખી શકાતી નથી.

તેથી છદ્મસ્થ નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થીએ સમ્યક્ પ્રકારથી જાણવી જોઈએ. જોવી જોઈએ અને તેની પ્રતિલેખના કરવી જોઈએ. આ છે પનકસૂક્ષ્મની વ્યાખ્યા.

[સૂત્ર–૩૦૮]

પ્રશ્ન – હે ભગવન્ ! બીજસૂક્ષ્મ શું છે ?

ઉત્તર – જે બીજ સાધારણ નેત્રોથી ન જોઈ શકાય તે બીજસૂક્ષ્મ છે. તે બીજસૂક્ષ્મ પાંચ પ્રકારના છે –

૧) શ્યામ બીજસૂક્ષ્મ, ૨) લીલા બીજસૂક્ષ્મ, ૩) લાલ બીજસૂક્ષ્મ, ૪) પીળા બીજસૂક્ષ્મ, ૫) સફેદ બીજસૂક્ષ્મ.

નાનાથી નાના કણના સમાન રંગવાળા બીજસૂક્ષ્મ કહેલ છે અર્થાત્ જેવા રંગના અન્નના કણ હોય તેવા જ રંગના બીજસૂક્ષ્મ હોય છે.

છદ્મસ્થ નિર્ગ્રન્થ કે નિર્ગ્રન્થીએ તેને વારંવાર જાણવા જોઈએ અને પ્રતિલેખના કરવી જોઈએ. આ બીજસૂક્ષ્મની વ્યાખ્યા થઈ.

[સૂત્ર-૩૦૯]

હે ભગવન્ ! તે હરિતસૂક્ષ્મ શું છે ?

ઉત્તર – હરિત અર્થાત્ અભિનવ ઉત્પન્ન થયેલ અત્યંત બારીક નેત્રોથી પણ ન નિહાળી શકાય તેવું હરિત તે હરિતસૂક્ષ્મ પાંચ પ્રકારના કહેવામાં આવેલ છે.

તે જેમ કે, ૧) કૃષ્ણ હરિતસૂક્ષ્મ, ૨) લીલા હરિતસૂક્ષ્મ, ૩) લાલ હરિતસૂક્ષ્મ, ૪) પીળા હરિતસૂક્ષ્મ, ૫) સફેદ હરિતસૂક્ષ્મ.

આ હરિત સૂક્ષ્મ પૃથ્વી ઉપર ઉત્પન્ન થાય છે. જે પૃથ્વીનો જેવો રંગ હોય છે, તેવા જ રંગના તે હરિત સૂક્ષ્મ હોય છે. છદ્મસ્થ નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થીએ તેમને વારંવાર જાણવા જોવા અને પ્રતિલેખના કરવી જોઈએ. આ હરિત સૂક્ષ્મનું કથન થયું.

[સૂત્ર-૩૧૦]

હે ભગવન્ ! તે પુષ્પસૂક્ષ્મ શું છે ?

ઉત્તર – જે પુષ્પ અત્યંત બારીક હોય, સાધારણ નેત્રોથી ન નિહાળી શકાતુ હોય. જેવી રીતે વડ, ઉંબરા વગેરેના ફૂલ. શ્વાસમાત્રથી જેની વિરાધના થઈ શકે તે પુષ્પસૂક્ષ્મ હોય છે. તે પુષ્પસૂક્ષ્મ પાંચ પ્રકારના છે.

૧) કૃષ્ણ પુષ્પસૂક્ષ્મ, ૨) લીલા પુષ્પસૂક્ષ્મ, ૩) લાલ પુષ્પસૂક્ષ્મ, ૪) પીળા પુષ્પસૂક્ષ્મ, ૫) સફેદ પુષ્પસૂક્ષ્મ.

આવું પુષ્પસૂક્ષ્મ જે વૃક્ષ ઉપર ઉત્પન્ન થાય છે તે વૃક્ષના રંગના જેવા જ રંગવાળા હોય છે. છદ્મસ્થ નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થીએ તેમને સમ્યક્ પ્રકારે જાણવા જોઈએ, જોવા જોઈએ અને પ્રતિલેખન કરવું જોઈએ. આ પુષ્પસૂક્ષ્મનું વિવેચન થયું.

[સૂત્ર-૩૧૧]

પ્રશ્ન – હે ભગવન્ ! તે અંડસૂક્ષ્મ શું છે ?

ઉત્તર – જે ઇંડા અત્યંત બારીક હોય, આંખોથી પણ ન દેખી શકાય તે અંડસૂક્ષ્મ છે.

અંડસૂક્ષ્મ પાંચ પ્રકારના છે. જેવા કે, ૧) મધમાખી વગેરે ડંસ દેવાવાળા પ્રાણીઓના ઇંડા, ૨) કરોળિયાના ઇંડા, ૩) કીડીના ઇંડા, ૪) છીપકલીના ઇંડા, ૫) કાંચીડાના ઇંડો છદ્મસ્થ નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થીએ આ ઇંડા સમ્યક્ પ્રકારે જાણવા જોઈએ, જોવા જોઈએ અને પ્રતિલેખન કરવું જોઈએ. આ અંડસૂક્ષ્મનું વિવેચન થયું.

[સૂત્ર-૩૧૨]

પ્રશ્ન – હે ભગવન્ ! લયનસૂક્ષ્મ શું છે ?

ઉત્તર – લેણ (લયન) અર્થાત્ બિલ (છિદ્ર) કે જે અત્યંત બારીક હોવાથી સાધારણ આંખોથી દેખી ન શકાય તે લયન સૂક્ષ્મ છે. લયનસૂક્ષ્મના પાંચ પ્રકાર છે –

૧) ગધૈયા (ઘોરખોદા) વગેરે જીવ પોતાને રહેવા માટે પૃથ્વીમાં જમીન ખોદીને બિલ બનાવે છે તે ઉત્તિંગલેણ છે. ૨) પાણી સૂકાયા પછી જ્યાં મોટી મોટી તિરાડો પડી ગઈ હોય તેમાં ભોણ (દર) બનાવવામાં આવેલ હોય તે ભીંગુલેણ છે. ૩) બિલભોણ ૪) તાડના મૂળ જેવી આકૃતિવાળા બિલ કે જે ઉપરથી સંકુચિત અને અંદરથી વિસ્તૃત હોય છે તે તાલમૂલક છે. ૫) શંખ જેવી આકૃતિવાળા જે બિલ હોય છે તે શંબૂકાવર્ત જેવા કે ભમરાળ ભોણ.

છદ્મસ્થ નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થીએ આવા દરો–બિલ વારંવાર જાણવા, જોવા અને પ્રતિલેખન કરવા યોગ્ય છે. આ લેણ સૂક્ષ્મનું વિવેચન થયુ.

[સૂત્ર–૩૧૩]

પ્રશ્ન – તે સ્નેહ સૂક્ષ્મ શું છે ?

ઉત્તર – સ્નેહ અર્થાત્ આર્દ્રતા કે જે આર્દ્રતા તરતમાં દૃષ્ટિગોચર ન થાય જેવી કે ધુમ્મસ, કરા, બરફ, ઝાકળ વગેરે) તે સ્નેહસૂક્ષ્મ છે. સ્નેહસૂક્ષ્મ પાંચ પ્રકારના છે.

૧) ઓસ ૨) હિમ ૩) ધૂમ્મસ ૪) કરા ૫) હરિયાળી ભૂમિમાંથી નીકળીને ઘાસના અગ્રભાગ ઉપર જામેલા પાણીના સૂક્ષ્મબૂંદ. છદ્મસ્થ નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થીએ આ પાંચ સ્નેહસૂક્ષ્મ સારી રીતે જાણવા, જોવા અને પ્રતિલેખન કરવા યોગ્ય છે. આ આઠ સૂક્ષ્મોનું વિવેચન થયું.

[સૂત્ર–૩૧૪]

વર્ષાવાસમાં રહેલા ભિક્ષુ આહારને માટે કે પાણીને માટે ગૃહસ્થને ઘેર જવાની કે પ્રવેશ કરવાની ઈચ્છા હોય તો આચાર્ય અથવા ઉપાધ્યાય અથવા સ્થવિર અથવા પ્રવર્તક અથવા ગણિ અથવા ગણધર અથવા ગણાવચ્છેદક અથવા જે કોઈને પ્રમુખ કરીને વિચરણ કરતા હોય તેને પૂછ્યા વિના તે રીતે કરવાનું કલ્પતુ નથી.

આચાર્ય અથવા ઉપાધ્યાય અથવા સ્થવિર અથવા પ્રવર્તક અથવા ગણિ અથવા ગણધર અથવા ગણાવચ્છેદક અથવા જેમને મુખ્ય કરીને વિચરે છે તેને પૂછીને તેને જવાનું અને પ્રવેશ કરવાનું કલ્પે છે.

ભિક્ષુ તેને એ રીતે પૂછે કે – હે ભગવન્ ! આપની આજ્ઞા પ્રાપ્ત થતા ગૃહપતિના કુળ તરફ આહારને માટે કે પાણીને માટે જવાની અને પ્રવેશ કરવાની ઈચ્છા કરુ છું. એ રીતે પૂછ્યા પછી જો તે અનુમતિ આપે તો તે ભિક્ષુને એ ગૃહસ્થના કુળ તરફ આહારને માટે કે

પાણીને માટે નીકળવા અથવા પ્રવેશ કરવાનું કલ્પે છે.

જો તેઓ અનુમતિ ન આપે તો ભિક્ષુને આહારને માટે અથવા પાણીને માટે ગૃહસ્થના કુળ તરફ નીકળવાનું અને તેમાં પ્રવેશ કરવાનું કલ્પતુ નથી.

પ્રશ્ન – હે ભગવન્ ! આપ એમ કેમ કહો છો ?

ઉત્તર – અનુમતિ દેવામાં અથવા ન દેવામાં આચાર્ય પ્રત્યવાય (વિઘ્ન) વગેરેને જાણતા હોય છે.

[સૂત્ર–૩૧૫]

એ રીતે વિહારભૂમિ તરફ જવા માટે અથવા વિચારભૂમિ તરફ જવા માટે અથવા અન્ય કોઈપણ પ્રયોજન માટે અથવા એક ગામથી બીજે ગામ જવા વગેરેની બધી પ્રવૃત્તિઓ માટે આ રીતે અનુમતિ પ્રાપ્ત કરવી જોઈએ.

[સૂત્ર–૩૧૬]

વર્ષાવાસમાં રહેલા ભિક્ષુ કોઈપણ એક વિગઈ ખાવાની ઈચ્છા કરે તો આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, પ્રવર્તક, ગણિ, ગણધર, ગણાવચ્છેદક અથવા જેમને પ્રમુખ માનીને વિચરણ કરતા હોય તેમને પૂછ્યા વિના તેમ કરવાનું કલ્પતુ નથી.

આચાર્ય અથવા ઉપાધ્યાય અથવા સ્થવિર અથવા પ્રવર્તક, ગણિ, ગણધર, ગણાવચ્છેદક અથવા જે કોઈને પ્રમુખ માનીને વિચરણ કરતા હોય તેમને પૂછીને તેને એ રીતે કરવાનું કલ્પે છે.

ભિક્ષુ તેમને આ રીતે પૂછે કે હે ભગવન્ ! આપની આજ્ઞા પ્રાપ્ત થતા હું કોઈપણ એક વિગઈને આટલા પ્રમાણમાં અથવા આટલી વખત ખાવા ઈચ્છુ છું.

એ રીતે પૂછવાથી જો તે તેને અનુમતિ પ્રદાન કરે તો એ રીતે તે ભિક્ષુને કોઈ એક વિગઈ ખાવાનું કલ્પે છે.

જો તે તેમને અનુમતિ ન આપે તો તે ભિક્ષુને કોઈપણ એક વિગઈ ખાવાનુ કલ્પતુ નથી.

પ્રશ્ન – હે ભગવન્ ! આપ એમ કેમ કહો છો ?

ઉત્તર – આચાર્ય પ્રત્યવાયને જાણે છે.

[સૂત્ર–૩૧૭]

વર્ષાવાસમાં સ્થિત ભિક્ષુ કોઈ જાતની ચિકિત્સા કરાવવાની ઈચ્છા કરે ત્યારે તે સંબંધમાં પણ પૂર્વવત્.

[સૂત્ર-૩૧૮]

વર્ષાવાસમાં રહેલા ભિક્ષુ, કોઈપણ જાતના પ્રશસ્ત, કલ્યાણકારી, ઉપદ્રવોને દૂર કરવાવાળા, જીવનને ધન્ય કરવાવાળા, મંગળ કરવાવાળા, સુશોભન અને મોટા પ્રભાવશાળી તપકર્મનો સ્વીકાર કરીને વિચરવાની ઈચ્છા કરે ત્યારે તે સંબંધમાં પણ પૂર્વવત્ જ કહેવુ જોઈએ. અર્થાત્ ગુરુજનોની આજ્ઞા પ્રાપ્ત કરીને જ તપ કરવુ જોઈએ.

[સૂત્ર-૩૧૯]

વર્ષાવાસમાં રહેલા ભિક્ષુએ સૌથી અંતિમ મારણાંતિક સંલેખનાનો આશ્રય લઈને તેના દ્વારા શરીરને ખપાવવાની વૃત્તિથી આહાર પાણીનો ત્યાગ કરીને, પાદપોપગમન થઈને મૃત્યુની અભિલાષા નહી રાખતા વિચરણ કરવાની ઈચ્છા કરે અને સંલેખનાની દૃષ્ટિથી ગૃહસ્થના કુળ તરફ નીકળવાની અને તેમાં પ્રવેશ કરવાની ઈચ્છા કરે અથવા અન્ન, પાણી, ખાદિમ અને સ્વાદિમ આહારની ઈચ્છા કરે અથવા મળમૂત્રની પરિષ્ઠાપનાની ઈચ્છા કરે અથવા સ્વાધ્યાય કરવાની ઈચ્છા કરે અથવા ધર્મજાગરણની સાથે જાગવાની ઈચ્છા કરે તો તે બધી પ્રવૃત્તિ પણ આચાર્ય વગેરેને પૂછ્યા વિના કરવાની કલ્પતી નથી.

આ બધી પ્રવૃત્તિઓના સંબંધમાં પૂર્વવત્ જાણવુ.

[સૂત્ર-૩૨૦]

વર્ષાવાસમાં રહેલા ભિક્ષુ વસ્ત્રને, પાત્રને અથવા કામળીને અથવા પાદપ્રોંછનકને અથવા અન્ય કોઈપણ ઉપધિને તડકામાં તપાવવાની ઈચ્છા કરે અથવા તડકામાં વારંવાર તપાવવાની ઈચ્છા કરે ત્યારે એક વ્યક્તિને અથવા અનેક વ્યક્તિઓને સમ્યક્ પ્રકારે બતાવ્યા વિના ગૃહપતિના કુળ તરફ આહારને માટે અથવા પાણીને માટે નીકળવાનું અને પ્રવેશ કરવાનું કલ્પતુ નથી અથવા અન્ન, પાણી, ખાદિમ કે સ્વાદિમનો આહાર કરવાનું કલ્પતુ નથી. બહાર વિહાર ભૂમિ કે વિચારભૂમિ તરફ જવાનુ કલ્પતુ નથી. અથવા સ્વાધ્યાય કરવા કાયોત્સર્ગ કરવા કે ધ્યાનને માટે અન્ય આસનાદિથી ઊભા રહેવાનું કલ્પતુ નથી.

કોઈ એક અથવા અનેક સાધુ જે ઉપસ્થિત હોય તેમને ભિક્ષુએ આ રીતે કહેવું જોઈએ,

'હે આર્યો ! આપ થોડા વખત સુધી અહીં ધ્યાન રાખો કે જ્યાં સુધી હું ગૃહપતિના કુળ તરફ જઈને આવુ, યાવત્ કાયોત્સર્ગ કરીને આવું અથવા ધ્યાન માટે કોઈ આસનથી ઊભો રહીને આવુ.

જો તે ભિક્ષુકની વાતનો સ્વીકાર કરે અને ધ્યાન રાખવાની સ્વીકૃતિ આપે તો ભિક્ષુકને ગૃહપતિને કુળની તરફ આહાર માટે અથવા પાણી માટે નીકળવુ અને પ્રવેશ કરવુ કલ્પે છે.

યાવત્ કાયોત્સર્ગ કરવાનું કે ધ્યાનને માટે કોઈ આસનથી ઊભા રહેવાનું કલ્પે છે.

જો તે સાધુ કે સાધ્વીઓ તે ભિક્ષુકની વાતનો સ્વીકાર ન કરે અથવા ધ્યાન રાખવાની અસ્વીકૃતિ કરે ત્યારે તે ભિક્ષુને ગૃહપતિના કુળ તરફ નીકળવાનું અને પ્રવેશ કરવાનું કલ્પતુ નથી. યાવત્ કાયોત્સર્ગ કરવો કે ધ્યાનને માટે કોઈ આસનથી ઊભવુ કલ્પતુ નથી.

[સૂત્ર-૩૨૧]

વર્ષાવાસમાં રહેલા શ્રમણો અને શ્રમણીઓને શય્યા અને આસનનો અભિગ્રહ કર્યા વિના રહેવાનું કલ્પતુ નથી. એ રીતે રહેવું તે આદાન છે અર્થાત્ કર્મબંધ કે દોષનું કારણ છે.

જે શ્રમણ અને શ્રમણીઓ આસનનો અભિગ્રહ કરતા નથી, શય્યા કે આસનને જમીનથી ઊંચે રાખતા નથી, વિના કારણે જ તેમને બાંધતા રહે છે, પ્રમાણરહિત આસન રાખે છે, આસન વગેરેને તડકો દેખાડતા નથી, પાંચ સમિતિઓમાં સાવધાની રાખતા નથી, ફરીફરીને પ્રતિલેખના કરતા નથી, પ્રમાર્જન કરવામાં સાવધાની રાખતા નથી, તેમને સંયમની આરાધના કરવી કઠિન બને છે.

આ આદાન (દોષ) નથી કે જે નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થી શય્યા અને આસનનો અભિગ્રહ કરે છે. તેમને ઊંચે અને સ્થિર રાખે છે. તેમને પ્રયોજન વિના ફરી ફરીને બાંધતા નથી. પ્રમાણ પુરઃસર આસન રાખે છે. શય્યા તેમજ આસનને તડકો બતાવે છે, પાંચ સમિતિઓમાં સાવધાન રહે છે. વારંવાર પ્રતિલેખના કરે છે, પ્રમાર્જના કરવામાં પૂર્ણ સાવધાની રાખે છે તેમને સંયમની સાધના કરવી તે સુગમ છે.

[સૂત્ર-૩૨૨]

વર્ષાવાસમાં રહેલા શ્રમણ અને શ્રમણીઓએ શૌચ માટે કે લઘુશંકા માટે ત્રણ સ્થાનોની પ્રતિલેખના કરવાનું કલ્પે છે. જે રીતે વર્ષાઋતુમાં કરવાનું હોય છે તે જ રીતે હેમંત ને ગ્રીષ્મ ઋતુમાં કરવાનુ હોતુ નથી.

પ્રશ્ન – હે ભગવન્ ! એમ કઈ દૃષ્ટિથી કહેલ છે ?

ઉત્તર – વર્ષાઋતુમાં મુખ્યપણે ઈન્દ્રગોપાદિ લઘુજીવ, બીજપનક અને હરિત એ બધા વારંવાર થાય છે.

[સૂત્ર-૩૨૩]

વર્ષાવાસમાં રહેલા શ્રમણ અને શ્રમણીઓને ત્રણ પાત્ર ગ્રહણ કરવાનું કલ્પે છે. તે આ રીતે ૧) શૌચને માટે એક પાત્ર ૨) લઘુશંકાને માટે બીજું પાત્ર ૩) કફ વગેરે થૂંકવા માટે ત્રીજું પાત્ર.

[સૂત્ર–૩૨૪]

વર્ષાવાસમાં રહેલા શ્રમણ અને શ્રમણીને માથા ઉપર ગાયના રૂંવાડા જેટલા પણ વાળ હોય ત્યારે તે રીતે પર્યુષણ પછી તે રાત્રિને ઉલ્લંઘન કરવાનું કલ્પતુ નથી.

**અર્થાત્ વર્ષાઋતુની વીસ રાત્રિ સહિત એક માસની અંતિમ રાત્રિએ ગાયના રોમ જેટલા પણ કેશ માથા ઉપર રાખવાનું ન કલ્પે તે પૂર્વે જ લોચ કરવો.**

પખવાડિયે પખવાડિયે આરોપણા કરવી જોઈએ. અસ્ત્રાથી મુંડવાવાળાએ એકેક માસે મુંડાવવું જોઈએ, કાતરથી મુંડાવવાવાળાએ પંદર દિવસે મુંડાવવું જોઈએ, લોચથી મુંડન થવાવાળાએ છ માસે મુંડન થવું જોઈએ અને સ્થવિરોએ વાર્ષિક લોચ કરવો જોઈએ.

[સૂત્ર–૩૨૫]

વર્ષાવાસમાં રહેલા શ્રમણ અને શ્રમણીને પર્યુષણ પછી અધિકરણવાળી અર્થાત્ હિંસા, અસત્ય વગેરે દોષોથી દૂષિત વાણી બોલવાનું કલ્પતું નથી.

જે નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થી પર્યુષણ પછી એવી અધિકરણવાળી વાણી બોલે તેણે આ રીતે કહેવું જોઈએ. હે આર્ય! આવી જાતની વાણી બોલવાનો આચાર નથી જે આપ બોલી રહ્યા છો. તે અકલ્પનીય છે. આપનો એવો આચાર નથી.

જે નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થી પર્યુષણા પછી પણ અધિકરણવાળી વાણી બોલે છે તેને ગચ્છથી બહાર કરી દેવા જોઈએ.

[સૂત્ર–૩૨૬]

નિશ્ચિત રીતે વર્ષાવાસ રહેલા નિર્ગ્રન્થો અને નિર્ગ્રન્થીઓને આજે જ, પર્યુષણાને દિવસે જ કર્કશ અને કટુ કલેશ ઉત્પન્ન થયેલ હોય તો શૈક્ષ–નાના શ્રમણ રાત્નિક ગુરુજન શ્રમણોને ખમાવી લે અને રાત્નિક (ગુરુજન) પણ શૈક્ષને ખમાવી લે.

ખમવુ, ખમાવવુ, ઉપશમવુ અને ઉપશમાવવુ. કલહના વખતે શ્રમણે સન્મતિ રાખીને સમ્યક્ પ્રકારથી પરસ્પર પૃચ્છા કરવાની વિશેષતા રાખવી જોઈએ.

જે (કષાયોનું) ઉપશમન કરે છે તેને આરાધના થાય છે અને જે ઉપશમન કરતા નથી તેની આરાધના થતી નથી જેથી પોતે જાતે ઉપશમ રાખવો જોઈએ.

પ્રશ્ન – હે ભગવન્ ! એમ શા કારણે કહ્યું છે ?

ઉત્તર – શ્રમણત્વનો સાર ઉપશમ જ છે. તેથી કહ્યું. કહેલ છે.

[સૂત્ર–૩૨૭]

વર્ષાવાસમાં રહેલા શ્રમણ અને શ્રમણીને ત્રણ ઉપાશ્રયને ગ્રહણ કરવાનું કલ્પે છે. ત્રણ

ઉપાશ્રયોમાંથી બે ઉપાશ્રયોની પ્રતિદિન સમ્યક્ રીતે પ્રતિલેખના કરવી જોઈએ અને જે ઉપાશ્રયનો ઉપયોગ કરવામાં આવે છે તેની પ્રમાર્જના કરવી જોઈએ.

[સૂત્ર–૩૨૮]

વર્ષાવાસમાં રહેલા શ્રમણ–શ્રમણીને કોઈ એક નિશ્ચિત દિશા કે વિદિશાને ઉદ્દેશ કરીને ભાત–પાણી માટે ગવેષણા કરવાનું કલ્પે છે.

પ્રશ્ન – હે ભગવન્! એમ કઈ રીતે કહેલ છે?

ઉત્તર – શ્રમણ ભગવંતો વર્ષાઋતુમાં અધિકતર તપમાં સમ્યક્ પ્રકારથી જોડાયેલા હોય છે. તપસ્વી એવા તે શરીરથી દુર્બળ અને થાકેલા હોય છે, કદાચિત્ તે માર્ગમાં મૂર્ચ્છાને પ્રાપ્ત થઈ જાય કે પછી જાય ત્યારે જો તે એક નિશ્ચિત દિશા કે વિદિશામાં ગયેલા હોય તો તે બાજુ શ્રમણ ભગવંત તપસ્વીની ખોજ કરી શકે છે.

[સૂત્ર–૩૨૯]

વર્ષાવાસમાં રહેલા નિર્ગ્રન્થ કે નિર્ગ્રન્થીઓ ગ્લાન અથવા રુગ્ણ (સેવા ઔષધિ વગેરે)ના કારણે યાવત્ ચાર કે પાંચ યોજન સુધી જઈને ફરીને પાછા ફરવાનું કલ્પે છે

અથવા એટલી મર્યાદાની અંદર રહેવાનું કલ્પે છે પરંતુ કાર્યને માટે જે દિવસે જ્યાં ગયેલ હોય ત્યાંનુ કાર્ય પૂર્ણ કર્યા પછી ત્યાંથી શીઘ્ર જ નીકળી જવુ જોઈએ. ત્યાં રાત્રિ વ્યતીત ન કરવી જોઈએ અર્થાત્ રાત્રિ પોતાના સ્થાને જ આવીને વિતાવવી જોઈએ.

[સૂત્ર–૩૩૦]

તે જાતના આ સ્થવિર કલ્પને.

સૂત્રના કથન અનુસાર,

કલ્પ આચારની મર્યાદા અનુસાર,

ધર્મના માર્ગના કથન અનુસાર.

યથાર્થ રૂપથી શરીર દ્વારા સ્પર્શ કરીને, આચરણ કરીને, સમ્યક્ પ્રકારથી પાલન કરીને, શુદ્ધ કરીને અથવા સુશોભન પ્રકારથી દીપાવીને, કિનારા સુધી લઈ જઈને, જીવનના અંત સુધી પાલન કરીને, બીજાઓને સમજાવીને, સારી રીતે આરાધના કરીને અને ભગવાનની આજ્ઞા અનુસાર પાલન કરીને.

કેટલાએ શ્રમણ નિર્ગ્રન્થો તે જ ભવમાં સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થાય છે અને સર્વ દુઃખોનો અંત કરે છે.

કેટલાયે શ્રમણો બીજા ભવમાં સિદ્ધ થાય છે.

કોઈ કોઈ શ્રમણો ત્રીજા ભવમાં સિદ્ધ થાય છે. યાવત્ સર્વ દુઃખોનો અંત કરે છે.

તેઓ સાત–આઠ ભવથી અધિક તો સંસારમાં પરિભ્રમણ કરતા નથી અર્થાત્ અધિકથી અધિક સાત–આઠ ભવોમાં અવશ્ય સિદ્ધ થાય છે યાવત્ સર્વ દુઃખોનો અંત કરે છે.

[સૂત્ર–૩૩૧]

તે કાળે તે સમયે રાજગૃહ નગરના ગુણશિલક ચૈત્યમાં ઘણા શ્રમણોની, ઘણી શ્રમણીઓની, ઘણા શ્રાવકોની, ઘણી શ્રાવિકાઓની, ઘણા દેવોની અને ઘણી દેવીઓની મધ્યમાં બિરાજમાન શ્રમણ ભગવાન મહાવીર આ રીતે કહે છે. આ રીતે ભાષણ કરે છે. આ રીતે બતાવે છે. આ રીતે પ્રરૂપણા કરે છે.

પજ્જોસવણાકલ્પ નામના અધ્યયનને અર્થ સાથે, હેતુ સાથે, કારણ સાથે, સૂત્ર સાથે, અર્થ સાથે, સૂત્ર અને અર્થ બન્નેની સાથે સ્પષ્ટીકરણ પૂર્વક વારંવાર ઉપદેશિત કરે છે, કહે છે, એમ કહું છું.

## મુનિ દીપરત્નસાગર કૃત્
## કલ્પ (બારસા) સૂત્રનો અનુવાદ પૂર્ણ

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [સૂત્ર–603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| [१] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि–मूलं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि–मूलं** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि–मंजूषा** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [२] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र–गुजराती अनुवाद–मूळ** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र–इंग्लिश अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र–गुजराती अनुवाद–सटीक** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [३] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र–सटीकं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति**–1 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति**–2 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [સૂત્ર–603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| 4 | **आगम चूर्णि साहित्य** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**–1 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**–2 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [૪] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा–कोसो** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [सूत्र–प्रा० सं० गु०]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [सूत्र–प्रा० सं० गु० नाम परिचय ]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [૫] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [સૂત્ર–603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम–मूल** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम–सटीक** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र–गाथा अनुक्रम** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

**દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [સૂત્ર-603+DVD] 1,36,000**
**આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070**

| | | | |
|---|---|---|---|
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

**મુનિ દીપરત્નસાગરનું આ પૂર્વેનું સાહિત્ય**

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ DVD તેના કુલ પાના [27,930] |

**અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000**

**અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે**

વેબ સાઈટ:- 1. www.jainelibrary.org 2. deepratnasagar.in
ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397

સંપર્ક:- મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે-ટચ
Post: - ઠેબા, Dis:-જામનગર, ગુજરાત, India. [સૂત્ર-Pin- 361120]

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમીય

# કલ્પ(બારસા)સૂત્ર

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


વેબ સાઈટ:– (1) www.jainelibrary.org (2) deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઇલ 09825967397